
કુમાર

સંસ્થાપક: રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · વર્ષ બત્રીસમું · સળંગ ૩૮૧ મો અંક · સપ્ટેમ્બર ૧૯૫૫

તંત્રી
બચુભાઈ રાવત



સાક્ષરરત્નમ સ્વ. રામનારાયણ વિશ્વનાથ પાઠક
(રવિ ફોટો સ્ટુડિયો · મિર્યાગામ)

તેઓ માત્ર સાહિત્યકાર નહોતા; તેઓ તત્ત્વજ્ઞ ને ચિન્તક હતા: લલિતકળાઓના મર્મજ્ઞ હતા. કાવ્ય-સાહિત્યના અનેક વિશારદ હતા અને આજીવન વિદ્યાર્થી હતા. તેઓ એક વહેતી જ્ઞાનગંગા સમા હતા. તેમની જ્ઞાનસમૃદ્ધિ અત્યન્ત વિપુલ હોવા છતાં તેમનામાં પાર વિનાની નમ્રતા હતી. ભલમનસાઈ પણ અપાર કોટિની હતી. સાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશ કરતાં અનેક યુવકયુવતીઓના તે માર્ગદર્શક હતા. તેઓ ગુજરાતનું એક પરમ સૌભાગ્ય હતા. જીવનનાં અનેક ક્ષેત્રોને તેમણે પોતાની મૌલિકતાથી અજવાળ્યાં છે. ગુજરાતના વિશિષ્ટ સંસ્કૃતિ-નિર્માણમાં તેમણે એક ચિરંજીવી સ્થાન પ્રાપ્ત કર્યું છે.



દક્ષિણ દેશનું કૃષિકાર કુટુંબ : ચિત્રકાર - શ્રી કે. સી. એસ. પણિક્કર

કુમાર
સપ્ટેમ્બર ૧૯૫૫
અંક ૩૮૧

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા-નાટિકા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૰ ૧૭; છૂટક નકલ: બાર આના



અંક ૩૮૦માં મુખપૃષ્ઠ પાછળ પંચવર્ષીય પ્રગતિ માટેના ચિત્રમાં સમજૂતી આપી છે તેમાં સુતરાઉ કાપડના ઉત્પાદન માટે એક પૂર્ણચિહ્ન=૧૦ કરોડ વાર લખ્યું છે તે ભૂલ છે. પરંતુ ૧ પૂર્ણચિહ્ન=૧૦૦ કરોડ વાર જોઇએ.
(અમદાવાદ) —અરુણકુમાર પ્ર. દેસાઈ

ઑગસ્ટના અંકમાં 'ભડલી વાક્ય' અંગે રાજકોટના શ્રી જયંતીલાલ સોમનાથ તરફથી ખુલાસો પ્રગટ થયો છે તેમાં 'વિશાખા એળે જાય'ના અર્થ 'વિશાખા એળે જાય' કહી ધનતેરસને દિવસે વિશાખા નક્ષત્ર હોય એમ સૂચવ્યું છે તેમાં થોડો સુધારો જરૂરી છે.

સ્વાતિ ને વિશાખા બન્ને નક્ષત્રમાં એક સૂર્યનું ને બીજું ચંદ્રનું સમજવાનું છે. તે સિવાય મેળ આવશે નહિ. કારણકે દિવાળીને દિવસે સ્વાતિ આવી શકે પણ ધનતેરશને દિવસે વિશાખા નક્ષત્ર આવવું લગભગ અશક્ય છે. આપણા મહિનાનાં નામ પૂનમના નક્ષત્ર પરથી પડ્યાં છે, એટલે આસો સુદ ૧૫ના રોજ અશ્વિની નક્ષત્ર હોય ત્યારે વિશાખા ૧૬મું નક્ષત્ર હોઇ ધનતેરસને દિવસે આવે. એકાદ તિથિ વધે તો ચૌદમા દિવસે આવે. પરંતુ સ્વાતિ નક્ષત્ર વિશાખા પહેલાં આવે છે ત્યારે ધનતેરસ પહેલાં આવે છે એ જોતાં આ દોહરાનો અર્થ એ થઈ શકે કે દિવાળીએ ચંદ્ર સ્વાતિ નક્ષત્રમાં હોય અને ધનતેરસને દિવસે સૂર્ય વિશાખા મહાનક્ષત્રમાં હોય. સૂર્ય એક નક્ષત્રમાં ૧૩ થી ૧૪ દિવસ રહે છે. વિશાખા તુલા રાશિનું નક્ષત્ર છે અને આસો માસમાં તુલા સંક્રાંતિ આવે છે તે જોતાં આ અર્થ વધારે બંધબેસતો જ્યોતિષ દૃષ્ટિએ લાગે છે.
(કોલંબો) —રેવાશંકર બરડવાળા

'કુમાર' અંક ૩૭૮ વાંચી થોડું લખવા પ્રેરાયો છું. જિમ કૉર્બેટ વિષે લખતાં 'કોઈ પણ પ્રાણીને નિરર્થક મારવું તેમને ગમતું નહિ' વાંચી એવો ભાસ થાય છે કે એ પંખીઓના શિકાર નહિ કરતા હોય. વાસ્તવમાં ભોજન માટે એ Peafowlના શિકાર કરતા જ હતા.

આદર્શ શિકારીની વાત ભલી; પણ તે એક આદર્શ યોગ્ય ઉદાર માનવ-આત્મા હતા તે નથી નોંધાયું. એમની વીસ વર્ષની મોકેમા ઘાટની નોકરીના પ્રસંગચિત્રો એમને માનવ તરીકે ખૂબ ઊંચા દર્શાવે છે. 'કુમાર'ના ટૂંકા સ્કેચમાં એ વાત (નોકરી) સમાવાઇ હોત તો ઘણું સારું થાત. જેમણે એમનાં 'જંગલ લોર' અને 'માઇ ઇન્ડિયા' વાંચ્યાં છે તેમને એ મોકેમા ઘાટ પરના નોકર, સ્ટેશન-માસ્તર, ચપરાશી, વહાણમાંથી ઊતરી જંગાકાંઠે મરવા સૂતેલા શેઠ વગેરે ચિત્રો જિમ કૉર્બેટનો માનવપ્રેમ સૂચિત કરશે. પોતે જ્યાં રહેતા એ ગામને ફરતી ભીંત ચણાવી આપેલી વ. પણ એમનાં ઉદાર આત્માની સાક્ષી પૂરે છે. મારા કહેવાનો ભાવાર્થ એ છે કે સામાન્ય વાચક એમને મહાન શિકારી તરીકે પૂજશે પણ જો એમને માનવપ્રેમી તરીકે પણ સાથે સાથે આલેખ્યા હોત તો એની છાપ વધુ સ્પષ્ટ ઊપડત. सबार अुपरे मानब ताहार अुपरे केउ नाई એવું શ્રી રવિબાબુ પણ કહી ગયા છે.

'કુમાર'ના અંક સ્ટિચ થઇને આવે છે, પણ એનાં વચ્ચેનાં પાનાં ઘણી વાર સ્ટિચ પાર નીકળી જઈ છુટ્ટાં પડી જાય છે. એ માટે અંક મળતાં જ અંકને દોરીથી સીવી લેવાની યા સ્ટિચ પર નાનકડી ગુંદર પટ્ટીઓ ચોટાડી દેવાની રીત અંકને તૂટતો બચાવશે.

મુ. શ્રી હરિનારાયણભાઈ 'જંગલનો બાદ' જેવી બીજી શિકારકથાઓ આપે તેમ ઇચ્છીએ.

અંક ૩૮૦ પૃ. ૩૩૦માં 'ગુજરાતનાં પક્ષીચિત્રોનું છાપકામ પુસ્તકને અન્યાય કરી બેસે છે' એ સાથે સહમત થાઉં છું પણ શ્રી પ્રદ્યુમ્ન દેસાઇનો પક્ષિ-પરિચય સરળ હોય છે એ હું માનતો નથી. ભાષા ભૂલોવાળી, ક્લિષ્ટ ને બાળકોને ગળે ન ઊતરે તેવી છે. વર્ણનની ભાષા વૈજ્ઞાનિક ઢબે ચુસ્ત દુરસ્ત નથી. વિગતો પણ બાળકો માટે ઘણે ઠેકાણે બિનજરૂરી છે.
(ચાંગા) —છોટુભાઈ સુથાર

જુલાઇના અંકમાં 'ચિદમ્બરમ્' લેખના નામના અક્ષરોમાં પહેલો અક્ષર હિન્દીનો છે, જ્યારે બીજા ગુજરાતીમાં છે. આ હેતુપૂર્વક કરવામાં આવ્યું છે કે ભૂલને લીધે બન્યું છે?
(રાજકોટ) —જયમલ જેસંગ

[*એ ઈરાદાપૂર્વક છે. ગુજરાતી લિપિ એ દેવનાગરી (હિંદી) ઉપરથી ઊતરી આવેલી સર્વ લિપિઓમાં તેની વધુ નજીકની, વફાદાર, વાચનક્ષમ અને સુંદર લિપિ છે, અને જો તેના માત્ર ૯ અક્ષરો ફેરવીને દેવનાગરીની નજીક લાવવામાં આવે તો ગુજરાતી લિપિ શિરોરેખા વિનાની દેવનાગરી જેવી જ બની રહી ભવિષ્યમાં રાષ્ટ્રલિપિનું સ્થાન લઈ શકે એવી તેની શક્યતા છે, એમ આ લખનારની આજ પાંત્રીસ વર્ષ જૂની માન્યતા છે. થોડાં વરસ પર મુંબાઇ સરકારે મુંબાઇ રાજ્યની બે મુખ્ય ભાષાઓ (ગુજરાતી અને મરાઠી)માં વપરાતી લિપિઓ દેવનાગરી અને ગુજરાતીના સ્વરૂપમાં કેવા ફેરફાર કરવાથી તેઓ વધુ નજીક આવીને રાજ્યના એકરૂપત્વમાં સહાયભૂત થાય તે પર વિચાર કરી સલાહ આપવાને શ્રી કાકાસાહેબ કાલેલકરના અધ્યક્ષસ્થાને એક 'લિપિસુધાર સમિતિ' નીમી હતી (જે સમિતિ પર કામ કરવાની આ લખનારને તક મળી હતી). એ સમિતિનો રિપોર્ટ ગુજરાતી અને મરાઠી બંને ભાષાઓમાં મુંબાઇ સરકારે પ્રકટ કર્યો છે (જે નજીવી કિંમતે વેચાતો મળી શકે છે). તેમાં એ માટેના લિપિના જે જુદાજુદા નમૂનાઓ આપ્યા છે તેમાં આ પ્રકારના સુધારા દર્શાવતા મરોડો પણ આપ્યા છે. થોડાં વર્ષો પર ગુજરાતી સાહિત્ય પરિષદે પણ લિપિ-સુધારણાને અંગે ઠરાવ કરેલો તેમાં પણ નવ અક્ષરોનાં આવાં રૂપ સૂચવેલાં. એને અનુરૂપ જ ઉપર્યુક્ત લેખના અક્ષરો યોજવામાં આવ્યા છે. આ વિષય સ્વતંત્ર લેખ માગી લે છે, જે ભવિષ્યમાં કોઈ વાર રજૂ કરવા ધારણા છે—તંત્રી]

'કુમાર'માં શિલ્પ વ. કલાઓ પાછળ નકામાં પુષ્કળ પાનાં અને ફોટાઓ આપો છો. મોટા ભાગના વાચકોને તેમાં રસ નથી હોતો તેમ મેં જોયું છે. વળી 'કુમાર' કુમારો માટેનું માસિક છે, નહિ કે ફક્ત કલાપ્રિય વાચકોનું. તેને બદલે કટાક્ષચિત્રો ': દેશવિદેશના ચિત્ર-સમાચાર આપો તો વધુ વાચકો 'કુમાર' તરફ આકર્ષાશે.
(રાજકોટ) —કનકકુમાર ઉદાણી

'કુમાર' બધાં ગુજરાતી માસિકોમાં મને સૌથી પ્રિય છે. તેનાં અનેક કારણોમાં એક કારણ એ કે એમાં વૈવિધ્યતા છે. આ એક જ માસિક એવું છે કે જેમાં કલા વિષે લેખો છપાય છે, કલાકૃતિ વિષે વિવેચન થાય છે. આપણે ગુજરાતીઓ ખાસ કરીને કલામાં એટલા તો પછાત છીએ કે એને વિષે કોઈ વિચાર સરખો આપણને આવતો નથી. હમણાંના 'કુમાર'માં ચિત્રકારોનાં ચરિત્રો આવતાં તે અટકી ગયાં છે. જોકે શિલ્પના લેખો એટલા જ રસદાયી નીવડે છે. તમે કલા અને શિલ્પને વધુ પાનાં આપો તો સાથે જ તમારો એ અવાજ જનસમુદાય સુધી પહોંચે.
(મુંબાઇ) —ભૂપેન્દ્ર

વર્ષામાં

· ગાન ·

(આજ) કાનન કુંજમાં મેહ ઝરે જલ
જેમ રે બકુલ ફૂલ;
ગંધ વહે અવકાશ ભરી, ભીને-
વાન સોહામણી ધૂલ.

આંહિથી તે સુરલોકના ધામનો
રંગધનુમય સેતુ,
નેણ અમીટ રહે, મન માહરું
વ્યોમને મારગ વ્હેતું;
નીલ મહેલ-નિવેશ-ગવેશમાં
ઝૂલતી ઝાકળ ઝૂલ.
(આજ) કાનન કુંજમાં૦

કોઈ ન કયાંય લહાય ને તોય રે
મંદ સુણાય મૃદંગ,
સૂના તે વાસ મહીં અણદીઠનો
પામું સુધામય સંગ;
વાયરો વાય ભલે, નહિ એથી ય
ઊડતું અંગ-દુકુલ.*
(આજ) કાનન કુંજમાં મેહ ઝરે જલ
જેમ રે બકુલ ફૂલ.

રાજેન્દ્ર શાહ

*'વર્ષાથી ભીનું વસ્ત્ર વાયરે ઊડતું નથી' એ સ્થૂલ અર્થ; અને 'ઊડતા અંચલના જેવો પ્રેમ હવે ચંચલ નથી. પ્રેમ બન્યો છે આર્દ્ર, (પ્રૌઢ) ને એટલે જ તો સ્થાયી (ભાવનો).

વિધાતાને

· વસંતતિલકા ·

હે ભાગ્યદેવ! જન કૈં વદતા: પ્રવર્તે
તારી દુહાઈ ભુવને ત્રણ એકચક્રે,
મિથ્યા કરંત તુજ લેખ ન તું કદાપિ,
પામ્યા સિંહાસન, સહ્યા વનવાસ રામ.

સાચું યદિ અમ લલાટ લખેલ તારા
ભૂંસી ન અક્ષર શકે કર કોઈ—તું યે–,
તો રિદ્ધિસિદ્ધિ અમ ભાગ્ય મહીં લખાઈ
તે પામવા તુજ કૃપા તણી યાચના શી!

ને પૂર આપદ તણાં અમ પંથ નિરુંધ્યાં
રોધે ન બંધ બની જો અમીદૃષ્ટિ તારી,
આલંબતો સ્વબળનો તજીને અમૂલ્ય,
તારી સમીપ ઊભવું કયમ હાથ જોડી?

કેદી અમે ન, તું જ નિર્બલ બંદીવાન,
તારા સ્વનિશ્ચય દૃઢે જકડાય પ્રાણ!

જશવંત લ. દેસાઈ

પોતે જ લખેલા લેખ ફેરવી શકવા અશક્ત એવા વિધાતાની ઠાલી દીન કૃપાયાચના કરવા કરતાં પુરુષાર્થના ગૌરવભર્યું ઉન્નત જીવન કાં ન જીવવું?

દેશદર્શન

· પૃથ્વી ·

દીઠો ભરતખંડ ખંડ સરખો વિશાળો અમે,
ભર્યો વિવિધતાથી પંચભૂતના વિલાસો તણી.
કશી સરતી ભૂમિ-પૃષ્ઠ-છવિ રુક્ષ, સોહામણી,
રણો, વન, પહાડીઓ, સરિત ફુલ્લ ક્ષેત્રો ક્રમે!

સમસ્ત ઋતુચક્રની વિલસતી હવા ભોગવી;
કઠોર તડકા, પ્રવાત, કયહીં ઠંડી, કયાં વર્ષણો,
સનાતની ઈસાઈ, ક્રૂસ સહ ચાંદ ઇસ્લામનો,
નિહાળી પચરંગી સર્વ વરણોની લોકચ્છવિ!

અહો, કંઈ પ્રદપ્ત વંશ પરદેશી દેશી તણા—
શકો, હૂણ, મહાર્ય, આંગ્લ, મુઘલો, મરાઠા સમા
વહ્યા અહીંથી લેઈ લેઇ નિજની ધજાઓ, શરુયા.
ઊભો ભરતખંડ નમ્ર ધરી સર્વની મુદ્રણા!

હું ચાહું મુજ દેશ વિશ્વ-ઇતિહાસ-મેળા રૂપે,
ગફૂર સમ તાજ, ગોપુર, ક્રસે અજન્તા-સ્તુપે.

ઉશનસ્

હવે ઘર ભણી

· પૃથ્વી ·

હવે ઘર ભણી વળે સફર—પૃથ્વીનો છેડલો—
વળે મનની ધેન આકુડી પ્રદોષ ટાણે જયમ
ગમાણ ભણી ગૌચરો ચરી, જળો પી, તારોપમ
નિગૂઢ ભવી વત્સ કેરી શ્રવણોત્કટે હાકલો;

દિગંત લગી ઊઘડે ધરતી ગુર્જરીની હવે,
બધું જ પરિચિત ત્યાં અણુ'ણુ વ્યોમ-ભૂમિ-હવા,
દીઠો ભરતખંડ; આ જનમભોમ તો વાહ વા!
ચઢેલ દૂધનો પયોધર શું માતનો પ્રસ્નવે!

વટાવી દીધ ગ્રામસીમ, ચહું ઊમરે ગેહને,
અને ઘરની પ્રીત વેલ સમી વીંટળાતી, અને
પૂછે ઘરની ઓસરી ઉપર બાળ આલિંગને:
'ગયા કયહીં હતા?' લઉં ઊંચકી એ લઘુ દેહને.

ફરીથી ઘરફિક્ર ધારી લઉં હું ખરે, અર્જુન
વિરાટપુર-સીમ જેમ શર સ્કંધ ધારે પુનઃ.

ઉશનસ્

દેશની ભવ્યતાને નિહાળી અંતે કવિ ગૃહના મધુર વાતાવરણમાં કર્તવ્યસંલગ્ન બની જાય છે... અને આહીંથી જ દેશની ભવ્યતા પ્રારંભાય છે ને? 'ભારતદર્શન'નાં બે વધુ સૉનેટ



વત્સલ મિત્ર

તટસ્થ બનીને પાઠક સાહેબ વિષે કંઈ પણ લખવું એ મારે માટે ખરેખર મુશ્કેલ છે. એમના જીવનના કોઈ ને કંઈ ખંડ સાથે જેઓ વણાઈ ગયા હશે તે સર્વને એ મુશ્કેલી નડતી હોવી જોઈએ. દોઢેક દાયકા સુધી મારી પ્રત્યે અવિચ્છિન્ન વહેલા એમના પ્રેમપ્રવાહનું સ્મરણ કરતાં હૈયું ભરાઈ આવે છે. કટુતાના કે કુશંકાના એક પણ પ્રસંગે એ પ્રવાહમાં વિક્ષેપ નાખ્યો નથી. એમના જીવનના કેટલાક મહત્ત્વના પ્રસંગોનો હું માત્ર સાક્ષી જ રહ્યો નહોતો; એમાં કોઈ ને કોઈ ભાગ પણ મારે ભજવવો પડયો હતો. એમનાં એવાં વિશ્વાસ ને પ્રીતિ હું સંપાદન કરી શકેલો તેમાં પણ વડાઈ એમની જ હતી. જેને સ્વજન માન્યો તેનામાં આંખો મીંચીને તેઓ વિશ્વાસ મૂકતા. કોઈની પણ સાથેના સંબંધને પોતાને કારણે તેમણે કલુષિત થવા દીધો હશે એવું ભાગ્યે જ બન્યું હશે.

આ દોઢ દાયકા દરમ્યાન અનેક રસમય વાતો ચર્ચાઓ એમની સાથે કરી છે. એમની સાથે મન મૂકીને નિરાંતે ગપ્પાં પણ માર્યાં છે. આમ સ્વભાવે હું કંઈક શરમાળ પણ હોઈશ, છતાં એમની સાથે વાત કરતાં મારું મન કદી સંકોચ પામ્યું હોય એવું સ્મરણ નથી. ગોઠવીને વાત કરવાની સુઝાં મને ફરજ પડી નથી. એમને મળવાની ક્ષણથી તે છૂટા પડવાની ક્ષણ સુધી 'બાત બાત ઔર બાત'નો જ અનુભવ થયો છે. આમાં પણ સામાના હૃદયનો સંકોચ હરવાની મહાનુભાવતાનો જ પ્રતાપ છે.

ગુજરાત કૉલેજમાં ભણતો હતો ત્યારે એમનાં પ્રત્યક્ષ દર્શન થએલાં. તે પહેલાં એમનો પરિચય એમનાં લખાણોથી જ થએલો. જ્યારે મેં પહેલવહેલા એમને જોયા ત્યારે સૉક્રેટિસ વિષેની મારી કલ્પનાને જે મૂર્તિનો ખપ હતો તે મળી ગઈ એમ લાગેલું તે આજે મને યાદ આવે છે.

પ્રસંગ ૧૯૩૬-૩૭નો હશે. હું બી.એ. થઈને એમ.એ.નું ભણવા સુરત ગયો હતો. બપોરે સુરત પહોંચતા ફાસ્ટમાં ભરૂચ સ્ટેશનેથી હું ચડ્યો. તે દિવસોમાં ટ્રેનોમાં આજે થાય છે તેવી ગિરદી થતી નહોતી. મેં જ્યાં બેઠક લીધી તેની સામેની પાટલી પર ખાદીમાં સજ્જ એવા એક સજ્જન ત્રીજા વર્ગની પાટલી પર બેસવામાં આરામ રહે તે માટે ખાસ કરાવેલી નાનકડી ગાદી ઉપર ગોઠવાયા હતા. હાથમાં ચોપડી હતી ને નિશાની રાખવા માટે એક આંગળી ચોપડીમાં હતી. કશાક વિચારમાં હશે. પાઠક સાહેબને અત્યંત નજીકથી પહેલી જ વાર જોયા. આ પાઠક સાહેબ છે એવી ખાતરી પણ મનને થાય નહિ એટલા બધા નજીક. આવડા મોટા લેખકનું સાન્નિધ્ય આમ અનાયાસે આવી મળ્યું તેથી કંઈક ગભરાટ પણ અનુભવ્યો હશે. એમની નજર મારા પર પડી. મેં હાથ જોડી નમસ્કાર કર્યા ને સસંકોચ પૂછ્યું: 'આપ રામનારાયણ પાઠક છો ને?' એમનું લાક્ષણિક સ્મિત કરીને એમણે પૂછ્યું: 'મને કેવી રીતે ઓળખી કાઢ્યો, કહો જોઈએ? આપણે ક્યાં ય મળેલા ખરા?' એ જ ઉત્સાહ રણકતો સ્પષ્ટ અવાજ અને સામાનો સંકોચ દૂર કરવાની અને સમાનતા સ્થાપવાની તત્પરતા. મને ઘણુંબધું પૂછ્યું. સુરત આવ્યું એટલે અમે બંને ઊતર્યા. એમને જવું હતું શ્રી કંચનલાલ મામાવાળાને ત્યાં, પણ ઘર ભૂલી ગયા હતા. હું એમને ઠેઠ ત્યાં સુધી મૂકી આવ્યો અને અમે છૂટા પડ્યા. છૂટા પડ્યા ત્યારે મારું મન કોઈ અનેરી પ્રસન્નતા અનુભવતું હતું. પાઠક સાહેબ તો એ વાત ભૂલી ગયા.

૧૯૩૭નો જ પ્રસંગ છે. બી.એ.ની ટર્મ ભરતો હતો ત્યારે મેં એક નિબંધિકા લખેલી, પણ છપાવ્યા વિના રાખી મૂકેલી. પાઠક સાહેબના લેખ 'ખરાબ કરવાની કળા'ની જ પ્રેરણાથી એ લખાઈ હશે. એનું શીર્ષક ને વિષયનિરૂપણ કદાચ સુરુચિયુક્ત નહિ પણ હોય. છતાં મુગ્ધ બુદ્ધિથી 'પ્રસ્થાન'માં એ પ્રસિદ્ધ કરવા મોકલી આપી. 'પ્રસ્થાન'ના તંત્રીએ એક અઠવાડિયામાં એ વાંચી કરીને મને પાછી મોકલી આપી. પણ સાથે કાગળ હતો. એ કાગળ મેં ક્યાંક સાચવી રાખ્યો છે પણ અત્યારે તો સ્મૃતિ ઉપરથી જ લખું છું. લખ્યું કે, 'તમારો લેખ મેં છાપ્યો હોત તો કંઈ ઠીક ખોટું ન થાત, પણ મને એમાં સુરુચિનો અભાવ લાગ્યો એટલે પાછો મોકલી આપું છું. પણ આમ જીવનને ખાડી આંખે જોવાનું ચાલુ રાખજો,' વગેરે. તંત્રીના આટલા ઉપચારથી ગર્ભખંડનની લેખકની વેદના ઓસરી ગઈ હોવી જોઈએ.

એમ.એ. થઈને અમદાવાદ આવ્યો ને 'પ્રજાબંધુ'માં જોડાયો, તે પછી ગુજરાત કૉલેજમાં લેક્ચરર પણ નિમાયો. '૩૯–૪૦ના એ ગાળામાં બે વાર ભાઈશ્રી ઉમાશંકર જોશીએ જ એમને મારો પરિચય આપેલો. બંને વખત જાહેર સભાઓમાં જ અમારે મળવાનું થએલું. પણ બીજી વખતે ભાઈશ્રી ઉમાશંકરે પરિચય કરાવ્યો ત્યારે પણ એ પરિચય તો પહેલો જ ગણવાનો હતો. એમણે જ પૂછેલું, 'આ ભાઈ કોણ?' અને ઉમાશંકરભાઈએ ઓળખાણ આપી એટલે કહેલું 'હાં, હાં, હવે યાદ આવ્યું.' પછી ધીમેથી, હેતથી મારે ખભે હાથ મૂકી કહ્યું, 'એવું છે, હું માણસનો

ચહેરો ભૂલી જાઉં છું, પણ એની સાથે કરેલી વાત મને યાદ રહે છે.' પણ એ અધિકાર તો હું મેળવું ત્યારે ને ?

૧૯૪૦માં પાંચેક જેટલા કાવ્યસંગ્રહો નજીક નજીકના ગાળામાં પ્રસિદ્ધ થયા. 'રેખા'ના તંત્રી ભાઈશ્રી જયંતી દલાલે મને એ પાંચે સંગ્રહો ટૂંકામાં અવલોકવાનું કામ સોંપ્યું. ટૂંકામાં તો હું શી રીતે અવલોકું ? 'અર્વાચીન કવિતા' વિશેની નોંધ અને 'વસુધા'ના અવલોકનમાં જ મેં 'રેખા'નાં ખાસ્સાં સાત આઠ પાનાં રોકી લીધાં. 'રેખા'નો એ અંક પ્રસિદ્ધ થયો હશે તે પછી થોડાક દિવસ રહીને એક સાંજે હું મારે ઘેર જઈ રહ્યો હતો ત્યાં ગુજરાત કૉલેજ નજીક સામેથી પાઠક સાહેબ આવી રહ્યા હતા. એ પણ પોતાને ઘેર જ જઈ રહ્યા હશે. મેં એમને નમસ્કાર કર્યા. એમણે નમસ્કાર ઝીલ્યા ને ઊભા રહ્યા. પૂછ્યું, 'કેમ છો ?' આ વખતે એ મને ભૂલી ગયા નહોતા. પેલો મારો લેખ પોતે વાંચી ગયા હતા એમ મને કહ્યું. મને અભિનંદન આપ્યાં. મેં કહ્યું, 'આપ જેવાએ તો મારી ભૂલો બતાવીને મને માર્ગદર્શન આપવું ઘટે.' એ હસ્યા ને કહ્યું : 'કાવ્ય એ અત્યંત અઘરું સાહિત્યસ્વરૂપ છે. ભાવ અને વાણી બંને કેટલી બધી ઉચ્ચતા અને સૂક્ષ્મતા સાધે ત્યારે કાવ્ય બને. કાવ્ય સમજવું એ કંઈ સહેલું નથી. તમે સાચે માર્ગે છો અને લખ્યા કરજો.'

સાહિત્યના પ્રદેશમાં મારા જેવા આગંતુકોને માટે આ પ્રોત્સાહક શબ્દો આશીર્વાદ સમા હતા.

ઉપરના પ્રસંગ ને તે પછી પણ જ્યારે અનાયાસે અમે મળી જતા ત્યારે પોતાને ઘેર આવવાનું આમંત્રણ મને એ હેતથી આપતા. પણ કામ વિના શા માટે અમસ્તા એમના જેવા પ્રવૃત્તિરત સાહિત્યકારના સમય પર આક્રમણ લઈ જવું એ વિચારે મળવાનું મન થાય છતાં હું મનને વારતો. પણ એક સાંજે તો એમણે મને ન્યાલ કરી નાખ્યો, મૂંઝવી પણ નાખ્યો. કશી પણ ખબર અગાઉથી આપ્યા વિના એકાએક 'અરે ભાઈ શુક્લ અહીં જ રહે છે ને ?' કહેતા મારે બારણે આવીને ઊભા રહ્યા. આવો મોટો પ્રતિષ્ઠિત સાહિત્યકાર કશા પણ આમંત્રણ કે આગ્રહની વાટ જોયા વિના મારા જેવા છોકરડાને ત્યાં આવીને ઊભો રહેશે એવું તો મને સ્વપ્ન પણ ક્યાંથી હોય. માંડમાંડ સ્વસ્થ થઈને હું એમને અંદર લઈ ગયો. આખું કુટુંબમંડળ એમની આસપાસ ગોઠવાઇ ગયું. જાણે જુગજુગના સંબંધી ના હોઇએ એમ એમણે તો સૌની સાથે વાતો કરવા જ માંડી. 'સાંજે હું કશું લેતો નથી.' કહી આદરાતિથ્ય કરવાનું પણ માંડી વળાવ્યું અને વાતો જ કરી. મારી બહેનને પૂછ્યું કે 'ગાઓ છો, ખરાં કે ?' અને એક વ્યાખ્યાનમાં એમણે દૃષ્ટાન્ત રૂપે જનોઇમાં બડવાનું ગીત ગવાય છે તે ગાઈ સંભળાવેલું તે મારી બહેનને યાદ હશે તેથી એણે પ્રગલ્ભતાથી કહ્યું : 'બહુ સારું નહીં, પણ તમારા કરતાં સારું ગાઇએ ખરાં !' પાઠક સાહેબ મુક્ત કંઠે હસ્યા અને કહ્યું, 'આવી જાઓ ત્યારે, પારખું કરીએ.' પછી તો મારી બહેન શરમાઇ ગઇ છતાં એણે ગાયું. એના તાલમાં પાઠક સાહેબે સુધારો સૂચવ્યો અને પોતે એ જ ગાઈ સંભળાવ્યું. મારાં માતુશ્રી તો સૌજન્ય અને પ્રસન્નતાની આ મૂર્તિ પર વારી જ ગયાં. તે દિવસથી પાઠક સાહેબ સાથે જે કૌટુંબિક સંબંધ બંધાયો તે આજ સુધી ટક્યો છે. મારા જેવા નાનેરાને ધન્યતાનો અનુભવ કરાવનાર આ મહાનુભાવે સામે મળવા આવીને એટલું શીખવ્યું કે પ્રયોજન વિના યે એમને તો મળી શકાય. એ શિક્ષણ મેં ધરાઇને લીધું તેને પરિણામે મને કેવો લાભ થયો છે તે હું જ જાણું છું. જીવનના મરમજ્ઞ ને રસજ્ઞ સાથેની અનેક વિષયો પરની વાતોથી પણ મારું ઘડતર થયું છે, એ હું કેમ ભૂલું ? આજે કેટલાં બધાં સ્મરણો ઉભરાય છે, પણ એ બધાં આલેખવા મુશ્કેલ છે. આ યુગ મૈત્રીનો છે એમ કહેનાર પાઠક સાહેબે પોતાના એ વિધાનને પોતાના મૈત્રીસંબંધોથી સાર્થક કરી બતાવ્યું હતું. એવા વત્સલ મિત્રની હેતનીતરતી આંખો, ઉત્સાહભર્યો આવકાર અને રસભર વાતોનું કેવળ શમણું જ રહી ગયું !

—યશવંત શુક્લ

સ્વ. રામનારાયણ વિ. પાઠક


માંગલ્યમૂલક પ્રતિભાની એક જ્વલંત જ્યોત આજે વિલાઈ ગઈ છે. ગુજરાતી સાહિત્યના સત્ત્વશીલ લેખક, સૌન્દર્યોપાસક કવિ અને સમર્થ વિવેચક શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠકનું ગયા માસની ૨૧મીએ એકાએક હૃદય બંધ પડી જવાથી અણચિંતવ્યું અવસાન થતાં ગુજરાતી સાહિત્ય ખરેખર રંક બન્યું છે.

તેઓ વિલય પામેલા પંડિતયુગ અને પાંગરતા પ્રયોગશીલ યુગ વચ્ચે સંસ્કારનો સળંગ વ્યવહાર સાધતા સેતુરૂપ હતા. ગુજરાતી ભાષાના એક પ્રકાંડ પંડિત, સમર્થ વિવેચક, પ્રતિભાશાળી કવિ, વિદ્વાન પિંગળકાર, સબળ અને અનન્ય વાર્તાકાર, નિર્દંભ હાસ્યકાર, ઉત્તમ કેળવણીકાર અને વયનું વાર્ધક્ય છતાં પ્રતિક્ષણ તારુણ્ય અનુભવતા નિત્ય પ્રવૃત્તિશીલ એવા સંસ્કારસેવી એ 'પાઠક સાહેબ' ગુજરાતનું અણમોલું ધન હતા. કવિ, નવલિકાકાર, નર્મ સાહિત્યના સર્જક, નિબંધલેખક, સાહિત્યશાસ્ત્ર અને પિંગળશાસ્ત્રના સંશોધક અને વિવેચક, આ બધાં સ્વરૂપે તે તે વિષયના અખિલ ભારતીય પ્રથમ પંક્તિના લેખકોમાં તેઓ નિરપવાદ રીતે સ્થાન પામી શકે તેવા હતા, અને ગુજરાતી સાહિત્યક્ષેત્રે તો તેઓ આ બધા વિષયોમાં સર્વોપરિ હતા.

ધોળકા તાલુકાના ગાણોલ ગામમાં ઈ. ૧૮૮૭ની આઠમી એપ્રિલે (ગોવર્ધનરામનું 'સરસ્વતીચન્દ્ર' બહાર પડ્યું બરાબર તે જ સાલમાં) ઉચ્ચ પ્રશ્નોરા બ્રાહ્મણ કુળમાં તેમનો જન્મ થએલો. તેમના પિતાનું નામ વિશ્વનાથ સદારામ પાઠક અને માતાનું નામ આદિતબાઇ કરસનજી મહેતા હતું. પિતા પોરબંદર રાજ્યમાં વિદ્યાધિકારી હતા. તેઓ સંસ્કૃત ભાષાના વિદ્વાન હતા. પંચદશી ગીતા આદિ ધર્મગ્રંથો તેમણે ગુજરાતીમાં અનુવાદરૂપે ઉતારેલા.

આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાં ઈ. ૧૯૩૦ના જૂન અંકમાં 'બે સંસ્કાર ચિત્રો' આલેખતાં શ્રી રવિશંકર રાવળે આપેલો એમનો નિકટનો પરિચય અહીં ઉતારવા જેવો છે, કેમકે બાળપણમાં તેઓ સ્વર્ગસ્થના શાખપાડોશી તરીકે રહેલા.

'બટુભાઇ(રામનારાયણભાઈના અંગત સંબંધીઓ એમને એમના એ નાનપણના નામે જ ઓળખતા)ના પિતાશ્રી વિશ્વનાથ પાઠક રાજકોટની મેઈલ ટ્રેઇનિંગ કૉલેજના અધ્યાપક હતા. ત્યારે અમે પડોશમાં રહેતા. તેમની વિદ્વત્તા ને સંસ્કૃત અભ્યાસ માટે આખા કાઠિયાવાડમાં તેમનું નામ હતું. વેદાંતના તે પ્રખર અભ્યાસી ગણાતા. જ્ઞાતિએ પ્રશ્નોરા ને ભાળાદ ગામના રહીશ, એટલે જીવન ખૂબ સાદું ને ઊંચા આચારોવાળું હતું. બટુભાઈનાં વાચા અને વર્તનમાં જે અનોખા સંસ્કાર ને તેજ લાગતાં, તે એવા વિદ્વાન અને ચારિત્ર્યસંપન્ન પિતાની છાયા મળવાને પ્રતાપે જ. તેમનાં માતુશ્રી આદિત્યબાઈ ભારે જાજરમાન સન્નારી હતાં. તેઓ કુટુંબ આખા પાસે કુળના આચારો પળાવવાની પૂરી કાળજી રાખતા. સાથેસાથે પોતાના કુટુંબ અને બાળકોના હક્કો માટે ભલા ચમરબંધી સામે પણ મોરચા માંડે એવી જબરી હિંમતવાળાં પણ ખરાં. શ્રી રામનારાયણ પાઠકનું 'પ્રસ્થાન' માસિક જ્યાં છપાતું તે છાપખાનાનું


બુદ્ધનું નિર્વાણ

સાંભળ્યું છે મેં આમ:

શ્રી પાઠકના એક કાવ્યનો એમના હસ્તાક્ષરમાં ઉપાડ

'આદિત્ય મુદ્રણાલય' નામ એ માતાની નામસ્મૃતિ જાળવવા રખાયેલું અને તે એમના નાના ભાઈ તથા સ્થપતિ સ્વ. ગજાનન પાઠકે સ્થાપેલું.

માતાનો કડક અને ઉગ્ર સ્વભાવ બટુભાઈમાં ન આવ્યો, પણ તેમની સત્યપ્રિયતા અને તેજસ્વિતા તો એમનામાં સ્પષ્ટ દેખાતાં. તે સાથે પિતાની નિર્મળ બુદ્ધિમત્તા અને અભ્યાસપ્રિયતા તથા બ્રાહ્મણશીલ બટુભાઈ જેટલાં અન્ય કોઈમાં નથી દેખાયાં. તેઓ ચાર ભાઈ અને તે દરેકમાં એ કુટુંબજનિત બુદ્ધિમત્તા જુદાજુદા પ્રકારે પ્રકટેલી. દરેકમાં પોતાની જીવનપદ્ધતિ ઘડવાનો સબળ સંકલ્પ અને આગ્રહ. એ દરેક જણ ધાર્યું પાર પાડે એવો, અને તેની આડે આવતી કોઈપણ વ્યક્તિથી કે લાજશરમથી દબાય નહિ એવી હિંમતવાળો. પણ મોટા ભાઈ બટુભાઈ આવી હિંમતવાળા છતાં સુજનતાનો અવતાર. પોતાને નુકસાન કરી જનાર પોતાના દ્વેષીઓ તરફ પણ તે ક્ષમતાથી જ વર્તે. ગાંધીજીનું હૃદય ફૂલ કરતાં યે કોમળ છતાં પ્રસંગે વજ્ર જેવું કઠણ બની શકે એમ કહેવાતું. પણ બટુભાઈ તો કદી કઠણ બની શકતા જ નહિ.

બટુભાઈ ભણતા તે દિવસથી તેમની તીવ્ર જિજ્ઞાસા અને અભ્યાસપરાયણતા સૌએ જાણ્યાં હતાં. ભાવનગરની આલ્ફ્રેડ હાઇસ્કૂલમાંથી ઊંચે નંબરે મૅટ્રિક પાસ કરી શામળદાસ કૉલેજમાં તેઓ દાખલ થયા. ત્યાં પ્રીવિયસની પરીક્ષામાં પહેલે નંબરે આવ્યા એટલે ત્યાંની 'પરસિવલ સ્કૉલરશિપ' તેમને મળી. પછી મુંબાઈમાં તેમને ગોકુળદાસ તેજપાલ બોર્ડિંગમાં બોર્ડરશિપ મળી એટલે મુંબાઇ ગયા અને વિલ્સન કૉલેજમાંથી ૧૯૦૮માં લૉજિક ને મૉરલ ફિલૉસૉફીના વિષય સાથે બી.એ.માં પહેલા વર્ગમાં પાસ થઈ એ જ કૉલેજમાં દક્ષિણા ફેલો નીમાયા.

સ્વતંત્ર જીવનની ઝંખના એમનામાં શરૂઆતથી જ હતી, એટલે ક્યાંય નોકરી ન લેતાં એલએલ. બી. થઇ અમદાવાદમાં વકીલાત શરૂ કરી. અને પછી સાદરા (મહીકાંઠા એજન્સી)માં ગયા, જ્યાં તેમણે સારી નામના મેળવી. વકીલાતના ધંધામાં પડયા છતાં સત્યપ્રિયતા ને પ્રામાણિકતા તેમણે છોડયાં નહોતાં. ધંધામાં સફળતા મળતી જતી હતી ને જાણીતા થતા જતા હતા. તેવામાં ઇન્ફલ્યુએન્ઝાના વર્ષમાં તેમનાં (પ્રથમ) પત્ની પ્રસૂતિમાં મૃત્યુ પામ્યાં અને તેમનું દાંપત્ય ખંડિત થયું. બહુ નાની ઉમરે વિધુર થયા છતાં તેમણે વાનપ્રસ્થ જેવું એકાંતિક અને અભ્યાસી જીવન જ પસંદ કર્યું. તેમનાં પત્ની એક રમણીરત્ન હતાં. બટુભાઈના જીવનમાં એમણે બહુ સુંદર સાથ દીધો હતો ને એ વખતમાં એવાં સંસ્કારવાળાં દીસિમાન સ્રીપાત્રો ભાગ્યે જ દેખાતાં.

જીવનસાથી ગુમાવતાં બટુભાઇનું દિલ વકીલાતના ધંધા પરથી ઊઠી ગયું અને ઘણા વખતથી જેની ઉમેદ હતી તેવો શિક્ષણનો વ્યવસાય હાથમાં લીધો. ઈ. ૧૯૧૯-૨૦માં શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકનું આમંત્રણ સ્વીકારી તેઓ અમદાવાદની જે. એલ. ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં જોડાયા.

ગાંધીજીના મંત્રી શ્રી મહાદેવભાઈ અને બટુભાઇને મૂળથી જ સારી મિત્રાચારી હતી. મહાદેવભાઈ મુંબાઈમાં સરકારી ઓરીએન્ટલ ટ્રાન્સલેટરના ખાતામાં હતા તે વખતે બટુભાઈ વિલ્સન કૉલેજમાં ફેલો હતા. બંને ગોકુળદાસ બોર્ડિંગમાં સાથે હતા અને પાછળથી 'મગનબાગ'માં કુટુંબ સાથે પણ નજીક જ રહેતા હતા. અસહકારના ઊગમકાળે વિદ્યાપીઠ નીકળી અને બીજી શાળાઓને સરકારનો સાથ છોડી તેમાં જોડાવાનો વખત આવ્યો ત્યારે જે. એલ. ન્યૂ ઇંગ્લિશ સ્કૂલે તેમ ન કરતાં બટુભાઇએ એ શાળા છોડી વિદ્યાપીઠ સ્વીકારી.

ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપક તરીકે તો રામનારાયણભાઇની કારકિર્દી બહુ ઉજ્જવળ છે. ત્યાં બીજા પ્રાંતના અનેક સુસંપન્ન અધ્યાપકોની વચ્ચે ગુજરાતના આ નરરત્ને પોતાના પ્રાંતની બરોબર પ્રતિષ્ઠા અને શોભા જાળવ્યાં. ગુજરાત અને ગુજરાતી ભાષાની સેવા કરવાની અભિલાષા તેમને વિદ્યાપીઠના સંસર્ગમાંથી જન્મી. ઇન્દુલાલ યાજ્ઞિકના 'યુગધર્મ' માસિકમાં 'દ્વિરેફ'ના નામથી ટૂંકી વાર્તાઓ તથા બાજા લેખો અને ગુજરાત પુરાતત્ત્વ મંદિર મારફત કેટલાક અભ્યાસજનિત સુંદર કાર્યથી શરૂઆત કરીને એમણે પોતાની સાહિત્યપ્રવૃત્તિ ઉત્તરોત્તર એકધારી વિકસાવ્યે જ રાખી."

ગુજરાતીના અધ્યાપક તરીકે ઉમાશંકર, સુન્દરમ્, આદિ નવોદિત પ્રતિભાવાન કવિઓને કાવ્યદિશામાં ઉત્તેજન આપવામાં તેમનો ફાળો ગણનાપાત્ર છે. વિદ્યાપીઠ છોડયા બાદ ઈ. ૧૯૩૭થી અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક અને કૉલેજના ઉપાચાર્યપદે તેઓ રહ્યા હતા.

છેક ઈ. ૧૯૨૨માં શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકના 'યુગધર્મ' માસિકના નિર્માણ અને સંચાલનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યા બાદ એ માસિક બંધ પડતાં તેમણે 'પ્રસ્થાન' નામનું એક સાહિત્યનું નમૂનેદાર માસિક સ્થાપીને વર્ષો સુધી તેનું તંત્રીપદ શોભાવ્યું અને તે દ્વારા સાહિત્યના વિકાસ તથા વિવેચનમાં તેમજ કેળવણી અને રાજકારણી પ્રશ્નોમાં સામાજિકોને રસ લેતા કરવામાં તેમણે મોટો ફાળો આપ્યો. સ્વદેશપ્રેમથી પ્રેરાઇને જેલનિવાસ વેઠયો તો ત્યાં પણ જેલના જડ અને એકવિધ વાતાવરણમાં સાહિત્યોપાસના અને સાહિત્યના પ્રશ્નોની ચર્ચા કરી તેમણે ચેતન ને રસ પ્રગટાવેલાં. 'વસન્ત' માસિકમાં તેમજ અન્યત્ર વેરવિખેર પડેલા આચાર્ય આનંદશંકર ધ્રુવના સાહિત્ય, વિવેચન, કેળવણી, ધર્મ અને તત્ત્વજ્ઞાન વિષયક (અનુસંધાન પૃષ્ઠ ૩૬૮મે)

કે. સી. એસ. પણિક્કર

આધુનિક ભારતીય કલાના અગ્રણી પ્રતિનિધિ

લેખક : શાન્તિલાલ શાહ

'આ ચિત્રો તમે જ કર્યાં છે? અગાઉ અભ્યાસ ક્યાં કરેલો? અહીં દાખલ થવું હશે તો તમને તો ઉપલા વર્ગમાં લઈ શકાશે.' મદ્રાસની સરકારી કળાશાળાના આચાર્ય શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીએ નવા આગંતુક જુવાનને ઉદ્દેશીને ઉપરનાં વચનો કહ્યાં. જુવાન તો પ્રથમ મિલનના સંકોચે ને અણધાર્યાં પ્રોત્સાહને સહજ શરમાયો. પછી બોલ્યો, 'જી, મેં જ કર્યાં છે. પણ ક્યાંય પદ્ધતિસરનો અભ્યાસ નથી કર્યો, અનુમતિ આપો તો આ શાળામાં દાખલ થવા ઇચ્છા છે.'

'જરૂર, જરૂર. તમે તો સારું કામ કરી શકશો, દાખલ થઇ જાઓ.'

પણ એમ શાળામાં પ્રવેશ મળવાથી જ, વર્ષોથી જેને માટે પોતે મંથન અનુભવી રહ્યો હતો એ કલાભ્યાસ આ જુવાનથી ચાલુ થઇ શકે એમ નહોતો જ. એ જમાનામાં દક્ષિણ હિંદની રેલવેઓ ગ્રૅજ્યુએટોને પણ જ્યારે પંદરથી વીસ રૂપિયાનો દરમાયો આપતી હતી ત્યારે એ પોતે ટેલિગ્રાફ ઑફિસમાંથી માસિક ૧૦૦ થી ૧૨૫ રૂપિયાનો પગાર લેતો હતો. એવા કાળમાં અતિ દુર્લભ એવી આ જગ્યા છોડી દઇને કલાનો અભ્યાસ શરૂ કરવો—ચીતરતાં શીખવું (કે જેમાં પારંગત થયા પછી યે ફૂટી દમડી મળવાની કોઇને આશા નહોતી એવી કારકિર્દી પસંદ કરવી) એ મૂર્ખાઈ નહિ તો બીજું શું ગણાય? અને આપણા આ જુવાનને પણ એ બધી પરિસ્થિતિનો ખયાલ હતો જ. પોતે કદાચ ચિત્રકળાના ક્ષેત્રમાં આંખો મીંચીને ઝંપલાવી દે તો જેના નિભાવ માટેની તે એકમાત્ર આશા જેવો હતો એ બહોળા કુટુંબનું શું થાય? છતાં આ બધાં જ દૃષ્ટિબિંદુઓથી એણે વિચાર કરી લીધો હતો અને પછી જ પોતાનો કલાભ્યાસ માટેનો નિશ્ચય દૃઢ કર્યો હતો.

કે. સી. એસ. પણિક્કર એ તે યુવાનનું પૂરું નામ. તેની હજી તો ખીલતી આવતી શક્તિ શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી જેવા કડક કલાચાર્યના આશીર્વાદનું સહેજમાં ભાજન બની શકી એ આશ્ચર્યની વાત નથી. તે શક્તિ જન્મથી જ તેને જાણે સહજ હતી. એ કાળનાં કાચી વયનાં યે તેનાં જળરંગી કે કોઇ પણ પ્રકારનાં ચિત્રોમાં અદ્ભુત ફાવટ હતી. જિંદગીને માત્ર ઉંબરે ઊભેલા તે યુવાનની શક્તિને જેમ શ્રી રાયચૌધરી તરત પારખી ગયા તેમ ચિત્રકળાની કારકિર્દીને ઉંબરે તેણે પગ દીધો ન દીધો, ત્યાં જગતે પણ તેને પ્રશંસાથી નવાજી દીધો. વિવેચનમાં ઉદગ્ર પશ્ચિમી કલામીમાંસકોએ તેની ઊઘડતી આવતી સર્જનશક્તિનાં જે વખાણ કર્યાં છે, તે આપણને ભારતવાસી તરીકે ગૌરવાન્વિત કરે એવાં છે. અને આજે તેઓ એ જ શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી સંચાલિત 'મદ્રાસ કળાશાળા'ના ઉપાચાર્યના પદે છે.

મલબાર પ્રદેશના પુનાની તાલુકામાં આવેલા વેલીઅન્કોડ ગામે ઈ. ૧૯૨૧ની ૧૫મી મેએ તેમનો જન્મ થએલો. છ ભાઈ અને ત્રણ બહેનોના બહોળા કુટુંબમાં એ ઊછરેલા હતા. પિતા કોઈમ્બતુરના સિવિલ સર્જન હતા. તેથી તેમને ત્યાં જઈ રહેવું પડેલું.

નાનપણથી જ એમને ચિત્રકળા પ્રત્યે લગની હતી. એમના ધારવા મુજબ કલાભિરુચિનો વારસો એમને પોતાનાં માતા તરફથી મળ્યો છે. પિતા તો કોઈ પણ લલિત કળા કે સાહિત્ય પ્રત્યે અભિરુચિ ધરાવતા નહોતા, જ્યારે માતા હતાં ખૂબ જ લાગણીવશ. સાહિત્યમાં રસ હોવા સાથે રામાયણ, ભાગવત ને સંસ્કૃત ભાષાનું પણ સારું જ્ઞાન એ ધરાવતાં.



શ્રી પણિક્કર કહે છે કે, 'હજુ મને દરરોજ રાત્રે મારી બા રામાયણ ને ભાગવતમાંથી વાતો કહેતાં તે બરોબર યાદ છે. કદાચ મારાં ચિત્રોના સંસ્કારોએ તેમાંથી જ પોષણ મેળવ્યું હોય.'

મદ્રાસની ક્રિશ્ચિયન કૉલેજમાંથી ઇન્ટરની પરીક્ષા પસાર કરી ત્યાં તો ૧૯૨૮માં પિતાનું અવસાન થતાં કુટુંબની બધી જવાબદારી એમના પર આવી પડી, અને એ માટે ઇન્ડિયન ટેલિગ્રાફિક વિભાગની પરીક્ષા આપી ઑપરેટર તરીકેની નોકરી તેમણે સ્વીકારી. તે સમયે તેમનાં બીજાં નાનાં ભાઇ-બહેનો સર્વે ભણતાં હોવાથી તેમને માટે નોકરી સિવાય બીજો વિકલ્પ હતો નહિ.

આમ કુટુંબનિર્વાહ અર્થે તેમણે ૧૯૩૦ થી ૧૯૩૫ સુધી જે પાંચ વર્ષ નોકરી કરી તે સઘળો સમય તેઓ મંથન અનુભવતા રહ્યા. પોતે નક્કી કરેલા ધ્યેય પાછળ 'ફંઇક કરી જવાની' તમન્નાવાળા બે જુવાનો એ ટેલિગ્રાફિક નોકરીમાં તેમના મિત્રો બન્યા હતા. એકને આઝાદીની ચળવળમાં કાર્ય કરી સત્યાગ્રહી થવાની હોંશ હતી, બીજાને સાહિત્યકાર બનવાના કોડ હતા, જ્યારે શ્રી પણિક્કરને ચિત્રકાર થવું હતું. નાનપણથી જ કલા તરફ તેમને દુર્દમ અભિરુચિ હતી, પરંતુ ઘરમાં શાળામાં કે આજુબાજુ તેમને એ અંગે પ્રોત્સાહન કે માર્ગદર્શન આપે એવું કોઇ જ ન હતું. પદ્ધતિસરની તાલીમને બદલે ઘરમાં કે બહાર બધે એમના એ વલણને ઉપેક્ષા ને અવરોધો જ મળતા રહ્યા હોવાથી તેઓ ઊંડું મંથન અનુભવતા રહેલા. પરંતુ અહીં મહત્ત્વાકાંક્ષી ત્રણ જીવો સંજોગવશાત્ ભેગા થઇ ગયા, એટલે ત્રણે અવારનવાર પોતપોતાની યોજનાઓના કિલ્લાઓ ઘડતા અને તેમાં રાચતા.

એક વાર તેઓ પુનાનીથી મદ્રાસ આવ્યા ત્યારે ત્યાંના સંગ્રહસ્થાનમાં મલબારના જ જાણીતા કલાકાર રાજા રવિવર્માના નાના ભાઈ રાજવર્માનાં બે ચિત્રો 'પૂનાનો કિલ્લો' તથા 'મલબારની નહેર' તેમણે જોયાં. અને જોતાંવેંત પોતે પણ (મલબારના હોઇ) આવાં ચિત્રો



'વેરણિયા': મલબારમાં કરેલા એક જૂના સ્કેચ પરથી ઈ. ૧૯૫૦માં કરેલું તૈલરંગી ચિત્ર, જે અમેરિકાના એક ખાનગી કલાસંગ્રહમાં છે.

કેમ ન કરી શકે તેની તાલાવેલી લાગી. તરત ઘેર જઇને રાજવર્મા જેવું જ ચિત્ર ઉપસાવવા પલાંઠી વાળીને તેઓ બેસી ગયા. ચિત્ર રાજવર્મા જેવું ન થતાં તેઓ વળી સંગ્રહસ્થાનમાં જઈ જોઈ આવતા, અને ચિત્રને ફરી મઠારવું શરૂ કરી દેતા. આ તેમના ચિત્રકાર્યની શરૂઆત. એ સમયે મદ્રાસ ફાઈન આર્ટ સોસાએટી (લલિત કલા સંઘ) તરફથી ભરાતાં અખિલ હિંદ ચિત્ર પ્રદર્શનોમાં એક મિસિસ મૅકી (Macikie), જે Pentlandની સહીથી ચિત્રો દોરતાં તેમનાં પ્રકાશમાન તડકાનાં ભારતીય દૃશ્યચિત્રોએ ખાસ્સાયનું આકર્ષણ જમાવેલું. રાજવર્માનાં ચિત્રો જોઈ જાગેલી પણિક્કરની કલાપિપાસાને એ મિસિસ મૅકીનાં ચિત્રોએ પણ ખૂબ ઉત્તેજિત કરેલી. એ ઉપરાંત વિખ્યાત અંગ્રેજ કલાકાર કૅાટમૅનનાં જળરંગી ચિત્રો પણ તેમને ઘણી પ્રેરણા આપતાં. આમ, મદ્રાસ ફાઈન આર્ટ્સ સોસાએટીનાં પ્રદર્શનોમાંથી પ્રેરણાં પીતાંપીતાં તેમણે જે ચિત્રો તે સમયમાં કર્યાં તેને તેમણે પ્રદર્શનોમાં રજૂ કરવા માંડયાં. ઈ. ૧૯૨૮થી ૧૯૩૫ (જે સાલમાં સોસાએટી બંધ પડી ત્યાં) સુધી તેના દરેક પ્રદર્શનમાં તેઓ ચિત્રો રજૂ કરતા રહ્યા. આમ મદ્રાસ કળાશાળામાં દાખલ થયા પહેલાં માત્ર સ્વપ્રયત્નથી જ આટલું તો તેઓ કરી ચૂકયા હતા. આ કાળ તે તેમની ટેલિગ્રાફિક નોકરીનો સમય.

એ પછી, આપણે ઉપર જોયું તેમ, અંતરમાં જાગેલા અનિવાર કલાપ્રેમને વશ થઇને મદ્રાસની કલાશાળામાં દાખલ થવાનું તેમણે મન સાથે નક્કી કરી લીધું. પરિણામે, એ સસ્તાઇના જમાનામાં સોસવાસો રૂપિયાના નાદર પગારની નોકરી જતી કરીને તેમણે ૧૯૩૫માં જ્યારે રાજીનામું આપ્યું ત્યારે તેમના આ ઓચિંતા નિર્ણયથી તેમના વડીલો અને મિત્રો ચમકી ઊઠયા અને સમય વેડફી મારવાનો તથા ભૂખે મરવાનો ચિત્રકળાનો ધંધો છોડી દેવા તેમને કૈં કૈં શિખામણો તથા વિનવણીઓ કરવા માંડયા, પરંતુ પોતાના નિર્ણયમાં મક્કમ



'વરઘોડો': જળરંગી ચિત્ર

રહીને નોકરી છોડી દઇને તેઓ તો સીધા શ્રી રાયચૌધરીને જઈ મળ્યા.

પરંતુ કળાશાળામાં તો નવા શરૂ થતા વર્ષથી એટલેકે જુલાઈ મહિનાથી જ દાખલ થઈ શકાય તેમ હતું, એટલે જુલાઈ સુધીના પાંચ-છ મહિના તેમને નિરર્થક એમ ને એમ વિતાવવાના થયા. એવામાં તેમના પિતાના એક મિત્ર ગ્રેટ ઈસ્ટર્ન ઈન્શ્યોરન્સ કંપનીમાં સારા હોદ્દા પર હતા તેમણે એમને ત્યાં જોડાઈ જવા કહ્યું, ને જુલાઇ સુધી બેસી રહેવા કરતાં કંઇક કામ કરવું સારું એમ સમજી તેઓ ત્યાં જોડાઇ ગયા. ત્યાં પણ થોડા સમયમાં એમણે સારી સફળતા મેળવી હોઈ જુલાઇ મહિનો આવવા છતાં ત્યાંથી તરત છૂટા થવાનું શક્ય ન બન્યું, એટલે દ્વિધામાં ને દ્વિધામાં થોડો વધુ સમય એમણે એ નોકરી ચાલુ રાખી.

છતાં એ દરમ્યાન પણ ચિત્રકળા માટેની એમની ધગશ તો ચાલુ જ હતી, એટલે ફુરસદનો જે કંઈ વખત મળતો તે કલાગ્રંથો તથા ચિત્રોના નમૂના વગેરે જોવા માટે તેઓ મદ્રાસની વિખ્યાત કૉનેમારા લાયબ્રેરી તેમજ મ્યુઝિયમમાં ગાળતા. એક રવિવારની સવારે તેઓ લાયબ્રેરીમાં ચિત્રગ્રંથો ઉથલાવતા હતા ત્યાં મુત્તુસ્વામિ કરીને એક મિત્ર મળ્યા. તેમણે જણાવ્યું કે પોતે બેચાર દિવસમાં કળાશાળામાં દાખલ થવાની પરીક્ષા આપવા જશે. આ સાંભળતાં જ શ્રી પણિક્કરના મનમાં રહેલું કળાશાળામાં જોડાવાનું સ્વપ્નું ફરી પાછું તીવ્રપણે જાગ્રત થયું, ને તુરતાતુરત નિર્ણય કરી બીજે જ દિવસે કળાશાળામાં દાખલ થવાની વિધિ પતાવી આવ્યા.

એમણે એ સ્થિર થએલા નોકરી છોડી દીધી ને તેઓ કલાશાળામાં દાખલ થઈ ગયા. તેમનું સારું કામ જોઇને આચાર્યે તેમને ઉપલા વર્ગમાં બેસાડયા, પરંતુ તેમણે પોતે જ અભ્યાસમાં વધુ વર્ષો આપવાં ધાર્યાં હોવાથી, પોતાને એક ધોરણ નીચે મૂકવાની તેમણે વિનતિ કરી અને આચાર્યે પણ આશ્ચર્ય સાથે તે સહર્ષ સ્વીકારી.

કલાશાળામાં શરૂઆતનાં વર્ષોમાં પણ તેઓ આસાનીથી બેત્રણ ચિત્રો બનાવી નાખતા. આ જોઇ શ્રી રાયચૌધરી પ્રસન્ન થઇને વર્ગમાં સૌની વચ્ચે કહેતા કે 'અરે, તું તો મારા કરતાં યે વધુ કામ કરવા લાગ્યો!' અને આમ તેઓ આચાર્યના વધુ ને વધુ પ્રીતિપાત્ર બનતા રહ્યા. બીજી બાજુ તેમનાં એ ચિત્રોનું વેચાણ પણ ખૂબ સરળતાથી થતું રહ્યું. આ ઊપજમાંથી કલાશાળાના અભ્યાસનો એમનો ખર્ચ નીકળતો. ચિત્રો વેચાવા ઉપરાંત પારિતોષિકો પણ એમને મળતાં રહેતાં. કલકત્તામાં ઈ. ૧૯૩૮માં તેમને વર્ષના શ્રેષ્ઠ જળરંગી ચિત્ર માટેનો સુવર્ણ-ચંદ્રક



'મલબારની માતા': આધુનિક શૈલીમાં કરેલું ચિત્ર



'મંદિરે' : પારીસમાં વખણાએલું ને વેચાઈ ગએલું તૈલરંગી ચિત્ર

મળેલો. ૧૯૩૯નું મુંબાઇનું જળરંગી ચિત્ર માટેનું સર ગિલ્બર્ટ પ્રાઇઝ પણ તેમને મળ્યું. ઉપરાંત, મ્હૈસુર, કોડાઇકેનાલ, મદ્રાસ, દિલ્હી વગેરેનાં ચિત્રપ્રદર્શનોમાં પણ તેમને ઇનામો મળેલાં.

૧૯૩૬માં તેઓ કલાશાળામાં દાખલ થયા ને ૧૯૪૦માં તેનો અભ્યાસ ક્રમ પૂરો કરી ફર્સ્ટ ક્લાસ ડિપ્લોમા મેળવ્યો કે તરત ૧૯૪૧માં એ જ કલાશાળામાં ચિત્રશિક્ષક ને ક્રાફ્ટસ વિભાગ માટેના ડીઝાઈનાર તરીકે નિયુક્ત થયા. ત્યારથી તે આજ સુધી કલાશાળામાં જ તેમણે સેવાઓ આપી છે જેમાંથી તાજેતરમાં જ તેમને વાઇસ પ્રિન્સિપલની જગ્યા મળી છે અને ભવિષ્યમાં શ્રી રાયચૌધરી નિવૃત્ત થયે એમની જગ્યાએ પણ તેઓ જ આવશે.

ઈ. સ. ૧૯૪૭માં કર્નલ રીડ નામના અંગ્રેજે પોતાનો ચિત્રસંગ્રહ ઇંગ્લંડમાં પ્રદર્શિત કરેલો જેમાં શ્રી પણિક્કરનાં પણ ચિત્રો હતાં. તેમાંની તેમની જળરંગી તસ્વીરો ત્યાં સારી પ્રશંસા પામેલી. આજે તો હવે તેઓ આધુનિક શૈલીનાં–એટલે કે નિગૂઢ મનોછાપ ઉઠાવનારાં ઝડપી ભાવચિત્રો–મૉડર્નિસ્ટિક ચિત્રો જ કરે છે; પણ તે અગાઉ ઝીણવટભરી વિગતો ઉતારનારી હૂબહૂ ચિત્રશૈલી—ઍકૅડેમિક શૈલીમાં તેઓ તેની ચરમ સીમા સુધી ઘડાયા છે. તેમનાં ચિત્રોમાં રંગો ઘણાં મિશ્રણોથી ડહોળાયા વિનાના, સ્વચ્છ, તાજા, ને પરબાર્યા ટ્યૂબમાંથી જ મૂકેલા હોવાથી તે તાઝગીભર્યા દેખાય છે. તેઓ આધુનિક (મૉડર્ન) રીતે ચિત્રો કરે છે, તે પણ તેમાં જીવન ને કુદરત સાથેનો સંબંધ પૂરેપૂરો જાળવીને જ. આજના નર્યા મૉડર્નવાદીઓની માફક બિલકુલ સમજાય જ નહિ તેવાં ચિત્રોમાં તેમને ખાસ રસ નથી કેમકે તેમનું ઘડતર રૂઢ ઍકૅડેમિક શૈલીની સાચી સમજ પર મંડાએલું છે. તેમના વિકાસ-કાળ ૧૯૪૦થી તે ૧૯૫૨ સુધીમાં ફ્રૅંક બ્રૅંગવિન નામના કલાકારની અસર હતી કે જે વિશાળ ફલક ઉપર પણ બારીક વિગતોની ચિત્રસંયોજના કરવાની શૈલીનો સ્વામી ગણાતો.

પણ ઈ. સ. ૧૯૪૯ના અરસામાં તેઓ પોતાની જમાવેલી એ હથોટીના બંધિયારપણાથી તીવ્ર અસંતોષ અનુભવવા લાગ્યા. તેમાંથી છૂટવા તેમણે હવે સ્વૈરવિહારી શૈલીથી, સ્વતંત્ર મિજાજથી કામ કરવા માંડ્યું, પણ તે પોતાની જ ઊભી કરેલી શૈલીની આરપાર ન જઈ શક્યું. પોતાના જ તૈયાર કરેલા ઘરમાં, તેઓ ગૂંગળામણ-કેદ અનુભવવા લાગ્યા. એક જ પ્રકારના રંગો, એક જ પ્રકારની રચના, ને એક જ જાતની શૈલીથી બંધાએલું કામ જોઇને તેઓ તીવ્ર અસંતોષ અનુભવી રહ્યા ને તેના અંજપામાં તેમણે ઊંઘ વિનાની રાત્રિઓ વિતાવી.

પણ અંતે આધુનિક યુરોપીય કલાકારોમાંથી પ્રેરણા લઇને તેઓ ધીરેધીરે પોતાની શૈલીના પિંજરામાંથી છૂટી શક્યા ને આજે તો તેઓ ભારતીય શૈલીની ઢબ પર યુરોપીય રંગાવટની અસરનું મિશ્રણ કરીને નવી જ શૈલી ઘડી રહ્યા છે. તેમની તાજેતરની યુરોપની સફરે ત્યાંના કલાવિવેચકો પાસેથી પ્રશંસા મેળવી તેમને એક અચ્છા પ્રયોગવીર તરીકે જાહેર કર્યા છે.

શ્રી પણિક્કરના મત મુજબ કલાકારની પોતાની પ્રગતિસાથે અવનવી ટૅકનિક પણ આગળ ચાલવી જ જોઇએ. લોકોની પ્રશંસા કે ધનોપાર્જન માટે સહેલું સાધન મળ્યાના સંતોષ વડે જો તે પોતાની જ શૈલીમાંથી બહાર ન નીકળી શકે તો તેના જેવું મોત કલાકાર માટે બીજું એકે નથી. પોતાની શૈલી કુશળ રીતે હસ્તગત કર્યા પછી તેમાં પુરાઈ રહેવાને બદલે વધુ ફેરફારવાળી નવી નવી અનેક શૈલીની શોધમાં કલાકારે રહેવું જોઇએ.

આજના યુરોપીય કલાકારોએ જે સિદ્ધ કર્યું છે તેની કે પૂર્વના કલાકારો પહેલાં જે સિદ્ધ કરી ચૂક્યા છે, તેની સરખામણીમાં યુરોપીય ઍકૅડેમિક શૈલીમાં ખૂબ કલાતત્ત્વ રહેલું છે, એમ તેમનું માનવું છે. યુરોપમાં માઇકલ ઍન્જેલોનાં સર્જનો, એમણે ફ્લૉરેન્સ અને રોમમાં જોયાં તે બધાં, કોઇકની તસ્વીરો હોય તેવું તેમને લાગે છે. માત્ર હકીકતનું જ નિરૂપણ કર્યું હોય તેવું એ છે. તેને તેઓ કલાની વ્યાખ્યામાં સ્વીકારતા નથી. એ શિલ્પો જાણે કોઇકને સામે રાખીને બનાવેલાં હોવાથી, તે તે વ્યક્તિના ગુણદોષવાળી જાણે કે વ્યક્તિગત તસ્વીરો જેવાં લાગે છે, જ્યારે ભારતીય કે પૌર્વાત્ય શિલ્પમાં આથી જુદું જ છે. તેમાં માનવનું શિલ્પ હશે કે ઘોડાનું શિલ્પ, બધે માનવ કે ઘોડો એક વ્યક્તિનું રૂપ નહિ ધરતાં તેમાં સમગ્રપણે તે જાતિનું તત્ત્વ ઉતારાએલું જોવા મળશે. તે શિલ્પ સમસ્ત જાતિનું પ્રતિનિધિ રૂપ ભાસશે. આથી જ યુરોપમાં આજે વધુ સ્વતંત્રતાવાળી મૉડર્ન શૈલી શરૂ થઈ છે.

ગત કાલના કુશળ ઇટાલિયન કલાકારો બર્નિની માઈકલ ઍન્જેલો, બ્રાબેન્ટી રાફાએલ, ડી. વિન્ચી, તેમજ રેનેઝાં (પુનરુત્થાન) યુગના કલાકારોનું કામ તે સમયના બીજા કલાકારો કરતાં અવશ્ય ઉત્તમ છે જ, તેમ છતાં તેમનાં સર્જનોમાં પણ બંધિયારપણાની વાસ આવે છે. તેઓ મોકળે મને ચીતરી શકતા નથી. શ્રી પણિક્કરના મત મુજબ



'હાથી'ની લાક્ષણિકતા દાખવતો ૧૯૫૪માં કરેલો ઝડપી ક્રેયૉન સ્કેચ

એ સમયનાં સર્જનોમાં પણ કલાતત્ત્વ ઓછું જણાય છે. તેનું કારણ તેઓ એ જણાવે છે કે ઘણે ભાગે તે બધા કલાકારો જીવનને વાસ્તવદર્શી રૂપમાં જ ચીતરે છે. તેઓ દેખાય તેટલું જ ચીતરી શકતા. એવી જ વાસ્તવિકતા ગ્રીક કળામાં પણ છે. માઈકલ ઍંજેલો ને તે સમયના બીજા કલાકારોએ ગ્રીકમાંથી પ્રેરણા લીધેલી છે તે પણ તેમનાં કામ અંગે જવાબદાર છે. માઈકલે તો થોડાં ગ્રીક શિલ્પોની અનુકૃતિઓ પણ કરેલી.

આ પરિસ્થિતિને તોડવા માટે, તેમાંથી નવાં સર્જનો, નવાં રૂપ ને રંગ આપવા માટેના પ્રયત્નો આજના પિકાસો, માતીસ વગેરે કલાકારો કર્યા છે. એક વખત દે'રાં, (De'rain) અને પિકાસો એક કચુરીઓની દુકાન (જૂનાં શિલ્પ, વાસણો, ચિત્રો વગેરેની દુકાન)માં ગયા. દે'રાંની નજરે હબસીઓની પૂજામાં વપરાતી એક ભાવપૂર્ણ પણ વસ્તુ-આલેખનમાં વાસ્તવિકતાના સ્પર્શ વિનાની મૂર્તિનો નમૂનો પડચો. તે જોઇને તે બોલી ઊઠચો 'આ શિલ્પ આપણા વીનસના શિલ્પ સરખું સુંદર છે.' પછી પિકાસોએ ધીરે રહીને પોતાના હાથમાં તે શિલ્પને ફેરવતાં કહ્યું, 'ના. વિનસ કરતાં આ વધુ સુંદર છે!' કલા બાહ્ય નહિ પણ આંતરતત્ત્વો પર અવલંબે છે તે પર બે પીઢ અને જગત્શ્રેષ્ઠ આધુનિક કલાકારોનો આ પ્રસંગ ઉચિત રીતે પ્રકાશ ફેંકે છે.

ઈ. ૧૯૫૩ના મેની ૧૫મી તારીખે તેઓ કલાપ્રવાસે ઇંગ્લંડ ગયા. અહીંથી તેઓ લંડનની બ્રિટિશ કાઉન્સિલના મહેમાન તરીકે ગયા હતા. ઇંગ્લંડમાં સાંસ્કારિક પ્રવૃત્તિઓ ચલાવતા તે મંડળની મદ્રાસ શાખા મારફત તેમને ત્યાં જવાનું થએલું. ત્યાંના તેમના એક મહિનાના વસવાટ દરમિયાન શરૂઆતમાં તેમણે બ્રિટનના મશહૂર ચિત્રકારો અને શિલ્પીઓ હેનરી મુર, આઇવોન હીચેન્સ પૅટ્રિક હેરન્ વગેરેનો પરિચય સાધ્યો. તેમજ જગમશહૂર વૈજ્ઞાનિક જુલિયન હકસલી અને મિસિસ હક્સલી (જેઓ શિલ્પી પણ છે) તથા કવિ સ્ટીફન સ્પેન્ડર આદિ વિધવિધ શાસ્ત્રોની જાણકાર આગેવાન વ્યક્તિઓની મુલાકાત લઈ તેમણે તેમની સાથે ચર્ચાઓ પણ કરી.

ઇંગ્લંડમાં હતા ત્યારે એમને એમ લાગેલું કે કલાની બાબતમાં ઇંગ્લંડ પર યુરોપ—બલકે પારીસ રાજ્ય કરે છે. છતાં ઑગસ્ટસ જૉન જેવા ગઇ પેઢીના ઍકેડેમીશ્યન (રૂઢ અને પ્રશિષ્ટ) કલાકારો પણ હજુ ત્યાં એટલા જ જાણીતા ને લોકચાહના ઝીલતા રહ્યા છે. ઇંગ્લંડમાં આજના પ્રવાહની આધુનિક (મૉડર્નિસ્ટિક) શૈલી ઉપરાંત બાજુમાં જ જૂની શિષ્ટ શૈલીનું કામ પણ એટલા જ જોરથી ચાલી



'તાંજોરના ઠાકોર': મનની ઝડપી છાપ વ્યક્ત કરતી અદ્યતન શૈલીનું ચિત્ર

રહ્યું છે. બંનેની ગૅલેરીઓ ચિક્કાર હોય છે—ચિત્રોથી તેમજ માનવોથી પણ. આ શૈલીની ગૅલેરીવાળાને સામી ગૅલેરીમાં શું થાય છે તેની પડી નથી હોતી, ને પેલી તરફવાળાને આ ગૅલેરીમાં શું થાય છે તેની તમા નથી. ઇંગ્લંડના લોકો સામાન્યપણે પોતાની માન્યતાઓને ચુસ્તપણે વળગી રહેનારા છે તેનો આ સુંદર પુરાવો છે. જો કે આજના કલાકારો, વિચારકો, તેમજ કલાવિવેચકો પારીસ પાસેથી જ પ્રેરણા લઈ રહ્યા છે, છતાં ગઈ સદીના ઍકેડેમીશ્યનો પ્રત્યે ઇંગ્લંડની પ્રજાએ પોતાનો અહોભાવ કે રસ હજુ ગુમાવ્યો નથી.

શ્રી પણિક્કરનાં ચિત્રોનો લંડનમાં એક 'વન મૅન શો' ત્યાંના ઈન્ડિયા હાઉસમાં ગોઠવવામાં આવેલો, જેનું ઉદ્ઘાટન ઇંગ્લંડ ખાતેના હિંદી હાઇ કમિશ્નર શ્રી જે. એમ. દેસાઇએ કરેલું. એક અઠવાડિયા માટે ગોઠવેલું એ પ્રદર્શન લોકોની માગણીથી વધુ સાત દિવસ માટે ચાલુ રાખવું પડેલું એ એની સફળતાનો પુરાવો છે. એ પ્રદર્શને ઇંગ્લંડની જનતા, ત્યાંના કલાકારો, ને કલાવિવેચકોમાં ખૂબ રસ જાગ્રત કરેલો તેના પુરાવારૂપ જાણીતા કલાવિવેચક લૂઇ ગૉલ્ડશાઇડરનો એકનો જ અભિપ્રાય જોઇએ:

'શ્રી પણિક્કર એવા ઘણા ઓછા ભારતીય કલાકારોમાંના એક છે જેઓ પશ્ચિમની પદ્ધતિમાં તાલીમ પામ્યા છતાં તેનાથી રંગાયા વિના સાંગોપાંગ નીકળી શકચા હોય. તેઓ પદ્ધતિસરની ઍકેડેમિક શૈલીમાં પસાર થઇને પણ ભારતીય રહી શકચા છે.

'તેમનાં ચિત્રો પારીસનાં ચિત્રોના તરજૂમા જેવાં નથી. વળી નથી તેમનાં ચિત્રો મોટાં કરેલાં મુઘલ-રાજપૂત ચિત્રો જેવાં, કે નથી નાનાં કરેલાં ભારતીય ગુફાચિત્રો જેવાં. તેમનાં ચિત્રો અચૂક રીતે ભારતીય હોવા છતાં આજના યુવાન યુરોપીય કલાકારને મુકાબલે જરા યે ઓછાં ઊતરે તેવાં નથી. મને ખાતરી છે કે કલાકારનું નામ કહેવામાં ન આવ્યું હોત તો પણ આ ચિત્રોને મેં કોઈ પણ પ્રદર્શનમાંથી 'એશિયાટિક ચિત્રો' તરીકે નોખાં તારવી કાઢચાં હોત. સાચે જ તે પ્રામાણિક ચિત્રો છે.

'તેમનો છેલ્લો ફાલ ખૂબ ઊંચી કક્ષાનો છે. હું માનું છું કે ભવિષ્યમાં હજુ પણ તેમનાં ચિત્રો વધુ સારાં ને વધુ ભારતીય બનતાં જશે. તેમના રંગો અસલ ભારતીય કલાકારોના રંગો જેટલા ઉત્તમ છે, પણ તેમની રેખાઓમાં હજુ તે પ્રભુત્વ, રસાલ મોહકતા નથી આવી. મને ખાતરી છે કે તેઓને તે પણ સાંપડશે. (અનુસંધાન પૃ. ૩૬૭મે)



. . . . . . એક રૂપિયો

નવીનચન્દ્ર જી. સંઘવી

દીવાલ પરની ઘડિયાળમાં સાડા પાંચ વાગ્યા. છૂટાંછવાયાં વેરવિખેર પડેલાં કાગળિયાં મેં ટેબલ પર એકઠાં કર્યાં ને ફાઈલમાં ક્રમસર ગોઠવી દીધાં. ફાઈલ ટેબલના ખાનામાં મૂકી, ચાવી ઘુમાવી ખાનું બરાબર બંધ થયું છે કે નહિ તે જોવા ખેંચી જોયું. ખુરશી પાસે પડેલાં ચંપલ પહેર્યાં. આમ, કારકુનો ઘેર જવાના સમયે જે જે કામ કરે છે તે પતાવીને હું ઑફિસમાંથી નીકળી પડ્યો.

હજી તો માંડ ચાર-પાંચ ફર્લાંગ ચાલ્યો હોઈશ, ત્યાં મ્યુનિસિપાલિટીનો બગીચો દેખાયો. ત્યાં આજે કોઈ દેશનેતાને માનપત્ર અપાવાનું હતું. દરવાજે ફૂલ–તોરણ લટકાવવામાં આવ્યાં હતાં અને લાલ કાપડ પર રૂ ચોંટાડીને 'સુસ્વાગતમ્' એવા અક્ષરો ચીતરવામાં આવ્યા હતા. 'સુસ્વાગતમ્'નું પાટિયું જોઈ જાણે બગીચો મારું સ્વાગત કરતો હોય તેવું મેં મનોમન અનુભવ્યું. હું અંદર પ્રવેશ્યો તો ખરો, પણ ત્યાં ગમ્યું નહિ. રેડિયોનો કાન ફાડી નાખે એવો અવાજ મારા એકાંતપ્રિય સ્વભાવ સાથે કેમ કરીને મેળ લઈ શકે? એટલે ખૂણામાં પડેલા એક બાંકડા પર જઈ હું બેઠો. આશા હતી કે લાઉડ-સ્પીકરોનો અવાજ ત્યાં તો મારા કાને નહિ અથડાય. પરંતુ એ આશા ખોટી નીકળી. બ્રહ્માનાં ચાર મોંની જેમ 'વાયુવાણી'નાં કેટલાં ય મોં બગીચામાં ચોતરફ ફેલાએલાં હતાં. એનું એક મોં હું જ્યાં બેઠો હતો ત્યાં પણ ઘોંઘાટ મચાવતું હતું.

બગીચામાંના લોકો જાણે કે મારા એકાંતપ્રિય સ્વભાવની ક્રૂર મશ્કરી કરતાં હોય તેમ મને લાગ્યું. મારી તરફ ઉપહાસભરી દૃષ્ટિથી જાણે સૌ જોઈ રહ્યા હતા. મૂર્ખની જેમ મેં બગીચામાં ચોતરફ નજર ફેરવી, તો સૌ પોતપોતાનામાં જ લીન હતા. કોઈની નજર મારા તરફ હતી નહિ. જ્યારે ખયાલ આવ્યો કે એ તો મારા મનનો વહેમ હતો ત્યારે મારી મૂર્ખાઈથી હું શરમાઈ ગયો. મારી આંખો નીચે ઝૂકી ગઈ. ત્યાં તો માટીના એક ઢેફા નીચે કંઈક ચમકતું હોય તેવું દેખાયું. સાંજના ઝાંખા પ્રકાશમાં કોઈ ચીજ ચમકી રહી હતી. ચમકતી ચીજ મેં ઊંચકી લીધી, તો આશ્ચર્ય! મારી હથેલીમાં એક રૂપિયો આવી પડ્યો. ચાંદીનો ચમકતો રૂપિયો—નવો ચકચકિત સિક્કો!

એક સામાન્ય કારકુન! એક રૂપિયો! સામાન્ય કારકુનને મન રસ્તે પડેલ રૂપિયાની કિંમત અસામાન્ય હોય છે. મારું મન પ્રસન્ન થઈ ગયું. હથેળીમાંનો રૂપિયો એકીટશે હું જોઈ રહ્યો ને ખમીસથી લૂછી ખીસામાં સેરવી દીધો. સવારે કોનું શુકનવંતું મોં જોયું હશે કે આજે આમ લક્ષ્મી મળી! પણ યાદ ન કરી શક્યો, એટલે વિચાર બદલ્યો અને હવે કઈ રીતે આ રૂપિયો વાપરવો એના વિચારમાં હું ગૂંથાઈ ગયો.

પણ એ કલ્પના-સૃષ્ટિમાંથી હું તરત વાસ્તવિક જગતમાં ખેંચાઈ આવ્યો. મને આ રીતે ખેંચી લાવ્યાં એક મા અને એનો દીકરો. છોકરો સાતઆઠ વર્ષનો હશે. હીબકાં ભરીભરી એ રડતો હતો. મા એને માર્યે જ જતી હતી, એના ગાલ ને કાન ખેંચતી હતી, એના વાળ ખેંચતી હતી, અને જેમ તેમ ગડદાપાટુ લગાવ્યે જતી હતી. છોકરો રડ્યે જતો હતો—હોઠ દબાવીને રડતો હતો. મા ગુસ્સાની આગમાં સળગતી હતી.

'કેમ, રૂપિયો ક્યાં ખોઈ નાખ્યો?' માનો અવાજ મારે કાને અથડાયો.

'ખોવાઈ ગયો મા...પણ હવે મને માર મા.' છોકરે હીબકાં ભર્યાં.

'તને તો દાણા લેવા મોકલ્યો'તો ને? અહીં શું દાટ્યું હતું તે અહીં આવી મર્યો?' કંઈ જવાબ ન મળ્યો. હીબકાં વધતાં જ ચાલ્યાં.

'છાનો મર...' ગુસ્સે થઈ પેલી બાઈ બોલી, 'ક્યાં ખોઈ નાખ્યો? ક્યાં રઝળતો હતો, બોલ! મારી ય અક્કલ બહેર મારી ગઈ કે રોયાને રૂપિયો આપ્યો ને રૅશન લેવા મોકલ્યો.'

છોકરાના મોંમાંથી એક પણ શબ્દ ન નીકળ્યો. માએ ગુસ્સે થઈને એના ગાલ પર બે તમાચા ચોડી દીધા ને બોલી, 'તારો બાપ આવીને પૂછશે એને હું શો જવાબ દઈશ? અભાગિયો નહિ તો! એક તો તેં જીવ ખાધો ને હવે તારો બાપ મારો જીવ ખાશે કે તેં એને રૂપિયો આપ્યો જ કેમ? રૂપિયો નહિ મળે તો તને જીવતો જ નહિ છોડું.'

મને સમજ પડી ગઈ કે એ રૂપિયો આ લોકોનો છે. માએ છોકરાને અનાજ લેવા બજારમાં મોકલ્યો; પણ બગીચાનાં રંગ–રોશની જોઈને છોકરો અહીં ખેંચાઈ આવ્યો હશે, અહીં રમવા લાગ્યો હશે, રમતાંરમતાં એના ખીસામાંથી રૂપિયો પડી ગયો હશે, છોકરાને એનો ખયાલ પણ નહિ હોય, ઘેર પહોંચતાં મોડું થયું એટલે એની મા એને શોધવા નીકળી પડી હશે. છોકરો તો અહીં બગીચાના ખૂણામાં મળ્યો, પણ પેલો રૂપિયો? મેં મારા ખીસામાં જોયું–રૂપિયો સુરક્ષિત હતો.

માની ધાકધમકીથી ડરી જઈ, ખૂબખૂબ મેથીપાક ખાઈને છોકરો માને બાંકડા નજીક લઈ આવ્યો. બોલ્યો, 'મા, અહીં જ રમતો હતો.'

'ચૂલામાં પડી તારી રમત. મને તો રૂપિયો જોઈએ. ન મળ્યો તો...'

છોકરો ગભરાઈ ગયો. ભયભરેલી આંખોએ એણે મા તરફ જોઈ કહ્યું, 'મા, બીજે ક્યાં ય હું નથી ગયો. બસ, આટલામાં જ રમતો હતો.'

'હં...ઠીક છે...' માનો ગુસ્સો હવે કંઈક ધીમો પડ્યો, 'રૂપિયો તો અહીં પડ્યો હોય તેમ જણાતું નથી. કોણ જાણે કેટકેટલા માણસો અહીં ગયા–આવ્યા હશે. જેને મળ્યો હશે, તે થોડા જ પાછો આપવા આવવાના છે? આ કળજુગમાં એવો સતવાદી કોણ નીકળે?'

વાંકી વળીને એ રૂપિયો શોધ્યા કરતી હતી. અચાનક એણે છોકરાને એક ધોલ ચોડી દીધી: 'એય અભાગિયા, આમ મૂઢની જેમ ઊભો શું છે? રૂપિયો ખોયો ત્યારે તો કંઈ ન થયું, પણ હવે ગોતાવવા તો લાગ.'

મારા મનમાં કુમળી લાગણી થઈ આવી. વિચાર્યું, 'મારે રૂપિયો આપી દેવો જોઈએ. નકામી મા એને બાપડાને ધબેડી નાખે છે. આ રૂપિયા પર મારો હક્ક શો?' પણ વિચાર જાણે રબરથી ભૂંસાઈ ગયો. સર્વત્ર અંધકાર ફેલાઈ ગયો. બાદ એમાં તેજનું કિરણ દેખાયું. વિચાર્યું, 'હું તો સાવ બોટ જ રહ્યો. હવે તો એ રૂપિયો મારો થયો. હું જ એનો માલિક. લક્ષ્મી ઘરઆંગણે આવે ત્યારે મોં ધોવા જવાય જ નહિ...'

ખીસું દબાવ્યું, રૂપિયો એમાં સહીસલામત છે તે જાણી લીધું ને કોઈ

અજ્ઞાત પ્રેરણાથી દોરાઈ પેલી બાઇને પૂછ્યું, 'બાઈ, બિચારાને શા માટે મારે છે? એણે એવો તે કયો મોટો ગુનો કર્યો છે?'

બાઈની આંખોમાં આંસુ બાઝી ગયાં. રડતે સાદે તે બોલી, 'શું કરું? અમારું નસીબ જ ફૂટેલું છે. આ અભાગિયાએ રૂપિયો ખોઈ નાખ્યો. તમે જ કહો...એને મારું નહિ તો શું કરું?'

'ઠીક છે,' સમજાવતો હોઉં તેમ મેં એને કહ્યું, 'પણ આમ એને મારવાથી રૂપિયો થોડો પાછો મળવાનો છે? શા માટે બિચારાને રડાવે છે?'

પેલી બાઇએ કંઈ જવાબ ન આપ્યો. મા-દીકરો એ જ રીતે ચોતરફ તપાસ કરવા લાગ્યાં. એકેએક કાંકરો ઉથલાવી ઉથલાવી જોવા લાગ્યાં. એમનો એ ક્રમ ચાલુ જ રહ્યો. મેં પણ એમને વિશેષ કંઈ જ ન કહ્યું. ધીરે રહીને મેં ફરી ખીસું દબાવ્યું તે જ ક્ષણે દૂર સભામાં તાળીઓના ગડગડાટ સંભળાયા. દેશ-નેતા માનપત્રનો જવાબ આપતા હતા. થોડા શબ્દો મારા કાનને સ્પર્શી ગયા, 'આપણને પૈસા પ્રત્યે વધુ મોહ છે, આપણને રૂપિયા પ્રત્યે કુમળી લાગણી છે. આપણને માનવ પ્રત્યે પ્રેમ નથી, ભાઈ પ્રત્યે લાગણી નથી, ગરીબ તરફ દયાપૂર્ણ નજર નથી. લાંચરુશવત, અપ્રામાણિકતા આ દેશનાં મોટામાં મોટાં શત્રુ છે. અપ્રામાણિકતા દેશનો શત્રુ છે...શત્રુ છે...'

પણ દેશનેતાના શબ્દોની કંઈ જ અસર હૃદય પર ન પડી. હું તો વિચારતો હતો, 'કેટલાય દિવસોથી મારો રમેશ ચાવીવાળી મોટર માગે છે. આજ તો એની આશા પૂરી થવાની જ. ભગવાન કેટલો દયાળુ છે? જાણે મારા રમેશ માટે જ એણે રૂપિયો મોકલ્યો. ભગવાન કેટલો દયાળુ છે...દીન લોકોનો નાથ...દીનાનાથ!'

મૂંગોમૂંગો હું બગીચામાંથી બહાર નીકળ્યો. બજાર તરફ મેં પગલાં માંડ્યાં. ફાટક પાસેથી પાછું વાળીને જોયું તો હજુ પણ પેલી બાઈ અને છોકરો રૂપિયો શોધી રહ્યાં હતાં. યંત્રવત્ મારો હાથ ખીસામાં જઈ પડ્યો. પગની ગતિ તેજ થઈ ગઈ. બજારમાં જઈ ચાવીવાળી મોટર ખરીદી ઘેર પહોંચ્યો ત્યારે રોજની જેમ મારો પુત્ર રમેશ દોડતો સામે ન આવ્યો. રોજ તો આવી એ મને વળગી પડતો. આજ આમ કેમ? ઘરમાં સર્વત્ર શાંતિ પથરાએલી હતી. વચ્ચે વચ્ચે રમેશના રડવાનો અવાજ આવતો હતો. મેં જોયું કે બગીચાવાળી પેલી બાઈની જેમ જ મારી પત્ની રમેશને મારી રહી હતી ને એને જાતજાતની ધાકધમકી આપી રહી હતી. મારા પગ જાણે જમીન સાથે જડાઈ ગયા. વસ્તુસ્થિતિ જાણવા મન ઉત્સુક થયું, ત્યાં તો કાન પર અવાજ અથડાયો: 'એ હું કંઈ ન જાણું. રૂપિયો નહિ મળે તો તને ખાવા નહિ મળે.'

કેવી નવાઇની વાત! રમેશે પણ રૂપિયો ખોઈ નાખ્યો હતો! આવા અજબ સંયોગ પર મનોમન હસવાનું મન થયું, પણ બીજી જ ક્ષણે મારું મન ક્રોધથી ઘેરાઈ ગયું. એક રૂપિયાની કિંમત કંઈ ઓછી નથી જ!

ઘરમાં પ્રવેશ કરતાં મેં પત્નીને જ ધમકાવવી શરૂ કરી, 'બિચારા રમેશને શા માટે મારે છે? તું પોતે જ કેટલી ઉડાઉ છે? નાના છોકરાને રૂપિયો આપવાની જરૂર શી હતી?' પણ કેવો અજબ સંયોગ! મારી પત્નીએ રમેશને રૂપિયો આપી બજારમાંથી કૈંક વસ્તુ મંગાવી હતી. રમેશ રસ્તામાં જ રૂપિયો ખોઈ આવ્યો હતો. એક રૂપિયો ઘરમાં આવ્યો: એક રૂપિયો ખોવાઇ ગયો. લક્ષ્મી આ બારણેથી આવી, પેલે દરવાજેથી નીકળી ગઈ. મારું મન ખિન્ન થઈ ગયું.

બરાબર એ જ પળે બારણે હાથમાં કુહાડી લઇ પરશુરામ જેવો દેખાતો એક માણસ આવી ઊભો. હું તેની પાસે ગયો, એટલે તેણે પૂછ્યું, 'ભાઈ, થોડી વાર પહેલાં કોઈ છોકરો અહીં આવ્યો છે?'

'નહિ, અહીં તમારો કોઈ છોકરો નથી આવ્યો.' એમ કહી હું અંદર જવા પીઠ ફેરવું તે પહેલાં કઠિયારો બોલ્યો, 'હું મારો છોકરો નથી શોધતો. કદાચ તે તમારો જ દીકરો હોય! જરા બોલાવો તો.'

કઠિયારાની વાત હું કંઈ ન સમજ્યો. એની વાત સમજવા જેવી મારી મનઃસ્થિતિ પણ નહોતી. આશ્ચર્યચકિત થઈ મેં રમેશને બૂમ પાડી. રમેશ આવ્યો. કઠિયારો એને ઓળખી ગયો. પ્રસન્ન ચિત્તે ખીસામાંથી કંઈ કાઢી રમેશ તરફ લંબાવતો તે સસ્નેહ બોલ્યો, 'છોકરા, આ રૂપિયો તારા ખીસામાંથી પડી ગયો હતો. મેં તને કેટકેટલી બૂમો મારી પણ તેં સાંભળ્યું જ નહિ. બસ તું તો ભાગ્યો દોડતો. લે, તારો રૂપિયો.'

હિમાલયના કોઈ ઉત્તુંગ શિખરેથી જાણે કે મને કોઈએ સાગરના તળિયે ધક્કેલી મૂક્યો. એક ગરીબ કઠિયારો આટલો પ્રામાણિક!

રમેશને રૂપિયો આપી તે પાછો જતો હતો. હૃદયની કોઇ અજ્ઞાત પ્રેરણાથી મેં એને રોકીને પૂછ્યું, 'આ રૂપિયો પાસે રાખવાની તને જરા યે ઇચ્છા ન થઇ?' જાણે હું કોઈ મહાન ગુનેગાર હોઉં તેવી દૃષ્ટિએ એણે મારી તરફ જોયું ને પછી કઠિયારો ભાવપૂર્ણ સ્વરે બોલ્યો: 'પારકી વસ્તુનો મોહ શા કામનો? પરમાત્મા આપણને જોઇતું આપે જ છે. પછી પારકી ચીજ પર આપણે શા માટે નજર બગાડવી જોઇએ?'

કઠિયારો ચાલ્યો ગયો; જતાંજતાં મારા સૂતેલા આત્માને જગાડી ગયો. મારું મન દુઃખથી ભરાઈ ગયું હું દ્રવી ગયો. પાડોશીની સાઈકલ લઈ એ જ ક્ષણે પેલી બાઇનો રૂપિયો પાછો આપવા ચાલી નીકળ્યો.

સાઈકલ બગીચા પાસે પહોંચી ત્યારે સાત વાગી ગયા હતા. દેશનેતાનું ભાષણ પૂરું થઈ ગયું હતું. માણસોનો ઘોંઘાટ શમી ગયો હતો. લોકો બાગની બહાર ધીમે પગે નીકળતા હતા. મનમાં થતું હતું, 'પેલી બાઇ ત્યાં નહિ મળે તો?' પણ તે બાઇ ને છોકરો હજી ત્યાં જ હતાં. મા-દીકરો નીચાં નમીને હજુ પણ રૂપિયો શોધી રહ્યાં હતાં. ખીસામાંથી રૂપિયો કાઢી મારી શરમને ઢાંકવાના ઇરાદાથી મેં વાત જોડી કાઢી: 'હું તો માત્ર પરીક્ષા કરતો હતો. લે આ રૂપિયો. મને આ બાંકડા પાસેથી મળ્યો હતો. હવેથી આમ કોઈ દિવસ છોકરાને રૂપિયો નહિ આપતી. બેદરકારી સારી નહિ.' પેલી બાઈ આશ્ચર્યચકિત થઇને મારી તરફ જોઈ જ રહી. એ માત્ર એટલું જ બોલી શકી, 'ભાઇસાહેબ, તમારો લાખલાખ વાર આભાર. પરમાત્મા તમને સદા સુખી રાખે.'

બાઈ છોકરાનો હાથ પકડવા પાછી ફરી. મેં સાઈકલ સંભાળી જવા માંડ્યું. ત્યાં તો મારા કાને પરિચિત અવાજ અથડાયો. જોઉં તો પેલો કઠિયારો એ જ જગ્યાએ આવી રહ્યો હતો. ઘણું કરીને તે અહીં નજીકમાં જ રહેતો હતો. બાઈની નજીક આવી તે બોલ્યો, 'કેમ, આજે જમાડવાનો વિચાર નથી કે શું?' આ શબ્દો સાંભળી હું તો દિઙ્મૂઢ થઇ ગયો. આ તો કઠિયારાની જ પત્ની, ને આ એનો દીકરો!

પતિનો અવાજ સાંભળી પેલી બાઈ ઊભી રહી ગઈ ને બોલી, 'પરાક્રમ તમારા લાડકાનાં છે. એક રૂપિયો ખોઇ નાખ્યો હતો. પેલા શેઠ અહીં ન હોત તો દિવસ આખાની મહેનત પાણીમાં જાત.'

તેણે મારા તરફ આંગળી ચીંધી, પણ કઠિયારા સામે જોવાની યે હિંમત મારા પાપી-અપરાધી મનમાં ક્યાં હતી? ઝડપથી સાઇકલ ચલાવી હું ફાટકની બહાર નીકળી ગયો.

રસ્તામાં શહેર સુધરાઇના દીવા ઝગમગી ઊઠ્યા.

[શ્રી ર. વ્યકટરત્નમની વાર્તા ઉપરથી રૂપાંતર]

પ્રોફેસર: ઇન્જેક્શન માટે એક દર્દી સારુ કેટલું મૉર્ફિયા જોઇએ?

એક વિદ્યાર્થી: આઠ ગ્રામ.

માથું ધુણાવી પ્રોફેસર બીજા તરફ વળ્યા. દરમ્યાન પહેલો વિદ્યાર્થી પોતાની ભૂલ સમજ્યો ને બોલ્યો, 'સાહેબ, હું ભૂલ્યો. ખરી રીતે ગ્રામનો આઠમો ભાગ જોઇએ.'

પ્રોફેસર: તમારો દર્દી ક્યારનો મરી ગયો.



ગળા અને નાકના બે શત્રુ રોગ

ડિફ્થેરિયા અને સાઇનસાઇટિસ

જેમાંનો એક જીવલેણ છે અને બીજો જીવનભર ચોંટનારો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ડિફ્થેરિયાની વિષમયતા રોગીના મોં પર છતી થાય છે. બાળક સાવ નંખાઇ જાય છે. મોં ધોળું ફક્ક પડી જાય છે. મોં ખુલ્લું રાખી શ્વાસ લેવા છતાં ય શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે. પાણી કે દવા નાક વાટે નીકળી જાય છે. અવાજ બેસી જાય છે.

ઓરી, અછબડા, બળિયા, ઊંટાંટિયું, લાપોટિયું વગેરે બાળકોને લાગુ પડતા ચેપી રોગો છે, પણ આ બધાથી યે ભયાનક ચેપી રોગ ડિફ્થેરિયા (D phtheria) છે. ઘણાને નવતર જણાતો આ રોગ બાળકોના પ્રાણ હરવામાં અગ્રેસર છે. એની વિચિત્રતા તો એ છે કે એની શરૂઆતમાં તો એ રોગસંચારનો ખયાલ જ નથી આવતો; અને છેલ્લી ઘડીએ વરતાઈ આવે ત્યારે ઉપચાર માટે દોડધામ કરવામાં આવે છે. થોડા જ દાખલામાં એની માઠી અસરો દેખા દે ત્યારે એના આક્રમણની જાણ થાય છે.

દસ વર્ષની ઉંમર સુધીનાં બાળકોને લાગુ પડતો આ ડિફ્થેરિયા ચેપી રોગ છે. સીધી કે આડકતરી રીતે એક માણસથી બીજા માણસને લાગુ પડતો દરેક રોગ 'ચેપી રોગ' (infectious disease) છે. ચેપી રોગો જુદા જુદા રોગજીવાણુઓથી થઇ આવે છે. દરેક ચેપી રોગને ચોક્કસ રોગ-સંક્રમણકાળ (incubation period) હોય છે, એટલે કે શરીરમાં રોગજીવાણુઓના આક્રમણ પછી રોગ થઈ આવવા વચ્ચે થોડો કાળ વીતે છે. ડિફ્થેરિયા માટે આ સમય બે થી છ દિવસનો છે. ચેપવાળાં રમકડાં, હાથરૂમાલ, ચમચા, પ્યાલા, પેન-પેન્સિલ તથા ચુંબન અને દૂધ દ્વારા આ રોગ ફેલાવો પામે છે. મોઢા ઉપર દરદીની સીધી ઉધરસ આવવાથી ડાક્તર અને નર્સોને પણ તે લાગુ પડે છે.

ડિફ્થેરિયા ગળામાં થઇ આવે છે. ચોળિયા કે ગળજીભી ઉપર કરોળિયાના ઘર જેવું ગંદા ધોળા રંગનું પડ (membrane) જામે છે, જેમાં રાખોડિયા, ગંદા પીળા, કે મેલા લીલા રંગના પટ્ટનાં બિંદુઓ હોય છે. શરૂઆતમાં ટાઢ વાઈને તાવ આવે છે અને ૧૦૧થી ૧૦૪ અંશ જેટલો તાવ આઠથી દસ દિવસ સુધી રહે છે. બીજા પ્રકારના તાવ કરતાં આમાં વિષમયતા વધારે હોવાથી દરદી એકદમ નંખાઇ જાય છે. રક્તક્ષય અને ફિક્કાશ તરત આવી પડે છે, જેને લીધે બાળકનો ચહેરો ધોળો ફક્ક દેખાય છે. ગળાની ગાંઠો ફૂલી આવે છે. જીભ પર ધોળો થર બાઝે છે. મોઢામાંથી દુર્ગંધ આવે છે.

ધ્યાન દોરે એવાં શરૂઆતનાં ચિહ્નો ચાર છે : (૧) ગળામાં વેદના, (૨) ગળાની મુશ્કેલી, (૩) પોચા તાળવાને પક્ષાઘાત લાગુ પડવાથી બાળક ગૂંગણું બોલે છે જે એક વાર સાંભળેલું કદી ભુલાતું નથી; (૪) આ જ કારણથી પાયેલાં દવા-દૂધ કે પાણી નાક વાટે પાછાં નીકળી જાય છે.

વળી ડિફ્થેરિયાનું પડ ગળા ઉપરાંત કંઠનળીના ડિફ્થેરિયામાં જામી પડે છે. કંઠનળીના ડિફ્થેરિયામાં ઘોઘરો બેસી ગએલો અવાજ થાય છે. બીજાં ચિહ્નોમાં સસણી, શ્વાસ લેતી વખતે હવા અંદર જતાં અચકાતી હોવાથી ઘરૃરૃ અવાજ સાથે શ્વાસ લેવામાં મુશ્કેલી, હાંફ વગેરે થાય છે. આ એવી ઉગ્ર દશા છે કે જો તાત્કાલિક શસ્ત્રક્રિયા કરી કંઠનળીમાં રબ્બર-નળી ન મૂકવામાં આવે તો તે પ્રાણઘાતક નીવડે છે.

ઠંડા હવામાન વખતે ડિફ્થેરિયા થઇ આવે છે. જાણવા જેવું છે કે ડિફ્થેરિયાના મંદ હુમલામાં ચિહ્નો ને તાવ થોડાં હોય છે; અગર તો એના ઉગ્ર હુમલામાં તાવ બિલકુલે નથી હોતો. રોગની ઉગ્રતા અને તાપમાન વચ્ચે કાંઇ સંબંધ નથી હોતો.

ડિફ્થેરિયાનું પડ કંઠનળીમાં ઊતરવાથી કે પછી રોગ-જીવાણુઓના વિષને લીધે હૃદય બંધ પડવાથી મૃત્યુ નીપજે છે. ઉંમર અને મરણ-પ્રમાણ વચ્ચે સંબંધ છે. એક વર્ષની અંદરનાં બાળકોનાં મરણનું પ્રમાણ અધિક છે. પછી તે પાંચ વર્ષની ઉંમર સુધી ઘટતું રહી વળી પાછું વધે છે.

રોગ મટ્યા પછીની માઠી અસરોમાં ગૂંગણો અવાજ, ખાધેલા કે પીધેલા પદાર્થ ગળવાની મુશ્કેલી, પીધેલું પ્રવાહી નાકમાંથી પાછું નીકળી આવવું વગેરે છે. પક્ષાઘાત આગળ વધવાથી બાળક પડી ગએલા ખભા ને ઢળતું માથું રાખી લથડતી ચાલે ચાલે છે.

'ડિફ્થેરિયા ઍન્ટી-ટૉક્સીન સિરમ' વતી વેળાસર ઉપચાર કરવાથી રોગ કાબૂમાં આવી જાય છે. જોકે ઉપચાર કરવા છતાં પણ ⅒ ભાગના દરદીઓ તો મૃત્યુ પામે જ છે. પણ આ રોગ ચેપી હોવાથી એને અટકાવી તો શકાય છે. પશ્ચિમના દેશોમાંથી એને નાબૂદ કરવામાં આવ્યો છે. બાળકને બળિયાથી રક્ષવા જેમ બળિયા ટંકાવવામાં આવે છે એમ ડિફ્થેરિયાથી રક્ષવા માટે 'ડિફ્થેરિયા પ્રૉફિલૅક્ટિક'ની રસી મુકાવવી જોઈએ. હવે તો ડિફ્થેરિયા, ઊંટાંટિયું અને ધનુર્વાની એકઠી રસી આવે છે, જે લેવાથી બાળકને આ ત્રણે ય પ્રાણઘાતક રોગોમાંથી રક્ષણ મળે છે. નિશાળે જતાં એકબીજા સાથે ગાઢ રીતે ભળતાં બાળકો આ રોગનાં ખાસ ભોગ બને છે. મંદ ડિફ્થેરિયાથી પીડાતું બાળક જલદી સાજું તો થઇ જાય છે, પણ એના ગળામાં ચેપ કાયમ રહે છે. આવું રોગવાહક (carrier) બાળક પોતે તંદુરસ્ત હોવા છતાં ય બીજાઓને ચેપ લગાડે છે. બાળકની છ માસની ઉંમર પછી રસી મૂકવામાં આવે છે. દોઢ માસના ગાળામાં રસીનાં બે ઈન્જેક્શન, ને ત્રીજું ઈન્જેક્શન વર્ષ પછી આપવામાં આવે છે.

સાઇનસ-આઇટિસ

કપાળ, ગાલ કે આંખના ડોળા નીચે દુખાવો, નાક સજ્જડ થઈ જવું, નાકમાંથી પુષ્કળ લીંટ નીકળવી, શિરોવેદના અને શરદી આ બધાં-સાઈનસ-આઇટિસ (Sinusitis) નાં ચિહ્નો છે.



સાઇનસ-આઇટિસ એટલે સાઈનસોનો સોજો. ચહેરાનાં હાડકાંમાં આંખની ઉપર, નીચે અને વચ્ચે ચાર જોડી હવા-ખાનાં આવેલાં છે. આ સાઇનસો છે (જુઓ જમણી બાજુનું ચિત્ર). એમાં આંખની ભ્રમ્મર ઉપર કપાળમાં આવેલા अ હવા-ખાનાનું નામ ફ્રન્ટલ સાઈ-

નસ, અને આંખ નીચેના ય હવાખાનાનું નામ ઍન્ટ્રમ કે મૅક્ઝીલરી સાયનસ છે. આંખ વચ્ચે ઇથમૉઇડ, અને નાકની પાછળ ખોપરીના ઊંડાણમાં સ્ફેનૉઇડ સાઈનસ આવેલાં છે. આમનો ચેપ એ 'સાઈનસ-આઇટિસ' છે. એ ચાર હવા-ખાનાં ન હોત તો આપણને માથું એટલું બધું ભારે લાગત કે એને ઊંચકવા માટે આખલા જેવી પુષ્ટ ગરદનની માંસપેશીઓની જરૂર પડત.

સાઈનસોનાં છિદ્રો નાકમાં ઊઘડે છે. નાકની બાજુએ આવેલાં ટરબિનેટ નામનાં ત્રણ હાડકાં ગડ વાળીને ગોઠવ્યાં હોય એમ એક ઉપર એક આવેલાં છે. નાક અને સાઈનસો આંતરત્વચાથી મઢાએલાં છે. એમાં આવેલી અસંખ્ય શ્લેષ્મગ્રંથિઓમાંથી સ્રવતા શ્લેષ્મથી હવા ભીની બની ગળામાં જાય છે. વળી આંતરત્વચામાં આવેલા સૂક્ષ્મ વાળ (cilia)ની નાક ભણી થતી ગતિથી સાઈનસો જીવાણુઓ અને કચરાથી રક્ષાય છે. તાજા શ્લેષ્મમાં જીવાણુઓની વૃદ્ધિ અટકે છે. સૂક્ષ્મ વાળ અને શ્લેષ્મના કામમાં ભંગાણ પડતાં કુદરતી રક્ષણ તૂટી પડવાથી નાક અને સાઈનસો એમનાં ભોગ બની સૂજી આવે છે. સાઈનસોનાં નાકનાં છિદ્રો બંધ પડવાથી બંધિયાર સાઈનસોમાં જીવાણુઓ વૃદ્ધિ પામે છે. નાકની આંતરત્વચાનો સોજો આવવાથી નાક સજ્જડ થઈ ગયાનું અનુભવાય છે.

સાઈનસ-આઇટિસ થવાનાં કારણોમાં ચેપ ને 'એલર્જી' છે. ગળાનો સોજો અને શરદી આણનારા જીવાણુઓથી સાઈનસાઇટિસ થઈ આવે છે. શરદી થઈ આવવાના બાંધાવાળા અશક્ત શરીરમાં તો તે ખાસ થઈ આવે છે. ઘરનો કચરો, ખોરાક, પરાગ, પીંછાં, સુગંધ વગેરે માટે ઉગ્ર આળાપણું ધરાવતા નાકવાળાને સાઈનસાઇટિસ થવાનું કારણ ઉપર જણાવેલી બાબતોની એલર્જી છે. નાક અને સાઈનસોની હવાદારી અને સ્રાવવહેણમાં અટકાવ થતાં સાઈનસોનો સોજો થઈ આવે છે. આનાં કારણોમાં બાળકોમાં ફૂલેલા ચોળિયા, એડીનૉઈડ, વાંકો વળેલો નાકનો પડદો અને નાકમાં પેઠેલાં પિન કે અનાજનો દાણો છે. તરવા કે ડૂબકી મારવાના કારણે પણ સાઈનસાઇટિસ થઈ આવે છે. ઉપરના સડેલા દાંતના ચેપને લીધે ય સાઈનસોમાં સોજો થઈ આવે છે. જાણવા જેવું છે કે સડેલો દાંત પણ સાઇનસાઇટિસ જેવી જ વેદના ઉપજાવે છે. એને લીધે થએલું સાઈનસાઇટિસ દવા વિના મટી તો જાય છે, પણ નબળી શરીરશક્તિ કે ચેપનો બરાબર સામનો ન થવાથી તે ચિરકાલીન (cronic) બને છે. એલર્જીની અપૂરતી સારવારને લીધે જીવનભરનું સાઈનસાઇટિસ પણ લાગુ પડે છે. વધારામાં નાકના મસા, ગંધશક્તિનો નાશ અને સદા નાક દદડયા કરવાની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

સાઈનસાઇટિસ એવો વ્યાધિ છે કે જે મટે તો સાધારણ દવાથી, અગર તો બિલકુલ નહિ! પણ શરૂઆતમાં યોગ્ય ઉપચાર થાય તો આરામ થાય છે. કોક વાર વિટામિનોની ઊણપ પૂરી પાડવાથી શરીરશક્તિ વધતાં રોગ-જીવાણુઓનો સામનો થઈ શકે છે. નાકમાંથી સ્રાવ અને પરૂ નીકળવા માટે લોહીની નળીઓ સંકોચે એવાં એફીડ્રિનયુક્ત નાકનાં ટીપાં (જેવાં કે મિસ્ટોલ, એન્ડ્રાઈન, પ્રિવીન) વાપરવાં જોઇએ. ઘણાં નાકનાં ટીપાંમાં એવી દવા આવે છે કે જેનાથી નાકનો સોજો ઊતરી જઈ કામચલાઉ રાહત તો મળે છે પણ તે વારંવાર કે વધારે વાપરવાથી લોહીની નળીઓ પર અંકુશ ધરાવતા જ્ઞાનતંતુઓ ઉપર માઠી અસર થવાથી નાકની સ્થિતિ ઊલટી વધારે બગડે છે. માટે આપમેળે દવા કરી નકામી ઉપાધિ વહોરવી ના જોઇએ. ટિકચર બેન્ઝૉઈન અને યુકેલિપ્ટસ તેલનાં થોડાં ટીપાં ગરમ પાણીમાં નાખી નાક વાટે નાસ લેવાથી માથું હલકું પડે છે. પેનિસિલીન અને સલ્ફા ઔષધિઓ ઘણી અસરકારક છે. ગળાના ફૂલેલા ચોળિયા, એડિનૉઈડ અને નાકના વાંકા પડદા માટે તો શસ્ત્રક્રિયા આવશ્યક છે. (હવે પછી 'માથાનો દુખાવો')

તારું દીધું તેં શેં લીધું?

રમણિક પટેલ

મુંબાઇથી ઊપડેલી બ્રિટિશ પૅસેન્જર સ્ટીમરને જર્મન ટૉર્પિડોએ મઝધારમાં ડુબાવી એ સમાચાર મારે કાને પડ્યા ત્યારે મારા માથા પર જાણે આસમાન તૂટી પડ્યું. હું મૂઢ બની ગયો. મારી આંખોનાં પોપચાં યંત્રવત્ સ્થિર બની ગયાં. મારી નાનકડી આંખોમાં વિશાળ દરિયો ખડો થયો ને હું નખશિખ ધ્રૂજી ઊઠયો.

કારણકે એ સ્ટીમરમાં મારી બહેન હતી: એકની એક બહેન. સાથે ભાણો પણ હતો. એકનો એક ભાણો. પરીકથાઓમાં વાંચેલા રાજકુંવર જેવો. વાંકડિયાં ઝુલફાં ને લાલ પરવાળાં જેવા હોઠ. સફેદ, તેજ મારતા એકસરખા દાંત. દૂંફી હડપચી ને ગાલમાં ખંજન. અનેક બાધા-માનતા અને ધર્માદાન કર્યાં બાદ પરણ્યા પછી દસ વર્ષે દેવનો દીધેલ એ ભાણેજ બહેનનું એકમાત્ર સંતાન હતું.

ઉપરના સમાચાર વાયુવેગે શહેરમાં અને ત્યાર બાદ દેશમાં પ્રસરી ગયા. એને ચોથે દિવસે સવારમાં હું છાપું લઇને બેઠો હતો: એ જોવા કે કેટલા માણસો દરિયામાંથી હાથ લાગ્યાં; પણ હું છાપામાં નજરને સ્થિર કરું ત્યાં તો જાણે મારે બારણે ભૂતાવળ ખડી થઈ. મારું કાળજું ફફડી ગયું. હૃદયના ધબકારા કાને સંભળાવા લાગ્યા. બારણાની સાખ ઝાલી ઊભી રહેલી એ ભૂતાવળ ન હતી પણ ભૂતાવળ જેવી હાલતમાં પાછી આવેલી એ મારી બહેન હતી. એના વાળ વીખરાઇને ગઠ્ઠા બાઝી ગયા હતા. ચહેરો ખૂબ જ કાળો પડી ગયો હતો. શરીર પરનાં કપડાં ચટાઈની જેમ અકડાઈ ગયાં હતાં. આંખો ઊંડી ઊતરી ગઈ હતી અને કાનમાં મીઠું બાઝી ગયું હતું. શ્યામ પડી ગએલા ચહેરા પર વેદનાની કાળી છાયા ગાઢ બની ગઈ હતી. આજ ચોથે દિવસે એ મઝધારમાંથી પાછી ફરી હતી. સાવ નિરાધાર અને કફોડી હાલતમાં. દેવનો દીધેલો દેવકુંવર સાગરને ખોળે ખોઇને આવી હતી.

હું ઊઠ્યો અને બહેનને વળગી રહું તે પહેલાં તો એ ઉંબરા ઉપર જ ફસડાઈ પડી. પછી એનું ભાન ગયું. એ ભાનમાં આવી ત્યારે આજુબાજુ પંદરવીસ સ્વજનોનું ટોળું હતું. સૌના ચહેરા પર કુતૂહલ, આશ્ચર્ય, ભય અને દુ:ખની મિશ્રિત લાગણીઓ પથરાએલી હતી. સૌકોઇના મુખમાં એક જ પ્રશ્ન હતો: 'આ બધું બન્યું કેમ?'

આ રહ્યો એ પ્રશ્નનો કાળજું ફાટી જાય એવો જવાબ.

ઈ. સ. ૧૯૪૩ની સાલની એ શરૂઆત હતી. એક બાજુ જગત ઉપર બીજા વિશ્વયુદ્ધે તાંડવ ખેલ્યું હતું અને બીજી બાજુ ભારતમાં '૪૨ની ક્રાન્તિએ જોર પકડ્યું હતું. આવા વિકટ સંજોગોમાં પરદેશ જવા માટે મુસાફરોને સારી સ્ટીમરોની સગવડ નહોતી મળતી. મોટા ભાગના લોકો વહાણમાં પણ જતા. કુટુંબની ઘણી યે નામરજી છતાં બહેને હઠ પકડી. જૂન મહિનામાં આશરે નવસો જેટલા મુસાફરોને લઈ એક સ્ટીમર ઊપડવાની હતી એમાં એનો નંબર લાગી ગયો.

મુંબાઈનું બારું છોડી આફ્રિકાને રસ્તે સ્ટીમર આગળ વધતી ચાલી. એક, બે, ત્રણ, ચાર દિવસ ગયા. ચોથા દિવસની પાછલી રાત્રે સાગરના પાણી ઉપર, હજાર સૂર્ય જાણે સામટા ઊગ્યા હોય એવો તેજનો એક ભારે લીસોટો પડ્યો. સ્ટીમરનો કપ્તાન ચમક્યો. થોડી જ વારમાં કપ્તાનને બિનતારી સંદેશો મળ્યો કે ઉતારુઓને સ્ટીમલૉંચમાં ઉતારી મૂકો અને માલ સાથેની ખાલી સ્ટીમર સોંપી દો. આ સંદેશો સાગરના પાણીની નીચેથી જર્મન ટૉર્પિડોમાંથી મોકલવામાં આવ્યો હતો.

તુરત સ્ટીમર થોભાવવામાં આવી. ખલાસીઓ અને કપ્તાન વચ્ચે મંત્રણાઓ થઈ. શી વાતચીત થઈ હશે તે તો ભગવાન જાણે, પણ જર્મન ટૉર્પિડોને જવાબ ન મોકલાયો. ઘણો વખત વીતી ગયો એટલે સામેથી સંદેશો આવ્યો કે ઉતારુઓને ઈજા પહોંચાડવાનો અમારો મુદ્દલ ઇરાદો ન હોઈ સ્ટીમર જેમ બને તેમ ખાલી કરી નાખવી, અથવા તો સ્ટીમરમાં ભરેલું અનાજ અને સોનું અમારે હવાલે કરી દેવું. આના જવાબમાં કપ્તાને જણાવ્યું કે આ ઉતારુઓની સ્ટીમર છે અને એમાં ખાવાજોગ ધાન્ય સિવાય કાંઈ નથી.

'જૂઠું.' સામેથી જવાબ મળ્યો. 'અમને પાકે પાયે ખબર મળ્યા છે કે ખૂબ સોનું અને અનાજ ભરીને આ સ્ટીમર રવાના થઈ છે. ચૂપચાપ ઉતારુઓને રવાના કરી સ્ટીમર સોંપી દો.'

બીજો અરધો કલાક નીકળી ગયો. કપ્તાન તરફથી કંઈ જવાબ ન દેવાયો. અને ત્યાં તો એકસામટી હજાર વીજળી પડી હોય એવો કડાકો થયો. સ્ટીમરનો એકેએક ઉતારુ ભયથી ધ્રૂજવા લાગ્યો. તુરત કપ્તાને ભયની સાઈરન વગાડી. સ્ટીમલૉંચો છૂટીને પાણીમાં આવી. તુરત પ્રથમ વર્ગના મુસાફરોને લૉંચમાં ઉતારી લેવામાં આવ્યા. કતલખાનાની ઓરડીમાં ગોંધી રાખેલાં સેંકડો ઘેટાંબકરાં જેવી પરિસ્થિતિ સર્જાઇ. સૌ હાંફળાં હાંફળાં નાસવા લાગ્યાં. પ્રથમ વર્ગના ઉતારુઓ ઊતરી રહ્યા એટલે બીજા વર્ગના મુસાફરોને ઉતારવા માંડ્યા. દરમિયાન 'ડેક'ના ઉતારુઓને કમરે બાંધવાના પટ્ટા આપી દેવામાં આવ્યા, જે પહેરી લેવાથી મુસાફર પાણી ઉપર તરી શકે.

પટ્ટા બાંધી લીધા પછી સૌએ પોતાની કીમતી ચીજો અલગ તારવી લઈ શરીરે બાંધી લીધી. કોઈએ બાળકો ગળે વળગાડવા માંડ્યાં, કોઇએ દાગીનાનો દાબડો ભરી કમરે બાંધી દીધો, કોઈએ રૂપિયા–પૈસાનાં પાકીટ સાલ્લા કે ધોતિયાને છેડે બાંધી દીધાં. વૃદ્ધો હતા તે આકાશ સામે જોઇ એકમાત્ર અનાથના નાથને સાદ દેવા લાગ્યા. જુવાન પુરુષો અને સ્ત્રીઓ હતી તેમણે મરણિયા બની પાણી પર ટકી રહેવાનો નિરધાર કર્યો. બચ્ચાં અને બાળકોને કંઈ સૂઝ ન પડવાથી તેમણે રડારોળ કરી મૂકી. આખી સ્ટીમરમાં કરુણ કલ્પાંત મચ્યું.

એ અંધારી રાત્રે, ધરતીથી દૂર દૂર, સાગરને ખોળે ભય ને કરુણાનું સામ્રાજ્ય સ્થપાયું. ઉપર આભ અને નીચે પાણી જોતાં પ્રભુનું સ્મરણ કરતાં સૌ બેસી રહ્યાં. કેટલાકે બાધા, માનતા, કથાવાર્તા, ધરમદાન વગેરેની માનતા માની. પણ જ્યાં દેવ રૂઠ્યો હોય ત્યાં બાધાઓ ક્યાંથી ફળે?

મારી બહેને તુરત પેટીઓ ખોલી દાગીનાનો ડબો કમરે બાંધી દીધો, ચલણી નોટોનું પાકીટ પટ્ટા સાથે બાંધી દીધું અને પછી એની આંખોની રોશનીએવા ભાણાને ગળે વળગાડી સજ્જડ આંકડા બિડાવ્યા. પોતે પણ એના શરીરની આજુબાજુ હાથ વતી ભરડો લીધો.

હજુ બીજા વર્ગના ઉતારુઓનું ઉતરાણ ચાલુ હતું...અને ત્યાં... આખું બ્રહ્માંડ ફાટ્યું હોય એવો ભયંકર ગગનભેદી અવાજ થયો. આ અવાજની સાથે સ્ટીમરને નીચેની બાજુએ એવો તો જબરો ધક્કો લાગ્યો કે આખી સ્ટીમર એક તરફ ઊથલી ગઇ. એ ગગનભેદી ધડાકા સાથે જ બહેનની આંખો બંધ થઇ ગઇ. એ બેહોશ થઇ ગઈ.

અને જ્યારે હોશમાં આવી ત્યારે પ્રભાત થઈ ચૂક્યું હતું. ભાંગેલી સ્ટીમરનો ભંગાર અહીંતહીં ડૂબતો હતો. માટીનું પાત્ર ફૂટી જતાં અંદરના મમરા વેરાય તેમ અનેક માણસો સાગરની સપાટી પર વેરાએલાં નજરે પડતાં હતાં—અરધાં ડૂબકાં ખાતાં, અરધાં તરતાં માણસો સપાટી પર રહેવાનો મરણિયો પ્રયત્ન કરતાં હતાં. કોઇના હાથમાં ભાંગેલી સ્ટીમરનાં પાટિયાં આવેલાં તે તેને વળગી રહેલાં, કોઈ તરતી પેટીને વળગી રહેલાં માલૂમ પડ્યાં, તો કોઈ તરાપાને. ઘડી પહેલાં ઉન્નત મસ્તકે દરિયાલાલને ખોળે રમતી સ્ટીમરનાં નામોનિશાં જાણે નાબૂદ થઈ ગયાં હતાં.

મોટીબહેનની ડોકેથી ભાણો વછૂટી ગયો હતો. પોતે એકલી જ મઝધારમાં છબછબિયાં મારતી હતી અને પટ્ટાની મદદથી સપાટી પર રહી શકતી હતી. એણે બુમાબૂમ કરી મૂકી: 'મારો દીકરો...મારો ભાનુ.....કોઈ હોય તો બતાવો.....છ વર્ષનો નાનો છોકરો.' ફરી એ બેભાન બની. છ વર્ષનું કોઈ નાનું બાળક બચવા પામ્યું ન હતું. ભાનમાં આવી ત્યારે એણે ચોધાર આંસુએ આક્રંદ કર્યું. પણ દરિયાલાલને મારી એ અભાગી બહેનની શી તમા હતી?

સાગરની સપાટી ઉપર તરતો માનવ-સમુદાય હવે ધીરે ધીરે એકબીજાની સમીપ આવી સમૂહ રચતો હતો. કોઈ મોટો તરાપો હાથ લાગતો તો એને આઠ દસ માણસો વળગી રહેતા. નાના તરાપા અને પાટિયાંને વળગેલા માણસો એકબીજાની નજીક રહેવાની કોશિશ કરતા. કોઈ પણ વ્યક્તિને જોતાં જ બહેન પ્રથમ સવાલ કરતી, 'ભાઈ, મારો દીકરો ક્યાં ય દીઠો? મારો ભાનુ? છ વર્ષનો હતો. દેવનો દીધેલ હતો, બહેન.' સામેથી જવાબ મળતો, 'ના બહેન, તારો તો નાનો છોકરો ગયો, પણ મારો તો જુવાનજોધ દીકરો નથી મળતો.' બહેન ત્યારે આકાશ સામે માથું ઊંચું કરી નિઃશ્વાસ નાખી બોલતી, 'હે પ્રભુ, તારું દીધું તેં જ શા માટે લીધું? એક દીકરાને જ બચાવી લીધો હોત તો એને સહારે આવડો મોટો સમુદ્ર હું તરી જાત.'

આવું જ બીજાં તરતાં માનવીઓમાં પણ બન્યું હતું. કોઈ બહેનીનો એકલવીર નહોતો મળતો, કોઈ વીરાની ભગિની ગાયબ હતી, કોઈ માનો પુત્ર વિખૂટો પડી ગયો હતો, કોઈ પુત્રની માતા નહોતી મળતી, કોઈ નવોઢાનો પતિ છીનવાઈ ગયો હતો, કોઈ પતિની પત્ની વિલીન થઈ હતી. હૃદય ફાટી જાય એટલું દુઃખ હૈયામાં ભરીને સૌ કોઈ બાથોડિયાં મારતાં હતાં. કદાચિત્ તો ખોવાએલું સ્વજન સપાટી પરથી જડી આવશે એ એકમાત્ર આશાતંતુને વળગી રહી સૌ તરતાં હતાં.

આ હોનારતની ખબર તાત્કાલિક મુંબાઈ બંદરે પહોંચી ગઈ હતી. અને બીજે દિવસે તો વર્તમાનપત્રો દ્વારા આખા દેશમાં એ સમાચાર ફરી વળ્યા. જેનાં જેનાં સ્વજનો એ સ્ટીમરમાં ગયાં હતાં એમને ત્યાં કાળો કેર વર્ત્યો. કોઇએ સ્વજન પાછું આવે તો સત્યનારાયણની કથા માની, કોઇએ રણછોડરાયને થાળ માન્યો, કોઇએ હજાર રૂપિયા ગૌશાળામાં આપવાના માન્યા, કોઇએ હજાર શ્રીફળ દરિયાલાલને ખોળે રમતાં મૂકવાનું માન્યું. કેટલાંની બાધા ફળી તે તો કોણ જાણે. પણ તરત મુંબાઈથી એક સ્ટીમર રવાના કરવામાં આવી, જેને આદેશ હતો કે દરિયામાં ક્યાંય પણ કાળું માથું દેખાય તેને ઉપાડી લઈ સ્ટીમરમાં મૂકી કિનારે લાવવું. પછી એ જીવતું હોય કે મુરદું.

એ સ્ટીમરમાંના ખારવાઓએ વીણી વીણીને માણસોને દરિયા પરથી ઉઠાવી લેવા માંડ્યાં. ચાર દિવસ બાદ સો સવાસો માણસોને ચીંથરેહાલ અને કૃશ હાલતમાં લઇને સ્ટીમર મુંબાઈ પાછી આવી.

આમ દૈવસંજોગે ભાણો ગુમાવીને એકલી જ પાછી ફરેલી બહેન મને જોતાં જ ઉંબરમાં ફસડાઈ પડી. હું ઝડપથી દોડ્યો. શીતળ ઉપચારો કર્યા. સહેજ હાલત સુધરી એટલે એના મન પરથી વીતકો ભુલાવવા હું એને ગામડે લઈ આવ્યો. પણ દીકરો ગુમાવ્યાના દુઃખનો કીડો દિનરાત એના હૈયાને કોરી ખાવા લાગ્યો. ઊંઘમાં કે જાગૃત હાલતમાં રોજ એ નિઃશ્વાસ નાખીને બબડતી: 'હે પ્રભુ, તારું દીધું તેં કેમ લીધું?'

સાડા અગિયાર વર્ષ વીત્યાં આજે એ વાતને. આજે એ બહેન નથી, એ ભાણો નથી. દરિયાલાલની એવી હોનારત ફરી કદી થઈ પણ નથી. છતાં એ પ્રસંગ યાદ કરું છું ત્યારે હજી શરીરનાં રૂવાં ઊભાં થઈ જાય છે.

સિંહ-સમાગમ [એક પત્ર]

લેખક • સુન્દરમ્



અમદાવાદના
હિલ ગાર્ડનમાંનાં
સિંહ-સિંહણ
ફોટો
કાન્તિલાલ શાહ

સૌરાષ્ટ્રમાં બે દિવસ જૂનાગઢમાં કાઢ્યા. જૂનાગઢ પાસે ગિરનાર પર્વત છે અને નજીકમાં વીસેક માઈલ ઉપર ગીરનું જંગલ છે. આ વખતે આ ગીર જોવાનો અમારો કાર્યક્રમ હતો અને ગીરના સિંહ પણ જોવાના હતા. અને તે અમે જોયા પણ ખરા!

સાંજના પાંચેક વાગ્યે અમે જીપમાં નીકળ્યાં. મનુરામ, હું, બીજા ચાર મિત્રો–જેમાં વિકાસગૃહનાં પુષ્પાબેન હતાં, ને ડ્રાઈવર એમ સાત જણ હતાં, પુષ્પાબેન આ જંગલમાં ડેરહેર ફરે છે. હિંદ સરકારના સોશ્યલ વેલ્ફેર બોર્ડ તરફથી આ જંગલવાસી લોકોમાં તે કામ કરે છે. તેમની પાસે પંદર જીપ ગાડીઓ છે એના પરથી તેમના કામનો ખ્યાલ આવશે. આ જંગલમાં તે કેટલું યે ફરેલાં છે. તે અને તેમનો શૉફર જંગલનાં ખૂબ જાણકાર છે, એટલે તેમણે અમને ગીર અને બને તો અંદરના સિંહ બતાવવાનું માથે લીધું. અને અમે નીકળ્યાં.

આ એક સાદું સીધું સપાટ જમીન પરનું જંગલ હશે એવો મારો ખયાલ હતો. પણ ગીર તો જુદી જ નીકળી! અહીં લોકો ગીરને નારી જાતિમાં બોલાવે. આ ઊંચીનીચી ટેકરીઓનો બનેલો પ્રદેશ છે અને એ ટેકરીઓ પર જંગલો છે. જંગલો બહુ મોટાં નથી. લોકોએ કાપી નાખેલાં છે તેમજ ઝાડ અત્યારે સુકાઈ ગએલાં પણ છે, એટલે જંગલ જેવું એકદમ ન લાગે. પણ અમે ૨૦–૨૫ માઈલ ગયા અને ગીરનો જંગલ-પ્રદેશ સૂચવતું એક પાટિયું આવ્યું ત્યાંથી ખરેખર હવે જંગલ છે એમ દેખાવા લાગ્યું. અમે અંદર દાખલ થયા અને તરત જ સામે એક નીલ-ગાય ઊભેલી હતી. એને અહીં રોઝ કહે છે. ઘોડો ને ગાય એ બેમાંથી બનેલું હોય તેવું એ જાનવર છે. એને શીંગડાં નથી હોતાં. એના પગ–કાનની ટોચો કાળી હતી. શરીર બદામી, પૂંછડી ટૂંકી, કાન ટૂંકા. અમને તેણે જરા કે ગભરાયા વિના જોયા કર્યા.

પછી એક હરણ પણ આવ્યું. અવારનવાર સસલાં પણ આવવા લાગ્યાં. હવે સાંજ પડવા લાગી હતી. રસ્તામાં કોઈ માણસ કે જાનવર ન મળે. અમારી જીપ એનો તાલબદ્ધ અવાજ કરતી આગળ વધતી જાય. જંગલમાં વચ્ચે વચ્ચે નાનકડાં ગામડાં આવે. ગામ આવવાનું થાય ત્યારે જંગલમાં મોર દેખાવા લાગે. રસ્તે ગીરના જંગલની અને સિંહોની વાતો કરતાં કરતાં અમે આગળ જવા લાગ્યાં.

પુષ્પાબહેને ઘણી વાર સિંહ જોએલા. તેઓ કહેવા લાગ્યાં કે હવે કોઈ પણ વખતે સિંહ આપણને મળી શકે. સાંજના વખતે સિંહ ફરવા

¶ સિંહને સૌરાષ્ટ્રનાં ગ્રામજનો 'સાવજ' તરીકે ઓળખે છે. એનું અંગ્રેજી નામ Lion અને શાસ્ત્રીય નામ Felis Leo. ભારતના સિંહની આ જાત આફ્રિકાના સિંહ કરતાં થોડી જુદી છે, અને સમગ્ર ભારતવર્ષમાં—બલકે જગતમાં એનો વસવાટ કેવળ સૌરાષ્ટ્રના ગીર પ્રદેશમાં જ છે. આથી તેનો નાશ ન થાય તે માટે ભારત સરકારે સિંહના શિકાર પર પ્રતિબંધ મૂક્યો છે. ¶ વાઘની સરખામણીમાં સિંહ વધુ બહાદુર ને બેફિકર હોય છે. મનુષ્યના વસવાટની એને બહુ ઓછી બીક હોય છે. સામાન્યરીતે સિંહ નિરુપદ્રવી ગણાય છે અને માદા સાથે બચ્ચાં ન હોય, અથવા ઉશ્કેરવામાં ન આવે તો મનુષ્ય પર તે હુમલો કરતો નથી. સિંહણ ૧૦૫થી ૧૧૬ દિવસના ગર્ભાધાન પછી બેથી પાંચ બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચું ૨ા વર્ષ પછી પુખ્ત ઉમરનું થાય છે. સિંહનું આયુષ્ય આશરે ૩૦ વર્ષનું ગણાય છે, પરંતુ બંધનાવસ્થામાં તે ઓછું હોય છે. ¶ ઉપરના ચિત્રમાં દર્શાવેલાં સિંહ-સિંહણ સૌરાષ્ટ્ર સરકારે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન માટે સાસણ-ગીરમાં આવેલા બેરિયા નેસમાંથી ખાસ પકડાવીને તા. ૧૮–૭–'૫૫ના રોજ ભેટ આપેલાં છે. સિંહની આ જોડી તથા એક જંગલી દીપડો ત્યાંથી રેલવેમાં સગવડ ન મળતાં સ્ટેટ ટ્રાન્સપોર્ટની ટ્રક મારફતે ઝૂ સુપ્રીન્ટેન્ડન્ટ દ્વારા લાવવામાં આવેલાં. રસ્તો ઘણો જ ખરાબ હોઈ સખ્ત આંચકા લાગવાને પરિણામે પાંજરામાં અથડાવાથી એમના શરીરના ઘણા ભાગોમાં આશરે આઠેક ઈંચ જેટલાં છાલાં પડેલાં. વળી સૌરાષ્ટ્રમાં પકડાએલાં તે વખતે માથામાં જ્યાં નુકસાન થએલું, તે જ જગ્યાએ ફરીથી વાગવાથી માથામાં મોટો ઘા પડી ગએલો. એ બધા ઘા ચિત્રમાં દેખાય છે. હવે તો સતત સારવારને લીધે સંપૂર્ણ રૂઝાઈ જઈ ઘવાએલા ભાગ ઉપર વાળ પણ આવી ગયા છે.

નીકળી પડે છે. દિવસે તડકો હોય ત્યારે ગુફામાં ભરાઈ રહે. સાંજે પાણી પીવા નીકળે, શિકાર કરવા નીકળે, અને સીધો રસ્તા વચ્ચે જ બેસે! અમે તો રસ્તામાં કૂતરાંઓ જોઈએ તેમ સિંહને જોવાને તૈયાર થઈ ગયા. પણ આજુબાજુ સિંહને માટેનું ગંભીર ભયાનક એવું કશું વાતાવરણ ન હતું. બધું જ ખૂબ જ સાધારણ–common place

લાગતું હતું. ધોળો દિવસ, આછીઆછી ઝાડી, ક્યાંય ગહનતા, ગુહ્યતા, અગમ્યતા ન લાગે. આમાં તે વળી સિંહ જોવાની શી મજા પડે?

એમ અમે તો આગળ જતા ગયા. વચ્ચે વચ્ચે ગામની ભાગોળે પુષ્પાબેન માણસોને સિંહના ખબર પૂછે. 'સાવજના કાંઈ ખબર છે ખરા?' સિંહને અહીં 'સાવજ' કહે છે. જેને જેને પૂછતા ગયા તે કહે કે ના હમણાં આ તરફ નથી. એમ કરતાં કરતાં અમે એક નેસ પાસે આવ્યા. અમારે આ નેસ પણ જોવાના હતા. નેસ એટલે જંગલમાં રહેતા લોકોનાં કામચલાઉ રહેઠાણ. ઘાસનાં ઝૂંપડાં બાંધીને આ લોકો રહે. એ બધા માલધારી કહેવાય. 'માલ' એટલે કે ભેંસો, બકરાં વગેરે ઢોર. એ લોકો ક્યાંક સ્થિર રહેતા હોય, તો ઘણી વાર ઢોરને જ્યાં ચારો મળે ત્યાં ત્યાં ફરતાં પણ હોય. આ લોકોનાં છોકરાંને હમણાંહમણાં પુષ્પાબેને ભણાવવા માંડ્યાં છે. પણ લોકોમાં એટલા બધા વહેમ કે છોકરાંને ભણાવવા મોકલે જ નહિ. એવી ભણતર વિનાની આ જાતિઓ ભરજંગલમાં રહે છે. ઢોરોનાં દૂધનું ઘી બનાવી શહેરમાં વેચી આવે અને દાણોપાણી લાવી દિવસ ગુજારે. અમારી જીપનો અવાજ સાંભળી આ નેસવાસીઓ ભેગા થયા. લોકો ચારણો હતા. દેવીના ભક્ત. અહીં પાણી બહુ ઓછું મળે. લોકો ભાગ્યે નહાય. પણ એમનાં કપડાં વગેરે બધું સ્ટાઈલમાં તો ખરું જ. એક બે જણ તો આખા ને આખા ખાટલા ઉપાડી લાવ્યા—અમારે બેસવા માટે. અમે નીચે ખીણમાં ઊતર્યાં. એક નાનકડી નદી વહેતી હતી તેના કાંઠે નેસ હતો. એક જણનો નેસડો અમે નમૂના રૂપે જોયો. અંદર ઘંટી, ચૂલો, એક બે ખાટલા, દૂધનાં વાસણો, એટલામાં બધું આવી જાય. છાપરું, ભીંતો બધું ઘાસનું. હાથ ઊંચો કરો એટલું ઊંચું. નાની નાની છોકરીઓ, છોકરાં ભેગાં થઈ ગયાં. એ આમ જંગલી જેવાં મેલાંઘેલાં. તો ય ગળામાં ખૂબ ઘરેણાં, અને બધાંનાં ચહેરા-શરીર ખરેખર ખૂબ જ રળિયામણાં.

ત્યાં તો સાંજ એકદમ થઈ ગઈ, અને જંગલમાંથી ચરીને ભેંસો આવવા લાગી. બધે ધૂળ ધૂળ થઈ રહી અને નેસ આખો ભેંસોથી ભરાઈ ગયો. ત્રણસો ભેંસો હશે! એક ઝાડ હેઠળ અમે બેઠા અને સાવજની તથા ભેંસોની વાતો નીકળી. સિંહ ભૂખ્યો હોય ત્યારે આ લોકોના નેસમાં પણ રાતે હુમલા કરે. ભેંસ-પાડું ઉપાડીને ચાલ્યો જાય. લોકો જાગે તો લાકડીઓ-ડાંગો લઈ સિંહ પર તૂટી પડે. વળી ભેંસો પોતે પણ ઘણી હોશિયાર હોય છે. તેઓ પણ સિંહની સામે થાય! સિંહની સામે મોં કરીને ગોળ કૂંડાળામાં ગોઠવાઈ જાય, નાનાં પાડાં બચ્ચાંને વચ્ચે રાખે, અને શીંગડાં વડે તેનો સફળ રીતે સામનો કરે. પણ આમાં એક વિચિત્ર વાત એવી બને છે કે જે ભેંસ સિંહ સાથે લડી હોય તે પછી દૂધ ન આપે! આ માલધારીઓને રાત્રે જંગલમાં સૂવું હોય તો ભેંસોની વચ્ચે સૂએ. ત્યાં તેઓ સલામત. અહીંથી પણ અમને સાવજના સમાચાર—સગડ ન મળ્યા. એક જણ તરત ભેંસ દોહી લાવ્યો ને અમને બધાને કૂંફાળું દૂધ પિવાડ્યું. અને અમે નીકળ્યાં. ત્યાં તો રસ્તામાં એક મોટી લાંબી વડવાઈ—વડની લટકતી ડાળીનો ઝૂલો થઈ ગયો. અને તરત એક જણે તેના પર ઝૂલવા માંડ્યું. હું પણ ઝૂલ્યો!

પાછાં અમે જીપમાં બેઠાં. હવે તો અંધારું થઈ ગયું હતું. જંગલના મધ્ય ભાગમાં જંગલ ખાતાની એક ઑફિસ છે—સાસણ. એ ગામે અમારે જવાનું હતું. એટલે જીપ ચાલતી ગઈ અને પાછી સાવજની વાતો શરૂ થઈ. કેટલી કેટલી વાતો! હમણાં જ અહીંથી એક સિંહ-સિંહણને પાંજરામાં પકડવામાં આવેલાં અને પછી જૂનાગઢના બાગમાં મોકલી દેવામાં આવેલાં. પ્રેસિડેન્ટ ડૉ. રાજેન્દ્રપ્રસાદ પણ આ જંગલમાં સિંહ જોવા આવેલા અને તેમને માટે સિંહ જોવાની ખાસ વ્યવસ્થા કરેલી. વિશાળ જંગલમાં રહેનાર આ વનરાજોને તમે જ્યારે ધારો ત્યારે તો ન જ જોઈ શકો. એ માટે સિંહ જ્યાં હોય ત્યાંથી તેમને હાંકી હાંકીને એક જગ્યાએ લાવવા પડે. એ ક્રિયાને 'હાંકો' કહે છે. તેને ખાવા માટે એક જાનવર બાંધવું પડે અને તેનો તે શિકાર કરે ત્યારે તમે તેને જોઈ શકો. પાડો અને બકરું બે બાંધવામાં આવે. બકરું બેં બેં કરે એટલે સિંહ ત્યાં આવે. સિંહ બકરાને પૂરું કરે, પછી પાડાને મારે વગેરે વગેરે. અમારે માટે તો આવી કાંઈ યોજના ન હતી, એટલે પ્રભુકૃપાએ કે અકસ્માત સિંહ મળી જાય તો જ મળે. અને જ્યાં સુધી એકલું મન વિચારી શકતું હતું ત્યાં સુધી તો એમ જ લાગતું કે આમાં કાંઈ સિંહ મળે તેવું લાગતું નથી. પણ મળી યે જાય એવી પણ એક લાગણી રહેતી હતી.

એમ કરતાં કરતાં અમે સાસણ પહોંચ્યાં. રાતના નવ વાગી ગયા હતા. અગિયારસનો ચંદ્ર પ્રકાશતો હતો. જંગલ ખાતાના ઑફિસરના બંગલામાં ગયાં. ત્યાં બધું ફર્સ્ટ ક્લાસ હતું. અમને તેમણે સુંદર આ-કૉફી પિવડાવ્યાં અને અમારી સાથેના છાપામાં મૅટ્રિકની પરીક્ષાનું પરિણામ હતું તે છાપું વાંચતાં તેમની પુત્રી પાસ થયાના ખબર પણ તેમને મળ્યા, એટલે એક આનંદોત્સવ જેવું થઈ રહ્યું. અને પછી અમે સાવજના સમાચાર પૂછ્યા. એમણે અત્યંત સરળ ભાવે જવાબ દીધો, 'હા, એ તો બની શકશે. આટલામાં ફરતા જ હોય છે!' પણ અમારું મન માને તેમ ન હતું. સિંહ જોવા આવનાર લોકો દિવસોના દિવસો ભટકે છતાં સિંહ મળતા નથી, અને અમને મળી જશે?!

અને અમે પછી સિંહ જોવા નીકળી પડ્યા. હવે જ અમારી મુસાફરી ખરી રોમાંચક બનવા લાગી. પહેલાં તો અમારી આગળ બીજા કાર્યક્રમો હતા, પણ હવે તો અમે સીધા સિંહની શોધમાં નીકળી પડ્યાં. રાતના દસ વાગી ગયા હતા. હજી જંગલમાં અમે ઊંડાણમાં જવાનાં હતાં. પુષ્પાબેનના હાથમાં દોઢ હાથ લાંબી ટૉર્ચ હતી. જીપની આગળની બેઠકમાં અમે હતાં. હું વચ્ચે અને મારી ડાબી બાજુ શૉફર, જમણી બાજુએ પુષ્પાબેન. શૉફર બહુ કાબેલ માણસ. એના હાથમાં સૌના જાન હતા. એ જો ગભરાય અને જીપની ગતિ બદલાઈ જાય તો બધાંનું આવી બને! પણ એ ખૂબ જ સ્વસ્થ અને આત્મ-વિશ્વાસથી ભરપૂર હતો. કેવા યે અઘરા રસ્તામાં તે સરળતાથી જીપ ચલાવ્યે જતો હતો. પાછી સાવજની વાતો ચાલવા લાગી. સિંહ ક્યારે શિકારે નીકળે, કેવી રીતે શિકાર કરે, કેટલીક વાર તો રસ્તા પર પાંચસાત સિંહ સાથે પણ જોવાના મળે. માણસનું તે સામાન્ય રીતે નામ ન દે, જાનવરને જ ખાય, માણસની સાથે જાનવર હોય તો જાનવરને પણ જવા દે, એક વાર શિકાર કરે તો પછી ત્રણ દિવસ લગી એને ખાવા ન જોઈએ. એમ કરતાં કરતાં અમે જંગલમાં એક બીજા ગામે પહોંચ્યા. જંગલ સાફ કરી અંદર ખેતરો બનાવેલાં હતાં. ગામની ભાગોળે કૂવો જોઈને આ જંગલ પ્રદેશ છે—અહીં જ આટલામાં સિંહ હરતા ફરતા હશે, એમ ન લાગે. ત્યાં તો પુષ્પાબેને બ્રેક મારી નાખી. રસ્તાની પડખે કશુંક દેખાયેલું. બે આંખો હતી. પણ તે અદૃશ્ય થઈ ગયું. પુષ્પાબેને કહ્યું, સાવજ હશે. પછી અમે એક જંગલની ચોકી પર પહોંચ્યાં. ત્યાં 'બીટ-ગાર્ડ'—હાંકો કરનાર ચોકિયાત હતો. તેને બોલાવી સાવજના સમાચાર પૂછ્યા. તેણે કહ્યું, 'હા, જરૂર જોવા મળશે. કાલે એણે મારણ કરેલું છે (શિકાર કર્યો છે), એટલે અત્યારે એ મારણ પર જ હશે. ચાલો.' અને કોઈની મુલાકાતે જતાં હોઈએ તેમ અમે નીકળી પડ્યાં! રસ્તો બતાવવાને ગાર્ડ અમારી સાથે થયો. બે નાળની ભરી બંદૂક તેણે સાથે લીધી અને જીપમાં શૉફરની સાથે એક પગ બહાર રાખીને તે ગોઠવાઈ ગયો. અમારી જીપ ઊપડી. પાંચ જ મિનિટમાં અમે સિંહ પાસે પહોંચી ગયાં!

જીપ ઊપડી અને અમારી ખરેખરી રોમાંચક યાત્રા શરૂ થઈ. જંગલ

પણ હવે ખરેખર અગમ્યરીતે ભયાનક લાગતું હતું. રસ્તામાં એક સૂકો વહેળો આવ્યો. ખૂબ જ ખાડાટેકરાવાળો રસ્તો. જીપને ઘડીક તો અટકાવી દેવી પડી. શું ચાલીને સિંહ જોવા જવાનું થશે? ત્યાં તો શૉફરે હોશિયારીથી જીપ ચડાવી દીધી! જંગલના આ રસ્તા ઉપર તો જીપ જ ચાલે તેમ હતું. બીજી એકે મોટર કામ ન આવે. એ વહેળો ઓળંગ્યા પછી સાફ ખેતરો આવવા લાગ્યાં. ગાર્ડે જીપને ડાબી બાજુ લેવા કહ્યું. એક ખેતરમાં જીપ વળી અને થોડુંક જતાં જ અટકી ગઈ.

'આ જુઓ, ત્યાં જાનવર છે.' ચોકિયાતે કહ્યું. રોજની ભાષામાં આ લોક સિંહને સાવજ પણ નહિ, માત્ર જાનવર જ કહે છે. બીજે દિવસે ગિરનારમાં એ પહોંચેલાં ત્યારે લોકો વાત કરતા હતા કે આ બાજુ બે જાનવર આવ્યાં છે. અને—અમે 'જાનવર' જોયું!

ગઈ કાલે સિંહોએ એક ઘરડી રઝળતી ભેંસને આ ખેતરમાં મારી હતી. અને તે હજી પૂરી ખવાઈ ન હતી એટલે રાત્રે તેને ખાવા તે અહીં ચોક્કસ આવવાના જ એ વાતની ચોકિયાતને ખાતરી હતી. એ થોડી-ઘણી ખવાએલી ભેંસ અંધારામાં દેખાતી ન હતી. પણ સિંહ તો દેખાયો.

'આ પેલો જાય!' પુષ્પાબેન બહુ ધીરેથી બોલ્યાં. તેમણે પ્રથમથી સૂચના આપી રાખેલી કે સિંહ દેખાય ત્યારે કોઈએ કાંઈ જ ન બોલવું. અમે બધા એક ગંભીર ચુપકીદીમાં તંગ બની ગયા. તેમણે ટૉર્ચ નાખી અને સામે 'જાનવર' ધીરેથી દૂર દૂર ચાલી જતું દેખાયું. ઘડીક પછી તો, અમારી જીપની લાઇટ અમે વધુ તેજ કરી હતી એના પ્રકાશમાં સિંહનો આખો આકાર સ્પષ્ટ બની રહ્યો. અમારાથી તે ઠીક ઠીક બસો વાર જેટલો દૂર હશે. થોડુંક ચાલીને તે ઊભો રહ્યો અને પછી અમારા તરફ ફરી અમારી દિશામાં મોં રાખી તે નીચે બેસી ગયો.

ઘડીભર એક સ્તબ્ધતા વ્યાપી ગઈ. ચાંદનીનો આછો પ્રકાશ હતો. જીપનું લાઈટ અમે ધીમું કરી નાખ્યું. આસપાસ નરી નીરવતા હતી. અમને થયું સિંહની વધુ નજીક ન જવાય? ત્યાં તો પુષ્પાબેને કહ્યું, 'ચાલો, હવે ચાલ્યાં જઈએ.' ફરમાનભાઈએ—અમારા શૉફરે જીપ ચાલુ કરી, ટર્ન લીધો ને ખેતરમાં એ સિંહને બેઠેલો મૂકીને અમે અમારા મૂળ રસ્તે આવી ગયાં. હવે અમે વાતો કરી શકીએ તેમ હતું.

ખેતરમાં બે સિંહ હતા. પણ એમાંનો એક તો એકદમ ક્યાંક જમણી બાજુએ સરકી ગએલો. એક બે જણના જોવામાં જ તે આવેલો. સૌ કોઈને તો માત્ર પેલા સામે ચાલ્યા જતા સિંહનાં જ દર્શન થએલાં. વિશાળ ખેતરમાં એક નાનકડો આકાર ચુપચુપ ચાલ્યો જતો હતો. એ કેટલો મોટો હશે, કેવા દેખાવનો હશે તે રાતને વખતે જોવાય તેમ ન હતું. એ જોઈ શકીએ તેવી મનોદશામાં પણ અમે ન હતાં. સિંહ દેખાયો—ખુલ્લા ખેતરમાં, તેના વનમાં, તેની નૈસર્ગિક લીલા-ભૂમિમાં, તેની નૈસર્ગિક નિત્યની પ્રવૃત્તિ કરતાંકરતાં, એ જ અમારે મન ઘણી મોટી વસ્તુ હતી. એ જ એક મોટો રોમાંચક આહ્લાદક પ્રતર્પક બનાવ હતો. પણ બીજે દિવસે જૂનાગઢના સક્કરબાગમાં સિંહ જોયા તે પરથી એમ તો કલ્પી શકાય તેમ હતું કે એ પુખ્ત વયનો પ્રચંડ સિંહ હતો. અમારી પાસે બંધ બારણાંવાળી સ્ટેશન-વેગન જેવી કાર હોત તો સિંહની વધુ નજીક જવાની હિંમત પણ અમે કરી શકત. પણ આ તો ખુલ્લી જીપ હતી, સિંહ અમારી સાથે સીધો રોઇક હૅન્ડ કરી દઈ શકે તેમ હતું, અને હવે તો તે તેના ખોરાક તરફ મોં કરીને બેસી ગયો હતો. પુષ્પાબેને કહ્યું કે આમ એ બેઠો છે એ જ મોટું જોખમ છે. સિંહને તમે તેના ભોજનમાં ખલેલ કરો તે તે જરા પણ સહન ન કરે. એ જો ખીજવાઈને ઠેકડો મારે તો બે જ ફલાંગમાં તે અમારી જીપ પાસે આવી જાય તેમ હતું. અને એટલે જ અમે 'સમય વર્તે સાવધાન' કરીને વનરાજની વિદાય લઈ લીધેલી.

આમ, રાતના ૧૦-૫૫ કલાકે અમે ગીરના આ ગાઢ જંગલમાં જગત-ના આ વિખ્યાત વનરાજોમાંથી એકનું દર્શન કર્યું. એક તદ્દન સાધારણ મુસાફરી કરતાં કરતાં અમે એક રોમાંચકારી ઘટનામાં પહોંચી ગયાં. અમારી જીપ પાછી ફરવા લાગી ત્યારે જીપવાસીઓના હૃદયમાં એક ગભીર આનંદ હતો, એક ગુપ્ત ભયનો રોમાંચ પણ હતો.

તે પછી એક બે દિવસ લગી અમને તેની તાકાતનાં કેટલાંયે વર્ણનો સાંભળવા મળતાં રહ્યાં. સિંહ મોટામોટા હાથીને પણ મારી નાખે છે. પણ અહીં તે જે રીતે પાડાને મારે છે તેનું વર્ણન પણ ઘણું જ રોમાંચક હતું. સિંહ જાનવર ઉપર પાછળથી તરાપ મારે છે. સિંહની સામે જો જાનવર થઈ ગયું તો તેના પર તેને હુમલો કરવો સહેલો નથી હોતો. જૂનાગઢનો એક નવાબ તેના બાગમાં પુરાએલા સિંહ સાથે પાડાની કુસ્તી ગોઠવતો. પાડાને ખૂબ જ તાજોમાજો કરીને સિંહના વિશાળ પાંજરામાં દાખલ કરાવતો અને મકાનની અગાસી ઉપર બેસી ત્યાંના ખુલ્લા-જાળીવાળા ભાગમાંથી સિંહ-પાડાની લડાઈ જોતો. પાડો જો સિંહની સામે થઈ જતો તો પછી સિંહ તેને જીતી ન શકતો. કેટલો ય વખત લડાઈ ચાલતી અને થાકીને તે અંદરના ભાગમાં ચાલ્યો જતો. આમ બબ્બે ત્રણત્રણ દિવસ લગી આ લડાઈ ચાલતી. જો કે છેવટે તો સિંહ પાડાને મારી જ નાખતો. માત્ર સિંહ જ્યારે જાનવરની પીઠપર ત્રાટકે ત્યારે તેના એક જ પંજાના ઘાથી તે જાનવરનું (ભેંસ-ગાય-પાડા-ઈ.નું) પાછલું પડખું ચીરી નાખે. જાનવર એકદમ ઢીલું થઈ જાય, ભોંય પર ફસડાઈ પડે અને સિંહ તેને ગળેથી પકડી પછી મારી નાખે. અને પાડા જેવા ભારે પ્રાણીને પણ તે ગરદનથી પકડી આંચકો મારીને પોતાની પીઠ ઉપર ચડાવી દે, તેને ઘસડીને દૂર દૂર બે ચાર ખેતર જેટલે અંતરે પણ સુરક્ષિત સ્થાનમાં લઈ જાય! એક પાડા જેવા પ્રચંડ જાનવરને આમ રમતમાં ખેંચી જતા આ 'જાનવર'ની કેવી તાકાત હશે તેની કલ્પના તમે આથી કરી શકશો. સિંહના પંજા, તેની ગરદન, તેનું મોં તમને નજીકથી જોવા મળે તો તમને તેની આ પ્રચંડ શક્તિ તરત સમજાય. બીજે દિવસે અમે સક્કર બાગમાં તદ્દન નજીકથી સિંહને જોએલો. બાગમાં સાંજે ખુલ્લા ચોગાનમાં સિંહને છુટ્ટા મૂકે છે. વાડના સળિયાને ઠેઠ અડીને તમારાથી અર્ધો હાથ જેટલે દૂર પણ તે બેઠેલો હોય છે. ત્યાં એ ચોગાનના એક ખૂણામાં પાણીની કૂંડી હતી. સિંહ આવીને તેમાં પાણી પીવા લાગ્યો અને અમે તેનું ખૂબ ઝીણવટથી અવલોકન કરી શક્યા. શું ગજબનું માથું હતું! પાડાના કરતાં પ્રચંડ અને સુંદર. દિલ ધડકાવનાર પણ હતું જ. તેની કેશવાળી, તેનું મોં અને તેમાંથી લબલબ કરીને પાણી પીતી જીભ. આપણી બે હથેલી ભેગી કરીએ એટલી પહોળી એ જીભ હતી અને એક એક લબકારે શેર-બશેર પાણી તેના પેટમાં ચાલ્યું જતું હતું. અને કૂંડીમાંના પાણીમાં કેટલો તો અવાજ થતો હતો! પાણી પીને સિંહ પાછો ફર્યો અને વાડના સળિયાને ઘસાઈને થોડું ચાલ્યા પછી તેણે અમારા તરફ એકદમ પૂંઠ ફેરવી. ગામના જોવા આવેલા અનુભવી લોકો તો એકદમ પાછા હઠી ગયા. અમે તો સહેજ દૂર હતા જ. સિંહના પાછળના ભાગમાંથી એક જોરદાર ફુવારો છૂટ્યો! પેલા ભાઈઓ કહેવા લાગ્યા કે કેટલીક વાર તો તમને ખબર ન પડે અને તમને આખા ને આખા છાંટી નાખે! અને એમ ફુવારો છોડીને સિંહ, બધા ત્યાં ઊભા છીએ એની લેશ પણ નોંધ લીધા વિના દૂર દૂર ચાલ્યો ગયો. માણસ-જાતિએ તેને આમ પૂરી રાખ્યો હતો તેનું વેર લેવાની સિંહની આ રીત પણ કાંઈ જેવીતેવી અસરકારક ન હતી! બુદ્ધિશાળી માણસના સહ-વાસમાં રહ્યા પછી તે આટલું તો શીખે જ ને?

આધુનિક વિજ્ઞાનની બે અજબ સિદ્ધિઓ રેડિયો અને ટેલિવિઝન


લેખક: ગિરીશ વિ. દેસાઈ

આધુનિકયુગમાં મનોરંજનનું સાધન બની ગએલો રેડિયો વિજ્ઞાનની એક અદ્‌ભુત સિદ્ધિ છે. અવાજનાં મોજાંને અવકાશમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે તાર વગર મોકલવાની પદ્ધતિને રેડિયો-સંદેશવ્યવહાર પદ્ધતિ કહે છે. આ પદ્ધતિના મુખ્ય બે વિભાગ છે: (૧) ટ્રાન્સમિટિંગ સ્ટેશન=સંદેશો પાઠવનાર સ્થળ, અને (૨) રીસીવિંગ સ્ટેશન=સંદેશાને ઝીલનાર સ્થળ.


રેડિયો વિષે સમજતાં પહેલાં અવાજનાં મોજાં અંગેનું સામાન્ય જ્ઞાન મેળવવું જરૂરી છે. તળાવના પાણીમાં પથ્થર નાખતાં જે જાતનાં આંદોલનો (vibrations) ઉત્પન્ન થાય છે તે જ પ્રકારનાં આંદોલનો આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે (યા સંગીતના સૂર લહેરાય છે ત્યારે) હવામાં ઉત્પન્ન થાય છે. પણ અવાજનાં મોજાંઓને મુસાફરી કરવા માટે માધ્યમ(medium)ની જરૂર પડે છે. અવાજનાં મોજાંની ઝડપ છે સેકંડના ૧૦૯૦ ફીટ. આકૃતિ ૧માં દર્શાવ્યા પ્રમાણે અવાજના (યા પ્રકાશના) તરંગોમાં अ અને क બંને crests તરીકે ઓળખાય છે. એ બેઉ ક્રેસ્ટ વચ્ચેનું અંતર 'તરંગોની લંબાઈ (wave-length)' કહેવાય છે. દા. ત. બંને વચ્ચેનું અંતર ૧ ઇંચ હોય તો તરંગ-લંબાઇ ૧ ઇંચ છે એમ કહેવાય. જોકે વાસ્તવમાં અવાજની 'તરંગ-લંબાઇ' એ કરતાં ઘણી સૂક્ષ્મ હોય છે.

અવાજનાં આ મોજાંઓને સંદેશાના રૂપમાં મોકલવા માટે ટ્રાન્સમિટિંગ સ્ટેશનનો ઉપયોગ કરવામાં આવે છે. રેડિયોઘર, જ્યાંથી કાર્યક્રમો રજૂ થાય છે તે, બ્રૉડકાસ્ટિંગ સ્ટેશન તરીકે ઓળખાય છે. બ્રૉડકાસ્ટિંગ સ્ટેશનની મુખ્ય વસ્તુ છે 'માઇક્રોફોન' (microphone), જેને 'માઈક'ના ટૂંકા નામથી પણ ઓળખવામાં આવે છે. 'માઇક'નું કાર્ય અવાજનાં મોજાંઓનું વીજળિક શક્તિમાં રૂપાંતર કરવાનું છે. એની રચના તથા કાર્ય આકૃતિ (૨)ની મદદથી સરળતાથી સમજાશે.

માઇક્રોફોન વડે અવાજનાં આંદોલનોને વિદ્યુત્‌પ્રવાહમાં ફેરવી નાખવામાં આવે છે. આકૃતિ(૨)માં બતાવેલા પડદા 'क' પર અવાજનાં આંદોલન અથડાઇને તેમાં ધ્રુજારી ઉત્પન્ન થાય છે. આંદોલનોનો એ



અવાજનાં મોજાં, તેમાં ઉપર સમજાવ્યું તેમ अ અને क વચ્ચેના અંતરને તરંગલંબાઈ કહે છે. ઉપરનું મોજું લૉંગ વેવનું તથા નીચેનું શૉર્ટ વેવનું છે. બંને એક જ સરખા સમયમાં એક જ સરખું અંતર કાપવાનો પ્રયાસ કરે છે. તેમની લંબાઇ અને ફ્રીક્વન્સીમાં ફરક હોય છે. દા.ત. બિંદુ क આગળથી લૉંગ વેવ એક સેકંડમાં ચાર વખત પસાર થાય ત્યારે શૉર્ટ વેવ બાર વખત. આથી આ બેમાં લૉંગ વેવની ફ્રીક્વન્સી ચાર અને શૉર્ટ વેવની બાર થઇ. નીચે: આકૃતિ ૨માં માઇક્રોફોનની રચનાનો સિદ્ધાંત સમજાવ્યો છે.



પ્રવાહ क અને ख ની વચ્ચે રાખેલા કાર્બનના બારીક ભૂકા ग માંથી પસાર થાય છે. તેથી એના કણો આઘાપાછા થાય છે, એટલે એનો પ્રતિરોધ (resistance) પણ વત્તોઓછો થાય છે. આને પરિણામે કાર્બનના એ કણોમાંથી પસાર થતા વિદ્યુત્‌પ્રવાહમાં પણ તે જ પ્રમાણમાં વધઘટ થાય છે. એ વિદ્યુત્‌પ્રવાહને તારનાં જોડાણો વડે કન્ટ્રોલ રૂમમાં લઈ જવામાં આવે છે. 'માઇક'નો આ સિદ્ધાંત ટૂંકામાં સમજાવવા માટે એટલું જ કહી શકાય કે તેની મદદથી અવાજનું વિદ્યુત્‌-શક્તિમાં રૂપાંતર કરવામાં આવે છે.

આમ, રેડિયોઘરમાં રજૂ થતા કાર્યક્રમો માઈક દ્વારા કન્ટ્રોલ રૂમમાં પહોંચે છે. આ કન્ટ્રોલ રૂમ એ રેડિયોઘરનું 'મગજ' છે, જ્યાંથી અવાજનાં આંદોલનોને વિપુલ (amplify) કરવામાં આવે છે. આ ઉપરાંત, જુદીજુદી જાતના અવાજોનું સંમિશ્રણ કરીને કન્ટ્રોલ રૂમ તેનાં આંદોલનોને વિદ્યુત્‌શક્તિના રૂપમાં ટેલિફોનના તાર દ્વારા ટ્રાન્સમિટિંગ સ્ટેશન પર મોકલી આપે છે.

પછી ટ્રાન્સમિટિંગ સ્ટેશન અવાજના એ તરંગોને (એટલેકે વિદ્યુત્‌-શક્તિને) 'ઇલેક્ટ્રો મૅગ્નેટિક વેવ્ઝ'ના રૂપમાં ફેરવી નાખીને 'એરિયલ'ની મદદથી હવામાં પ્રસારિત કરે છે. 'આ ઇલેક્ટ્રો મૅગ્નેટિક વેવ્ઝ'માં રૂપાંતર પામેલી વિદ્યુત્‌શક્તિ(કે અવાજનાં મોજાંઓ)ની ઝડપ પણ પ્રકાશના તરંગોની ઝડપ જેટલી જ છે—એક સેકંડના ૧,૮૬,૦૦૦ માઈલ (અથવા ૩૦,૦૦,૦૦,૦૦૦ મીટર) વિદ્યુત્‌-મોજાંઓની આટલી અસીમ ઝડપને કારણે કેન્દ્ર પરથી વહેતો મૂકવામાં આવેલો કાર્યક્રમ આપણે તરત જ (ઈન્સ્ટન્ટેનિયસલી) સાંભળી શકીએ છીએ.

ટ્રાન્સમિટિંગ સ્ટેશને પ્રસારિત કરેલાં ઇલેક્ટ્રો મૅગ્નેટિક વેવ્ઝ અવાજના મોજાંઓની માફક ચારે દિશામાં મુસાફરી કરતાં હોવાથી રીસીવીંગ સ્ટેશનનું એરિયલ એ વેવ્ઝને તત્કાલ પકડી લે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ રીસીવિંગ સ્ટેશન (અથવા રેડિયોસેટ) માટે વપરાતા એરિયલની ઊંચાઈ ૧૬ ફૂટ કરતાં ઓછી ન હોવી જોઈએ.

એરિયલની મદદથી રેડિયોસેટ ઇલેક્ટ્રો મૅગ્નેટિક વેવ્ઝને પકડીને પોતાના તરફ ખેંચે છે એટલે તેનું કાર્ય શરૂ થાય છે. રેડિયોસેટનું આ કાર્ય ટ્રાન્સમિટિંગ સ્ટેશન કરતાં તદ્દન ઉલટું જ છે. એમાં વિદ્યુત્‌-શક્તિનું ફરીથી અવાજ(ધ્વનિ)માં રૂપાંતર કરવામાં આવે છે. આ કાર્ય રેડિયોસેટમાં રહેતા 'વાલ્વ'ને ફાળે આવે છે. વિજ્ઞાનની પરિભાષામાં તેને 'ઇલેક્ટ્રોન ટ્યુબ' પણ કહે છે. વિદ્યુતના અતિ સૂક્ષ્મ કણને ઈલેક્ટ્રોન કહે છે. 'ઇલેક્ટ્રોન ટ્યુબ' એ અત્યંત નાજુક વિભાગ છે. તેની અંદરના ભાગમાં લગભગ અવકાશ (વૅક્યુમ) જ હોય છે. તેની અંદર રહેલાં (૧) અબરખ(માઈકા)નો પાતળો પડદો તથા (૨) 'ફીલામૅંટ' અને (૩) 'કૅથૉડ' એ તેના મુખ્ય ભાગ છે. આ 'વાલ્વ' જો બગડે તો રેડિયોસેટમાં ગરબડ શરૂ થાય છે. ટૂંકમાં 'વાલ્વ' એ રેડિયોનું હૃદય છે. તેના વગર 'રેડિયો' માટે કાર્ય કરવું અશક્ય છે. 'અવાજ'નાં મોજાંઓમાં પરિવર્તિત થએલાં 'ઇલેક્ટ્રો મૅગ્નેટિક વેવ્ઝ'ને રેડિયોસેટના ધ્વનિવર્ધક યંત્ર દ્વારા મોટાં કરવામાં આવે છે. રેડિયોસેટની એ રચના અત્યંત ટૅકનિકલ હોવાને કારણે તેની વિગતોમાં ઊંડા ઉતરવાની જરૂર નથી.

દરેક રેડિયો સેટના ડાયલ પર જુદાં જુદાં સ્ટેશનોના કાર્યક્રમો સાંભળી શકાય એ માટે જુદાં જુદાં 'મીટરો'ના નંબર ધરાવતી તકતી

આપી હોય છે. તકતી પર બે જાતની 'વેવ લેંગ્થ' હોય છે: (૧) લૅાંગ વેવ અને (૨) શૉર્ટ વેવ. આ બંને વચ્ચેનો તફાવત આકૃતિ ૧ની મદદથી સમજી શકાશે. વેવ લેંગ્થ-તરંગોની લંબાઇ કોને કહેવાય એ તો આપણે જોયું. એ આકૃતિમાં દર્શાવેલા अ અને ब બંને જુદા જુદા તરંગો છે. આ બંને તરંગો બિંદુ क આગળથી પસાર થાય છે. એમાં એક સેકંડમાં જેટલા તરંગો क બિંદુ આગળથી પસાર થાય એ બધાને 'ફ્રીકવન્સી' અથવા 'સાઈકલ્સ' કહે છે. દા.ત. ૧ સેકંડમાં ૧૦ તરંગ પસાર થાય તો 'ફ્રીકવન્સી' યા 'સાઈકલ્સ' ૧૦ કહેવાય. આપણો કાન જે ધ્વનિ સાંભળી શકે તેની 'ફ્રીકવન્સી' ૧૬ થી ૨૦,૦૦૦ સુધીની હોય છે, જ્યારે રેડિયોનાં મોજાંની ફ્રીકવન્સી ૧૦ કિલોસાઈકલ્સ(૧ કિલોસાઇકલ=૧૦,૦૦૦ સાઈકલ્સ)થી ૩૦,૦૦,૦૦૦ કિલોસાઈકલ્સ જેટલી.

ટ્રાન્સમિટિંગ સ્ટેશન દ્વારા વહેતા મૂકવામાં આવેલા લૅાંગ વેવ તેમજ શૉર્ટ વેવ બંને એક જ સરખા સમયમાં એક જ સરખું અંતર કાપવાનો પ્રયાસ કરે છે, પરંતુ ફરક હોય છે ફક્ત તેઓની લંબાઈમાં અને ફ્રીકવન્સીમાં. બીજી રીતે જોઈએ તો क બિંદુ આગળથી લૅાંગ વેવ (લાંબા તરંગો) એક સેકંડમાં ઓછા પસાર થાય છે, જ્યારે શૉર્ટ વેવ (નાના તરંગો) વધારે પસાર થાય છે. એટલે લૅાંગ વેવની ફ્રીકવન્સી ઓછી છે જ્યારે શૉર્ટ વેવની વધારે. આ ઉપરાંત બીજાં બે નામો પણ છે: (૧) કિલોસાઈકલ્સ અને (૨) મેગાસાઈકલ્સ. ટૂંકમાં કિલોસાઈકલ એટલે લૅાંગ વેવ અને મેગા સાઈકલ એટલે શૉર્ટ વેવ. ઘણા રેડિયો પર બોલાતાં મીટર અને કિલોસાઇકલ્સ કે મેગાસાઈકલ્સ બંને એક જ વસ્તુનાં જુદાંજુદાં માપ છે. મીટર એ વેવ-લેંગ્થ(તરંગ-લંબાઇ)નું માપ છે, જ્યારે કિલોસાઈકલ્સ અને મેગાસાઈકલ્સ એ ફ્રીકવન્સીનું માપ છે. એ બંને વચ્ચેનો સંબંધ જોઇએ તો

$$\text{મીટર}=\frac{\text{૩,૦૦,૦૦૦}}{\text{કિલોસાઈકલ્સ}} \quad \text{અથવા} \quad \text{કિલોસાઈકલ્સ}=\frac{\text{૩,૦૦,૦૦૦}}{\text{મીટર}}$$

મેગાસાઈકલ્સ એ કિલોસાઈકલનું મોટું માપ છે. ૧,૦૦૦ કિલોસાયકલ્સ બરાબર ૧ મેગા સાયકલ.


હવે ઉપરના કોષ્ટક ઉપરથી એક દાખલો લઇએ. ધારો કે એક સ્ટેશન ૨૫૦ મીટર ઉપર આવે છે તો એ મીટરને આપણે નીચે મુજબ કિલોસાઈકલ્સમાં ફેરવી શકીશું:

$$\text{કિલોસાઈકલ્સ} = \frac{\text{૩,૦૦,૦૦૦}}{\text{૨૫૦ મીટર}} = \text{૧,૨૦૦ કિલોસાઈકલ્સ}$$

દરેક રેડિયો સ્ટેશન, પોતાના શ્રોતાઓ સારી પેઠે કાર્યક્રમ સાંભળી શકે તે માટે જુદીજુદી 'ફ્રીકવન્સી'નો ઉપયોગ કરે છે. એક જ ફ્રીકવન્સી પર બધાં જ સ્ટેશનોના કાર્યક્રમો રજૂ થતા હોત તો આપણે એકેનો કાર્યક્રમ સાંભળી ન શકત.

અહીં વાચકને એક પ્રશ્ન ઊઠે એ સ્વાભાવિક છે કે અવાજનાં મોજાંઓનું રૂપાંતર ઇલેક્ટ્રો મૅગ્નેટિક તરંગો યા રેડિયોનાં મોજાંઓમાં શા માટે કરવામાં આવે છે? આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે આપણે થોડી વિગતો જાણવી પડશે. આપણા બોલવાથી સાધારણ રીતે જે મોજાં હવામાં ઉત્પન્ન થાય છે તેને 'ઑડિયો વેવ્ઝ' (અવાજી મોજાં) કહે છે. 'માઈક'માં બોલવાથી વિદ્યુત્પ્રવાહમાં ફેરફારો થાય છે (જુઓ 'માઇક'ની રચના), અને એ ફેરફારોથી અવાજનાં આંદોલનોના જેટલી જ સંખ્યાવાળાં રેડિયો-મોજાં પેદા થાય છે. અવાજનાં આ રેડિયો-મોજાં આપમેળે દૂર જઈ શકે એમ ન હોવાથી તેઓને રેડિયોનાં વાહક મોજાં (કૅરિયર વેવ્ઝ—Carrier Waves) સાથે ભેળવવામાં આવે છે. આ વાહક-મોજાંઓ ટ્રાન્સમિટિંગ સ્ટેશનમાં ટ્રાન્સમિટર દ્વારા એકધારાં અને ઝડપથી પેદા કરવામાં આવે છે. વાહક-મોજાં સાથે અવાજનાં રેડિયો-મોજાં(ભળતાં વિકારી મોજાંઓ)પેદા થાય છે. વિકારી મોજાંઓને modulated waves (મોડ્યુલેટેડ વેવ્ઝ) તરીકે ઓળખવામાં આવે છે, અને તેઓને ચારે તરફ પ્રસારિત કરવામાં આવે છે. ટૂંકમાં, દૂર જઈ શકે તેવાં વાહક મોજાંઓ ઉપર સવાર થઈને અવાજી મોજાં-ઑડિયો વેવ્ઝ (audio waves) ચારેતરફ એક સેકંડના ૧,૮૬,૦૦૦ માઈલ અથવા ૩૦ કરોડ મીટરની ઝડપથી પ્રસરે છે.

આપણે જાણીએ છીએ કે દરેક રેડિયો સ્ટેશનને જુદીજુદી ફ્રીકવન્સી અને વેવલેંગ્થ હોય છે. સાથેના ચિત્રથી એનું કારણ વધુ સરળતાથી સમજાશે. દા.ત. અહીં બે માણસો બે બાજુથી પગથિયાં ચડવાનો પ્રયત્ન કરે છે. બંનેને સરખે અંતરે પહોંચવાનું છે. ડાબી બાજુના માણસને ફક્ત ચાર મોટાં પગથિયાં ચડવાનાં છે, જ્યારે જમણી બાજુનાને ૧૨ ટૂંકાં પગથિયાં. હવે જો બંને એક જ મિનિટમાં ચડી જાય તો ડાબી બાજુનાની ફ્રીકવન્સી દર મિનિટે ચારની અને જમણી તરફનાની દર મિનિટે ૧૨ની ફ્રીકવન્સી કહેવાય. ઓછી ફ્રીકવન્સીવાળાં મોજાં લાંબાં હોવાથી તે 'લૅાંગ વેવ્ઝ' અને વધુ ફ્રીકવન્સીવાળાં મોજાં ટૂંકા હોઇને 'શૉર્ટ વેવ્ઝ' કહેવાય છે, જે હકીકત આકૃતિ ૧ પરથી સમજાશે. આ વત્તીઓછી ફ્રીકવન્સીવાળાં મોજાંઓ(લૅાંગ વેવ્ઝ અને શૉર્ટ વેવ્ઝ)નાં વિકારી મોજાંઓ(મોડ્યુલેટેડ વેવ્ઝ) ટ્રાન્સમિટિંગ અગર બ્રૉડકાસ્ટિંગ સ્ટેશનના એરીઅલમાંથી નીકળીને પોતાની ફ્રીકવન્સીની શક્તિ અનુસાર દૂરદૂર સુધી પ્રસરે છે. એ ફ્રીકવન્સી જેટલી વધુ, તેટલાં જ વધુ દૂર એ મોજાંઓ પહોંચે છે. આથી જ વધુ દૂરનાં તથા પરદેશનાં સ્ટેશનો 'શૉર્ટ વેવ્ઝ' ઉપર જ સાંભળી શકાય છે. આ પ્રમાણે જુદીજુદી ફ્રીકવન્સીઓ ઉપરથી આવતા કાર્યક્રમો પોતાની ઓછીવત્તી શક્તિને કારણે એકબીજામાં ભળી જતાં નથી અને દરેક પોતપોતાની શક્તિ અનુસાર આપણા રેડિયોના એરીઅલ ઉપર ટકરાઇને અંદર ઊતરી આવે છે. અને અહીં રેડિયોના રીસીવર સેટમાંનો 'વાલ્વ' વાહક મોજાંઓને તથા અવાજનાં મોજાંઓને જુદાં પાડી નાખે છે. આને કારણે ફક્ત અવાજી મોજાંઓ જ લાઉડ સ્પીકર દ્વારા બહાર પડે છે. રેડિયો-સંદેશવ્યવહાર પદ્ધતિનું પ્રકરણ અહીં પૂરું થાય છે.



હવે આપણે કાર્યક્રમ વિષે કેટલીક વિગતો વિચારીએ. કેન્દ્ર પરથી રજૂ થતા કાર્યક્રમને અંતે ઘણી વાર જાહેરાત કરવામાં આવે છે કે 'આ કાર્યક્રમ અગાઉ અમારા સ્ટુડિયોમાં રેકૉર્ડ કરી લેવામાં આવ્યો હતો.' કાર્યક્રમનું રેકૉર્ડિંગ બે રીતે થાય છે: (૧) ડિસ્ક રેકૉર્ડિંગ ને (૨) ટેઇપ રેકૉર્ડિંગ. પહેલામાં ગ્રામોફોન પર વગાડી શકાય એવી જાતની રેકૉર્ડનો ઉપયોગ કરવામાં આવે છે, જ્યારે બીજામાં ફિલ્મ ટેઇપનો ઉપયોગ થાય છે. રેકૉર્ડિંગથી એક વાર રજૂ થઈ ગએલા સફળ કાર્યક્રમો ફરી ફરી વાર રજૂ થઈ શકે છે. આ ઉપરાંત, આપણા સમય સાથે અસંગત એવાં પરદેશનાં રેડિયો-સ્ટેશનોના કાર્યક્રમો આપણને તે વડે સાંભળવા મળે છે. રેડિયો સ્ટેશનોનો શ્રોતાવર્ગ વિવિધ પ્રકારનો હોઈ કાર્યક્રમોની પસંદગીમાં અત્યંત ધ્યાનપૂર્વક વૈવિધ્ય રાખવું પડે છે.

હવે આપણે ટેલીવિઝન અંગે કંઇક વિચારીએ. રેડિયો-સંદેશ વ્યવહાર પદ્ધતિનો શોધક હતો ઇટાલિયન વૈજ્ઞાનિક માર્કોની, જ્યારે ટેલીવિઝનનો પ્રણેતા છે ડૉ. વોરીકીન (Zworykin). પરંતુ તેની આગેકૂચમાં તો અનેક વૈજ્ઞાનિકોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.


ખરી રીતે જોતાં 'ટેલીવિઝન' શબ્દ જ આપણી સમક્ષ તેનું કાર્ય

ખુલ્લું કરી દે છે. 'ટેલી' એટલે અંતર અને 'વિઝન' એટલે દૃષ્ટિ, ટૂંકમાં ટેલીવિઝન એટલે 'દૂર-દૃષ્ટિ'.

ટેલીવિઝન પણ રેડિયો-સંદેશ-વ્યવહાર પદ્ધતિના સિદ્ધાંત પર જ કામ કરે છે. ફરક એટલો જ છે કે રેડિયોમાં અવાજનાં મોજાંઓનું રૂપાંતર થાય છે જ્યારે ટેલીવિઝનમાં પ્રકાશનાં મોજાંઓનું ઇલેક્ટ્રો મૅગ્નેટિક વેવ્ઝમાં રૂપાંતર કરવામાં આવે છે. રૂપાંતરની પદ્ધતિ રેડિયો-સંદેશ-વ્યવહાર પદ્ધતિ જેવી જ છે. પણ રેડિયો ને ટેલીવિઝન બંનેનાં ઇલેક્ટ્રો મૅગ્નેટિક વેવ્ઝમાં એક અત્યંત મહત્ત્વનો ફરક છે. રેડિયોનાં ઇલેક્ટ્રો મૅગ્નેટિક વેવ્ઝ (વીજચુંબક તરંગો) પૃથ્વીના ગોળ આકાર (કર્વેચર)નો માર્ગ લે છે, જ્યારે ટેલીવિઝનનાં વીજચુંબક મોજાં એવો માર્ગ નથી લેતાં. આ જ કારણને લઇને દૂરનાં સ્થળોને રેડિયોથી સાંકળી લેવાનું શક્ય બન્યું છે, જ્યારે ટેલીવિઝનને અંતર મર્યાદા નડે છે.

'ટેલીવિઝન' પર રજૂ કરવામાં આવતા કાર્યક્રમો માટે ટેલીવિઝન-કૅમેરા અત્યંત આવશ્યક છે. ટેલીવિઝન કૅમેરાની રચના ફોટોગ્રાફ લેવા માટે અથવા ફિલ્મ ઉતારવા માટે વપરાતા કૅમેરા કરતાં તદ્દન ભિન્ન છે. સામાન્ય કૅમેરામાં જેમ ફિલ્મનો ઉપયોગ કરવામાં આવે છે તેવો એમાં નથી થતો, પણ તેમાં ફિલ્મની જગ્યાએ ઈમેજ ઑર્થીકૉનનો ઉપયોગ કરવામાં આવે છે. ઇમેજ ઑર્થીકૉન ટ્યુબમાં ત્રણ મહત્ત્વનાં સાધનો છે: (૧) ફોટો ટ્યુબ જેનું કામ છે, પ્રકાશનાં મોજાંઓનું વિદ્યુત્ રૂપાંતર કરવાનું, (૨) કૅથોડ કિરણોની ટ્યુબ-જેનું કામ છે વિદ્યુત્-કણોનો એક તેજપુંજ બનાવવાનું તથા (૩) ઈલેક્ટ્રોન મલ્ટીપ્લાયર વિદ્યુત્‌કણોને વધારવાની શક્તિ આપવાનું કાર્ય કરે છે. ઇમેજ ઑર્થી-ટ્યુબનું મૂળ રહેલું છે આઇકોનોસ્કોપમાં.

હવે આપણે ફોટો ટ્યુબનું કાર્ય જોઇએ (જુઓ આકૃતિ). કેટલીક



ધાતુઓ એવી હોય છે કે તેના પર પ્રકાશ પડે તો તેમાંથી ઇલેક્ટ્રોન્સ નીકળે. ફોટોટ્યુબમાં આવી ધાતુનો ઉપયોગ કરવામાં આવે છે. એક હવા-શૂન્ય કાચના ગોળા खમાં ધાતુની એક તકતી क અને ફટો તાર ग દાખલ કરવામાં આવે છે. ફોટોટ્યુબની તકતીને વિદ્યુત્-બૅટરીના નેગેટિવ છેડા સાથે જોડવામાં આવે છે, જ્યારે તારને પોઝિટિવ છેડા સાથે. બંને વચ્ચેથી વિદ્યુત્ પ્રવાહ પસાર થઈ શકતો નથી. હવે द દીવાની મદદથી પ્રકાશનાં કિરણો प્र ધાતુની તકતી પર પાડવામાં આવે તો ધાતુમાંથી પ્રકાશનાં પ્રમાણસર ઇલેક્ટ્રોન પેદા થાય છે અને તેઓ ફટો તારના પૉઝિટિવ છેડા તરફ ખેંચાઈ જાય છે. આને લીધે ફોટો સેલ ઉર્ફે ધાતુની તકતીમાંથી પ્રવાહ પસાર થાય છે. પ્રકાશને ઓછોવત્તો કરીને આ પ્રવાહને ઓછોવત્તો કરી શકાય છે. પ્રકાશના ફેરફારથી પેદા થતાં આ મોજાંને પછી રેડિયોનાં ઝડપી મોજાંની મદદથી હવામાં પ્રસારિત કરવામાં આવે છે.

ઘરમાં રાખેલો 'એરિયલ' ટેલીવિઝનના ટ્રાન્સમીટિંગ સ્ટેશન પરથી મોકલવામાં આવેલાં વિકારી મોજાં(modulated waves)ને પોતાની તરફ ખેંચીને ટેલીવિઝન સેટમાં ઉતારે છે. ટેલીવિઝન સેટમાં રેડિયોના 'વાલ્વ'ની માફક 'કાઇનેસ્કોપ' વાપરવામાં આવે છે જે ફક્ત વિદ્યુતમાં પરિવર્તન પામેલાં પ્રકાશનાં મોજાંઓને જ જવા દે છે અને વાહક મોજાંઓને દૂર કરે છે. 'કાઇનેસ્કોપ' પર એક એવી જાતનું રસાયણ લગાડવામાં આવ્યું હોય છે કે જે ઇલેક્ટ્રોન્સ(વિદ્યુતના અતિ સૂક્ષ્મતમ કણ)નો મારો થતાં ચમકી ઊઠે છે. ટૂંકમાં ફોટોસેલ પર પડેલા પ્રકાશનું વિદ્યુતમાં પરિવર્તન થાય છે અને એ જ વિદ્યુત્-શક્તિનું પાછું પ્રકાશમાં પરિવર્તન થાય છે અને આપણે ટેલીવિઝન સેટના પડદા પર દૃશ્યો જોઇ શકીએ છીએ. ઓછાવત્તાં ઇલેક્ટ્રોન પરમાણુઓને કારણે કાળાંધોળાં દૃશ્યો જોઈ શકાય છે. જોકે હવે તો વિજ્ઞાન રંગીન દૃશ્યોને પણ ટેલીવિઝન દ્વારા રજૂ કરી શકે છે.

રેડિયોની તુલનામાં ટેલીવિઝન અત્યંત ખર્ચાળ છે. રેડિયોના ટ્રાન્સમીટિંગ સ્ટેશન કરતાં ટેલીવિઝનનું ટ્રાન્સમીટિંગ સ્ટેશન બનાવવાનો ખર્ચ ઘણો જ આવે છે. ટેલીવિઝનમાં દૃશ્ય રજૂ કરવા માટે વપરાતા કૅમેરાની કિંમત પણ ઘણી હોય છે. આનું કારણ એક જ છે કે આ કૅમેરા માટે ખાસ જાતના લેન્સ વાપરવા પડે છે. લેન્સની સંખ્યા લગભગ ત્રણથી ચારની હોય છે. રેડિયો-સ્ટેશન પરથી કાર્યક્રમ રજૂ કરનાર કલાકારોને આપણે ફક્ત સાંભળી જ શકીએ છીએ, જ્યારે ટેલીવિઝન પર દૃશ્યો દેખાતાં હોવાને કારણે ફિલ્મી સ્ટુડીઓમાં જે પ્રકારના સેટ ઊભા કરાય છે તેવા જ સેટ એમાં ઊભા કરવા પડે છે ને ખર્ચ વધી જાય છે. ભારત જેવા ગરીબ દેશને હજી ટેલીવિઝન સ્ટેશનો ઊભાં કરવાનું પરવડે તેમ નથી. તેમજ દેશના ગરીબ લોકો ખર્ચાળ ટેલીવિઝન સેટ ખરીદવા પૈસા કાઢી શકે એમ નથી. અત્યારે તો આપણે રેડિયો પાછળ જ આપણું સમગ્ર ધ્યાન રાખવું ઘટે.


ગિરીશ વિ. દેસાઈ

નવાં પુસ્તકો

'એવરેસ્ટનું આરોહણ': જગતના સર્વોચ્ચ શિખર એવરેસ્ટ પરનો વિજય એ જગતના ગણનામાન્ય સાહસવિક્રમો પૈકીનો એક છે. તેની કડીબદ્ધ વિગતો નિરૂપતું પુસ્તક આપણા સાહિત્યમાં ખૂટતું હતું. સાહસનાં પુસ્તકો ગુજરાતી સાહિત્યમાં બહુ ઓછાં લખાયાં છે. અને વેચાયાં છે તો તદ્દન ઓછાં. એ ખોટ પૂરી કરતું આ પુસ્તક એવરેસ્ટ-આરોહણના અગાઉના પણ સઘળા જ પ્રયાસોને કડીબંધ અને વિગતવાર નિરૂપે છે. એવરેસ્ટ-આરોહણના ઇતિહાસની વિગતેવિગતનો પરિચય આપવાની લેખકે પ્રયત્નપૂર્વકની મહેનતલીધી છે. શૈલી વિદ્યાર્થી વાચકને સમજાય તેવી સરળ, ચિત્રાત્મક અને પ્રેરક છે. ચિત્રો પણ જોકે પુસ્તકને લગભગ પાનેપાને આપવામાં આવ્યાં છે, છતાં તેનું નિરૂપણ ક્યાંક ક્યાંક અસંતોષકારક છે. ઊગતી પેઢીના વિદ્યાર્થીઓમાં સાહસ-સ્ફુરણા જાગે તે માટે માધ્યમિક શાળાનાં ઉપલાં ધોરણોમાં ચલાવી શકાય તેવા આ પુસ્તકના દરેક પ્રકરણને અંતે સ્વાધ્યાય સુદ્ધાં આપવાની કાળજી રાખી છે. એવી જ કાળજી ચિત્રો પરત્વે રાખવી જોઇતી હતી. લેખક: રમણલાલ ચીમનલાલ શાહ, પ્રકાશક: મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ, નાણાવટ, સુરત, કિં. રૂા. ૧-૯-૦; **સુમંગલા**: ભદ્ર ધનિક લોકોના જીવનમાં ડોકિયું કરાવી જતી શિવકુમાર જોષીની આકર્ષક વસ્તુવિકાસ ને સંવાદી સંવિધાનવાળી સૌષ્ઠવ-સંપન્ન સુખાન્ત નાટિકા, ૧–૮–૦; **માતા થનારને**: લગ્ન, ગર્ભાધાન, ગર્ભપાલન અને બાળઉછેર-જીવનના એ મહત્ત્વના વિષયોનું શાસ્ત્રીય માર્ગદર્શન કરાવતું પુસ્તક, લેખક: દેસાઇભાઇ નાથાભાઈ પટેલ, ૧–૪–૦, ત્રણે પુસ્તકોના પ્રકાશક ગુર્જરગ્રંથરત્નકાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ: **મોતી**: માનવમાં રહેલાં સત્-અસત્ તત્ત્વોને નિરૂપતી જૉન સ્ટાઇનબેકની મૂળકૃતિના જયંતીદલાલે કરેલા અનુવાદ પરથી સરળ રસિક સંક્ષેપ, સંક્ષેપકાર: જયંતીદલાલ ને પુષ્કર ચંદરવાકર; **માઝમરાત**: ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની નવતર ને સફળ વિશિષ્ટ ત્રિ-અંકી નાટિકા, ૧-૪-૦.

પોતાનું જ અંગ હોવા છતાં પરદેશી હકૂમતને કારણે આપણાથી તદ્દન અળગા પડી ગએલા ભૂ-ભાગ

ગોવા



સ્વતંત્ર ભારતમાં હજી યે પરદેશી હકૂમત તળે ભીંસાઈ રહેલા ગોવાના નામથી તો આજે ભાગ્યે જ કોઇ અજાણ રહ્યું હશે. હિંદમાં નાનકડા પોર્ટુગીઝ સંસ્થાનની રાજસત્તાએ લોકોના પ્રાથમિક હક્કો પણ દાબી દેવાનો જે પ્રયત્ન ડૉ. રામમનોહર લોહિયાની ત્યાંની મુલાકાત વખતે કરેલો અને તેનો તેમણે સામનો કરેલો ત્યારથી એ સંસ્થાન લોકજીભે ગવાતું થયું છે.

ભારતને પશ્ચિમકિનારે આવેલું ફક્ત ૧૩૦૧ ચોરસ માઈલ વિસ્તારનું એ ફિરંગી સંસ્થાન ઉત્તર-દક્ષિણ વધુમાં વધુ ૬૨ માઈલ અને પૂર્વપશ્ચિમ વધુમાં વધુ ૪૦ માઈલનો વિસ્તાર ધરાવે છે. આમ, ભારતના પશ્ચિમ કિનારા પર આટલો આ નાનકડો ભાગ તદ્દન પરદેશી હકૂમત નીચે હોઈ સ્વતંત્ર ભારતથી અનેક રીતે અળગો પડી જાય છે.

ઐતિહાસિક રીતે સામાન્યતઃ આપણે વાસ્કો દ ગામાના અહીંના આગમન પછીના કાળથી ગોવાથી પરિચિત છીએ, છતાં તદ્દન જુદી જ જાતિ ફિરંગીઓ–પોર્ટુગીઝોના કબજાનો એ પ્રદેશ હોઈ તેની ઐતિહાસિક-ભૌગોલિક અને સાંસ્કૃતિક ઘણી બાબતોથી આપણે બહુ પરિચિત નથી. પણ હકીકતે ગોવા એ ભારતનો છેક પુરાણકાળથી જાણીતો ભાગ છે. પુરાણોમાં ગોમાંચલ, ગોમંત, ગોવાપુરી, ગોવકપુર અને ગોવકપટ્ટન વગેરે નામોથી એ જાણીતું હતું. સ્કંદપુરાણમાં એવો ઉલ્લેખ છે કે પરશુરામે મિથિલાના ત્રિહોત્રપુર(હાલનું તિરહટ)થી સારસ્વત બ્રાહ્મણોના કેટલાંક કુટુંબોને સંસ્કાર-પ્રસારાર્થે લાવીને અહીં વસાવેલાં. ત્યાર બાદના ગોવાના ઇતિહાસમાં આપણને જે કંઈ જાણવા મળે છે તે પરથી લાગે છે કે ભારતના પશ્ચિમ કિનારાનાં જે કંઈ બંદરોનાં નામો ગ્રીક લોકો જાણતા હતા તેમાં ગોવા પણ હતું. છેક પરદેશ સુધી ખ્યાતિ પહોંચે એટલું બધું એ જાણીતું હોઈ એની એ કાળની સમૃદ્ધિ વિષેની કલ્પના સહેજે કરી શકાય એમ છે. આ ઉપરાંત, તેનો પ્રથમ લેખિત ઉલ્લેખ આપણને સમ્રાટ અશોકના રાજ્યવિસ્તારના વર્ણનમાં જોવા મળે છે. એમાં જણાવાયું છે કે પશ્ચિમમાં અશોકનું સામ્રાજ્ય ગોમાંતકની દક્ષિણે વહેતી કલ્યાણપુરી નદી સુધી વિસ્તરેલું હતું.

આ પછી મૌર્ય સામ્રાજ્યની પડતી બાદ ગોમાંતક બાણવંશના કદંબોના હાથમાં આવ્યું. ઇ. સ. ૧૨૦માં ત્રિલોચન કદંબે આ રાજ્યને સંપૂર્ણ આબાદીએ પહોંચાડ્યું. આ ત્રિલોચન કદંબ બહુ શક્તિશાળી રાજા હતો, આવો જ બીજો રાજા હતો જયકેશી કદંબ. આ કદંબોએ પોતાના આ સામ્રાજ્યને ઘણું જ વ્યવસ્થિત બનાવેલું. તેમણે વેપારવાણિજ્ય માટેના ઘણા નિયમો ઘડી જકાતખાતાની પણ સ્થાપના કરેલી એટલું જ નહિ, પણ પરદેશી વેપારીઓની સગવડ સાચવી શકે તેવા ઉતારાઓની પણ સરસ સગવડ રાખેલી. ઈરાન, અરબસ્તાન, મિસર, ચીન અને એવા દૂર દૂરના દેશોનાં વહાણો એના બંદરમાં કાયમ જોવા મળતાં, અને આ પરદેશીઓ સાથેના વ્યાપારથી રાજ્યને પણ ઘણી સારી આવક મળતી હોઈ તેની સમૃદ્ધિમાં દિવસેદિવસે વધારો જ થતો રહેતો. કિનારા પર કાનડાથી મુંબાઈ અને અંદર સહ્યાદ્રિની હારમાળાઓ સુધી આ કદંબોની આણ વર્તતી. કદંબ વંશમાં ઘણા બહાદુર અને સાહસિક રાજાઓ થઈ ગયા. આમાંનો એક તો ઈ. સ. લગભગ ૧૦૦૫ થી ૧૦૫૦ સુધીમાં છેક સિલોન સુધી પોતાના રાજ્યની સીમા વિસ્તારી ત્યાંના રાજકુંવરને પોતાના કેદી તરીકે ઉપાડી લાવેલો! ગોમાંતક–ગોવાને આમ સમૃદ્ધિની ટોચે પહોંચાડનાર આ કદંબ વંશના બારેક રાજાઓએ આ પ્રદેશ પર સત્તા ભોગવી, અને ઈ. ૧૩૧૨માં પ્રથમ વાર મલિક કાફૂર વડે એ મુસલમાનોના હાથમાં ગયું ત્યાં સુધી એ વંશ ચાલ્યો. પણ મુસલમાનોના અમલથી ત્રાસી જઈ પ્રજાએ આખરે પોતાની મુક્તિ માટે વિજયનગરના સામ્રાજ્ય પાસે મદદ માગી. વિજયનગરનો રાજા હરિહર હિંદુ પક્ષનો મહાન પુરસ્કર્તા હોઈ એણે પોતાના પ્રધાન વિદ્યારણ્ય માધવને મોકલી ઈ. સ. ૧૩૭૦માં મુસ્લિમો પાસેથી ગોવા લઈ લીધું. અને ત્યાર પછી વિજયનગરના હિંદુ સામ્રાજ્યના વહીવટ નીચે એ રહ્યું. એ કાળ વિજયનગરના સામ્રાજ્યની ચડતી કળાનો હતો. છેક દરિયાપારના દેશો સુધી ખ્યાતિ પામેલું આવું બંદર એ સામ્રાજ્યના હાથમાં આવતાં એનો વેપાર પણ ખૂબ જ ખીલ્યો. સૌરાષ્ટ્ર અને ઓરમુઝના અશ્વોનો વેપાર અહીં ઘણો વિકાસ પામેલો, કેમકે વિજયનગરને પોતાના સામ્રાજ્યવિસ્તાર માટે અશ્વોની સદા અનિવાર્ય જરૂરત રહેતી. અને આમ લગભગ એક સદી સુધી સુખશાંતિ અનુભવતા એક મોટા સામ્રાજ્યના એ ધીકતા બંદર વડે એની સમૃદ્ધિ છેક ટોચે પહોંચી. પણ સદા બનતું આવ્યું છે કે અતિ સમૃદ્ધિ જ ક્યારેક અધોગતિનું કારણ બને છે. ગોવાનું યે તેમ જ બન્યું. અને આથી જ

કોઈ તકની રાહ જોઈ રહેલા દખ્ખણના તેરમા બહમની સુલતાન મહમ્મદશાહ બીજાએ પોતાના પ્રધાન મહમ્મુદ ગાવાંને ગોવા હાથ કરવા મોકલ્યો. એક વરસ સુધી લડાઈ લડયા કરી આખરે એણે ઈ. ૧૪૭૦માં એ પ્રદેશ કબજે કર્યો. આમ, હવે ગોમાંતક બિદરના મુસ્લિમ રાજ્યનો એક ભાગ બની ગયું. આ રાજ્યવંશનો જ્યારે અંત આવ્યો ત્યારે ગોમાંતક બિજાપુરની તાજી જ સ્થપાએલી આદિલશાહીના સ્થાપક યુસુફ આદિલશાહના હાથમાં ગયું. ઈ. સ. ૧૪૯૮માં વાસ્કો દ ગામા જ્યારે અહીં આવ્યો ત્યારે તે આ આદિલશાહીમાં જ હતું અને તે પછી ઈ. સ. ૧૫૧૦માં આલ્બુકર્કે તે સર કર્યું ત્યાં સુધી એ આદિલશાહીમાં જ રહેલું.

આ કાળ દરમિયાન ભારતની અંદરના પ્રદેશોમાં વસતા મુસ્લિમો માટે મક્કાની હજ કરવા જવા માટેનું આ જ એક બારું હતું. યુસુફ આદિલશાહ અહીંના રમણીય પ્રદેશથી ઘણો મુગ્ધ હતો, અને એથી મોટે ભાગે એ અહીં જ રહેતો હોઈ એક રીતે એનું મહત્ત્વ એક રાજધાની જેટલું વધી ગયું હતું. જ્યારે ઈ. સ. ૧૫૧૦ની ૧૭મી ફેબ્રુઆરીએ આલ્બુકર્કે ગોવાને ઘેરો ઘાલ્યો ત્યારે આદિલશાહ અહીં હાજર ન હતો તેથી, કે લોકોક્તિ પ્રમાણે કોઈ એક જોગીએ ગોવા પર દૂરદૂરના પરદેશીઓની સત્તા સ્થપાવાનું આગમ ભાખેલું હતું એથી, હતાશ થએલી ગોવાની પ્રજાએ તથા વહીવટકર્તાઓએ ખાસ કંઇ સામનો કર્યો નહિ. આલ્બુકર્કે પોતાના ભત્રીજાને, ગોવાનો કિલ્લો સર કરવા મોકલ્યો ને કોઈ પણ જાતના સામના વિના એણે એ હાથ કર્યો.

આલ્બુકર્કે જ્યારે ગોવા સર કર્યું ત્યારે તે શહેરને ભારતમાંના તત્કાલીન ને ભાવિ ફિરંગી અમલનું મુખ્ય મથક બનાવવાની તેની પાકી ગણતરી હતી. અને આથી એ સ્થળને સલામત બનાવવા તેણે તરત જ ત્યાંની કિલ્લેબંધીને સમરાવી તેની મજબૂતાઈ વધારવામાં ધ્યાન કેન્દ્રિત કર્યું, અને ગોવા સર કરવામાં પોતાને મદદ કરનાર તિમય્યાને બોલાવ્યો. આ તિમય્યાએ પોતાની ભૂતકાળની સેવાના બદલામાં આલ્બુકર્ક પાસે આ પ્રદેશ માગેલો. એવી સમજૂતી તેણે કરેલી કે આ પ્રદેશ અગાઉના રાજાઓને જે મહેસૂલ આપતો તે આવક તે આલ્બુકર્કને આપશે. પણ આલ્બુકર્કને તો ગોવાને પોર્ટુગીઝ મથક બનાવવું હતું. એથી પોતાની ઇચ્છા બર ન આવતાં નિરાશ થએલા તિમય્યા પાસેથી તેણે અગાઉ નક્કી કરેલા મહેસૂલ કરતાં કેટલીક વધુ રકમ લઇને ગોવા સિવાયનો કેટલોક પ્રદેશ આપી તેને પટાવીલીધો. આમ, જોઈ શકાશે કે પોર્ટુગીઝોએ ગોવા સર કર્યું તો એ તિમય્યા અને ગેરસપ્પા જેવા હિંદીઓની મદદથી જ, પણ એમને એ કયાં ખયાલ હતો કે જેની એમણે મદદ શોધી હતી એ આ અજાણ્યા પરદેશીઓ જ એમના દુશ્મન બની બેસશે?

અદિલશાહે ગોવા ગુમાવ્યાના ખબર સાંભળ્યા કે તુરત તે પાછું મેળવવાના તેણે પ્રયાસો આદર્યા. એક સંદેશવાહકને મોકલી આલ્બુકર્કને ગોવાના બદલામાં બીજાં સ્થળો આપવાની તેણે દરખાસ્ત મૂકી જોઈ. પણ આલ્બુકર્કે એ નકારી. આદિલશાહ હવે ૬૦,૦૦૦ના જંગી લશ્કર સાથે ગોવા પર ચઢી આવ્યો. પોતાની તીવ્ર ઇચ્છા છતાં કિલ્લામાં ટકાવ નહિ કરી શકતાં આખરે ઈ. ૧૫૧૦ની ૨૦મી મેએ આલ્બુકર્કને સંકેલો કરી ગોવા છોડવું પડ્યું. જોકે આલ્બુકર્કનો ગોવા મેળવવાનો આ પ્રથમ પ્રયાસ આમ નિષ્ફળ ગયો, છતાં તેનો ખયાલ તેણે છોડયો નહોતો જ. એણે ફરી ગેરસપ્પા ને તિમય્યાને હાથ પર લેવા માંડયા.

પોર્ટુગીઝોને હાંકી કાઢી આદિલશાહે પોતાના એક સરદાર રસૂલખાનને આઠ-દસ હજારનું લશ્કર આપી ગોવાનો વહીવટ સોંપ્યો હતો. આદિલશાહના મરણ પછી ગાદીવારસ માટેના ઝઘડા શરૂ થયા. તિમય્યાએ આ તક ઝડપી લેવા આલ્બુકર્કને કહેવડાવ્યું. અને આલ્બુકર્કે ૨,૦૦૦ ફિરંગીઓ સાથે ૨૩ વહાણોનો કાફલો લાવી એ જ વર્ષના નવેમ્બરની ૨૫મીએ ગોવા પર હુમલો કરી અગાઉથી નક્કી કરી રાખેલી યોજના અનુસાર તે સર કર્યું.

આ વેળા આલ્બુકર્કે પોતાના સૈનિકોને જે હાથ ચડે તે લૂંટવાની પૂરી છૂટ આપી હતી એટલે શહેરની શી હાલત થઈ હશે તે એક ઇતિહાસકારના શબ્દોમાં જ જોઇએ: 'ગોવા સર કર્યા પછી આલ્બુકર્કે પોતાના સરદારોને દોરવણી આપતાં સૂચવ્યું કે આખા ટાપુમાં ચાંપતી તપાસ કરી એકેએક મૂરની–સ્રી-પુરુષ કે બાળકની સુદ્ધાં–જ્યાં દેખાય ત્યાં કતલ કરી નાખવી. કેમકે વ્યાપારમાં ફિરંગીઓના કટ્ટર હરીફ મૂર લોકોનું એક પણ બીજ અહીં રહેવા દેવા તે ઇચ્છતો નહોતો.'

૨૨મી ડિસેમ્બર ૧૫૧૦ના પોતાના રાજા પરના પત્રમાં આ બનાવને વિષે જણાવતાં આલ્બુકર્ક પોતે લખે છે કે—

'ગોવા સર કરતાં તુર્કોએ ૩૦૦ ઉપરાંત માણસો ગુમાવ્યા છે. આ ઉપરાંત, રસ્તાઓમાં જ્યાં ત્યાં પોતાનો બચાવ કરવા જતાં જાન ગુમાવેલાંઓની લાશો રખડે છે. નદી ઓળંગી નાસતાં અનેકો ડૂબી મર્યાં છે. શહેર છતી મેં એને સળગાવી મૂકયું છે. અને ભયંકર કતલ ચલાવી એકેયને બચી જવા દીધેલ નથી. અલબત્ત, ખેડૂત કામદારો ને બ્રાહ્મણોને આમાંથી બાકાત રાખ્યા છે, પણ જે મૂરો મરાયા છે એનો આંકડો ૬,૦૦૦ ઉપરાંતનો છે. ખરેખર આ એક મોટું કામ હતું અને તે સફળતાથી પાર પડ્યું છે.

ઘણી મૂર સ્રીઓને કબજામાં લઈ, અહીં સ્થાયી વસવાટ કરવા ઇચ્છતા આપણા લોકો જોડે પરણાવી દીધી છે.

હાલ તો ચિંદગોલાથી ગોવા સુધીનો સળંગ પ્રદેશ આપ નામદારની સત્તા તળે છે. આપ નામદારના ધ્યાન તળે હું આ વાત લાવવા માગું છું કે ગોવા એ એક એવો અગત્યનો પ્રદેશ છે કે ભારતમાંની આપણી બીજી હકૂમતો ગુમાવવાનો આપણને વખત આવે તો અહીંથી તે બધી ફરી હાથ કરી શકાય તેમ છે.'

ગોવા સર કર્યા બાદ પોર્ટુગીઝોની નેમ દીવ-દમણ તરફ ફરી અને એ પણ એમણે આખરે હાથ કરી લીધાં, અને રાજ્ય-વિસ્તારના એમના આ પ્રયત્નોમાં એમની કોઇ રાજકીય ગણતરી દેખાય એ કરતાં એમણે એ મેળવતાં પ્રત્યેક સ્થળે લૂંટફાટ, કતલ અને ગામો બાળી નાખવાની જે પ્રવૃત્તિ આદરી હતી તે પરથી તો તેઓ કોઈ રાજદ્વારીને બદલે ચાંચિયા-લૂંટારા જ વધુ લાગે તેવી હતી. એમની વટાળ-પ્રવૃત્તિ અને ગેરવહીવટથી એની પ્રજા કદી સંતોષ પામી નથી અને એવાં કારણોથી જ આજે ત્યાંની પ્રજા તેમને હાંકી કાઢવા તૈયાર થઈ છે.

આમ, હિંદમાંનું આ પોર્ટુગીઝ સંસ્થાન વચ્ચે ૧૭૯૯થી ૧૮૧૫ સુધી બ્રિટિશોના વહીવટ તળે જવા સાથે અનેક પ્રકારની ચડતીપડતી જોતું આવ્યું છે. અને હજી આજે યે સ્વતંત્ર ભારતની ભૂમિ પર ત્રિરંગી ઝંડાની છાયા વિનાની એ ભૂમિ સ્વાતંત્ર્ય માણ્યા વિનાની પડી છે.

પણ ગોવાનાં આ સંસ્થાનોનો રાજકીય ચડતીપડતીનો ઇતિહાસ હવે બાજુએ મૂકી આપણે તેની બીજી બાજુઓ જોઇએ: ઇતિહાસના પટ પર જુદાજુદા સમયે આ સંસ્થાનનાં ત્રણ મુખ્ય શહેરોએ 'ગોવા' નામ ધારણ કર્યું છે. અને એ નામોનો ઇતિહાસ દક્ષિણ હિંદના ઇતિહાસનાં ત્રણ પ્રકરણોનું નાનુંશું પ્રતિબિંબ બની રહે છે. પુરાણોમાં ગી, ગોપુરી અને ગોમન્ત તરીકે જે નગરનો ઉલ્લેખ છે, અને જેને મધ્ય યુગમાં મુસલમાનો–ખાસ કરીને આરબો સિંદબર અથવા સિંદબુર તરીકે ઓળખતા હતા તે ગોવાનગર તો છેક અંતરાળમાં વસેલું હતું. પરંતુ હાલ તો તેનું નામોનિશાન પણ નથી રહ્યું. ઈસવી સનના છેક બીજા સૈકાથી માંડીને ઈ. ૧૩૧૨ સુધી જેના પર કદંબ વંશની આણ

વર્તતી તે આ નગર. ત્યાર બાદ તે ઇસ્લામી આક્રમકોના હાથમાં અને તેમની પાસેથી ઈ.૧૩૭૦માં ફરી પાછું વિજયનગરના હિંદુ રાજકારભાર નીચે લઈ લેવાએલું. આજે તો હવે એ નગર માત્ર નામશેષ જ રહ્યું છે.

બીજું શહેર તે હાલ જૂના ગોવા તરીકે ઓળખાતું નગર. આજે ખંડિયેર હાલતમા એનાં નામોનિશાન મળી રહે છે. વાસ્કો-દ-ગામાએ હિંદને કિનારે પગ મૂક્યો ત્યાર પહેલાં માત્ર ૧૯ વર્ષ અગાઉ જ ૧૪૭૯માં, બિજાપુરના મુસ્લિમ બાદશાહે એ વસાવેલું. આલ્બુકર્કે જેના પર હુમલો કરી ભારતમાં પોર્ટુગીઝ સત્તાનો પાયો નાખ્યો તે આ શહેર. ત્યારથી તે પૂર્વના ફિરંગી સામ્રાજ્યનું મુખ્ય મથક બની રહ્યું હતું. ફિરંગીઓના કબજામાં આવ્યા પછી એ શહેર ઉત્તરોત્તર એટલો વિકાસ પામતું ગએલું કે સોળમા સૈકામાં તો તે પૂર્વ અને પશ્ચિમના સમગ્ર વેપારનું મુખ્ય કેન્દ્ર હતું ને ફિરંગી સામ્રાજ્યના પાટનગર લિસ્બનના જેટલા જ દરજ્જાના હક્કો ભોગવતું, એટલું જ નહિ તેની સ્પર્ધા પણ કરતું. પણ સત્તરમા સૈકામાં થએલી ફિરંગીઓની પડતી સાથે એ જાહોજલાલ શહેરની યે પડતી થતી ગઈ ને આજે તો તે માત્ર કૅથૉલિક ધર્મસામ્રાજ્યના એક પુરાણા કેન્દ્રના સ્મૃતિસ્થાન તરીકે ઓળખાઇ રહ્યું છે. તેની મૂળ ૨,૦૦,૦૦૦(બે લાખ)ની વસતિને બદલે ઈ.૧૯૦૦ માં તો ગરીબીના અવતાર સમા માત્ર ૨,૦૦૦ માણસોની વચ્ચે ઊભેલી ઉન્નત ને વિશાળ ધાર્મિક ઇમારતોના ખંડિયેર જેવું જ તે શેષ રહ્યું હતું. હવે તો એ વસતિ યે ત્યાં ન રહેતાં કેવળ એ નિર્જન ખંડિયેરોનો રાશિ બની ગયું છે. તેમાં સંત કૅથેરાઈન, સંત ફ્રાન્સિસ ને બૉમ જિસસના દેવળમાં સોનારૂપા અને ઝવેરાતથી મઢેલી એક કલામય મંજૂષામાં સંત ઝેવિયરના અવશેષો રાખવામાં આવ્યા છે. અમુક વર્ષે અહીં મેળો ભરાય છે ત્યારે સંત ઝેવિયરના આ શબને બહાર કાઢી લોકોને તેનાં દર્શન કરાવવામાં આવે છે.

અહીંના પ્રદેશોમાં શિવ, સૂર્ય તથા એની બીજી ખંડિત થએલી મૂર્તિઓ પણ નજરે પડે છે. પ્રથમ અહીંના લોકો હિંદુ હોવાથી તેમનામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા વિભાગો જોવામાં આવે છે ને હિંદુ ધર્મના સંસ્કારોનાં કેટલાંક ચિહ્નો પણ માલૂમ પડે છે.

સંત ઝેવિયરની કબર તો, જીનોવા અને ઇટાલીના કારીગરોએ આરસમાં કરેલા રૂપાના જડતરકામની બેનમૂન કલાનો નમૂનો ગણાય છે. એક મકરબાના વિશાળ અને ઊંચા ખંડમાં ચોતરફ સોનાના જડતરકામવાળાં સીસમ ને ચંદનનાં કબાટો આવેલાં છે જેમાં આવેલાં પાંચસો ખાનાં, ત્યાં તેટલી જ સંખ્યાના પાદરીઓને એક સાથે સમાવી શકવાની તેની વિશાળતા દર્શાવે છે અને તેની જાહોજલાલ સ્થિતિનો ખ્યાલ આપે છે. તે ઉપરાંત એક વખત જેસ્યુઈટ પાદરીઓનો સમગ્ર હિંદનું મુખ્ય કેન્દ્ર ગણાતો, કૉન્વેન્ટ-મઠ તથા સંત કૅથેરાઈનના દેવળની ગૅલેરીમાંનાં કલાના ઉત્કૃષ્ટ નમૂના જેવાં ચિત્રોનો સંગ્રહ પણ આજે તદ્દન ખિસ્માર હાલતમાં છે.

ત્રીજું ગોવા તે આજનું પજિમ ઉર્ફે નવા ગોવા. બિજાપુરના શાહ આદિલશાહે ગોવાના રક્ષણ માટે દરિયાકિનારે આ શહેરનો કિલ્લો મૂળ બંધાવેલો, અને એ પોતાના રાજધાનીના મથકને જૂના ગોવાથી અહીં ફેરવવાનો હતો તે અરસામાં જ આલ્ફોન્ઝો આલ્બુકર્કે ઈ. ૧૫૧૦ની ૧લી માર્ચે તેનો કબજો લીધો. ને ત્યારથી તે અત્યાર સુધી તે ફિરંગીઓના હાથમાં જ રહ્યું છે.

માંડવી નદીના કિનારે દરિયાથી ત્રણ માઈલ અંદર આ શહેર વસેલું છે. તેનું ક્ષેત્રફળ આઠ ચોરસ માઈલનું છે. જૂનું ગોવા નાશ પામતું જતું હતું ત્યારે, ઈ. ૧૭૫૦ માં ફિરંગીઓએ પોતાનું મથક આ સ્થળે ફેરવ્યું હતું. સ્વચ્છ ને સુઘડ હારોવાળાં તેનાં મકાનો, રસ્તા અને ઠેકઠેકાણે બાગબગીચામાં ઊભરાઇ જતી લીલોતરીથી પ્રથમ નજરે જોનારની આંખમાં તેની જે છાપ વસી જાય છે તે એકદમ ભૂંસી શકાતી નથી. શહેરોની જંજાળોમાંથી આસાયેશ લેવા ઇચ્છનારાઓને અહીં શહેરની બધી સગવડો સાથેસાથે એકાન્ત અને મધુરું શાંત વાતાવરણ મળી રહે છે. વળી ભારતમાં અંગ્રેજી અમલ દરમિયાન ને તે પછી યે હિંદ કરતાં અહીં જકાત ઓછી હોવાથી મુસાફરો ઘણે થોડે ખર્ચે અહીં સારી રીતે રહી શકે છે. શહેરની બહાર થોડે દૂર જૂનું ગોવા, મામાંગાઓ અને પૉન્ડા જોવા જેવાં સ્થળો છે. પૉન્ડામાં આવેલું શાંતિદુર્ગાનું એક પ્રાચીન મંદિર નોંધપાત્ર છે.

અહીંની મુખ્ય નિકાસ નાળિયેર, ફળો, તેજાના ને સોપારી, અને મુખ્ય પેદાશ ચોખા છે. ખનિજમાં મળતાં લોખંડ અને મૅંગેનિઝ જૂજ-જૂજ જ બહાર કઢાય છે. વસતિ મુખ્યત્વે ખ્રિસ્તી અને હિંદુની. ભાષા કોંકણી. ગોવાના એકમાત્ર રેલવે-માર્ગ દ્વારા મામાંગાઓ સુધી જઇ શકાય છે. ત્યાંથી ગોવા જવા માટે હોડીઓનો આશ્રય લેવો પડે છે.

સુભાષિત

- શાર્દૂલવિક્રીડિત -

रे रे चातक सावधानमनसा मित्र क्षणं श्रूयतां
अम्भोदा बहवो वसन्ति गगने सर्वेऽपि नैतादृशाः ॥
केचिद् वृष्टिभिरार्द्रयन्ति धरणीं गर्जन्ति केचिद् वृथा
यं यं पश्यसि तस्य तस्य पुरतो मा ब्रूहि दीन वचः ॥

(અનુવાદ)

રે રે ચાતક સાવધાન મનથી લે સાંભળી આટલું :
આકાશે ઘન દીસતાં બહુ, નહીં કિન્તુ બધાં એક શાં.
કોઇ વૃષ્ટિથી ભીંજવે ધરણીને, ને ખાલી કો ગાજતાં,
જે-જેને નીરખે, કને સહુની એ ના દીન થૈ યાચ તું.

[વિવરણ : ચાતક પક્ષી વરસાદનાં પડતાં ફોરાંનું જ પાણી ઝીલીને પીએ છે એમ કહેવાય છે. આ શ્લોકમાં કવિએ તેને ઉદ્દેશીને એક અન્યોક્તિ કહી છે. અન્યોક્તિ એટલે દેખીતી રીતે કોઈ એક વ્યક્તિને ઉદ્દેશીને કહેલું કથન, જે ખરી રીતે બીજી વ્યક્તિને લાગુ પાડવાનું હોય. દેખીતી રીતે કવિ ચાતકને આ કાવ્યમાં કહે છે કે 'હે ચાતક પક્ષી, આકાશમાં વાદળાં તો ઘણાં દેખાય છે, પણ તેમાંથી બધાં જ કંઈ વરસતાં નથી. કોઈ વરસે છે, તો કોઈ વળી માત્ર ગાજે જ છે. માટે જે-જે વાદળને તું જુએ તે-તેની પાસે આમ ગરીબડો બની યાચનાઓ ન કર.' દરેક કાવ્યને જેમ પોતાનો લક્ષ્યાર્થ કે ધ્વન્યર્થ હોય છે તેમ આ શ્લોકમાં પણ કવિએ એ પક્ષીના પ્રતીક દ્વારા સમય-સંજોગોને કારણે અસહાય દશામાં આવી પડેલા અભિજાત મનુષ્યને દીન થઈ જેનીતેની પાસે મદદ માગવા માટે હાથ ન લંબાવવાનું સૂચન કર્યું છે. આ શ્લોકને વિષે એવી વાત છે કે એક રાજાએ પ્રાંતપ્રાંતના પંડિતોને પોતાને ત્યાં આમંત્ર્યા, પણ તે કંજૂસ હોવાથી એમને આકાંક્ષા મુજબ પુરસ્કાર ન આપ્યો. આથી રાજાના સ્વભાવથી પરિચિત એક પંડિતે પંડિતોને ઉદ્દેશીને આ શ્લોક ભરી સભામાં કહી તેમને (અને રાજાને સુદ્ધાં) ઇશારો કરી દીધો. સૌકોઈને દુનિયામાં દુ:ખ તો આવે છે જ, અને એવે વખતે જ, જેની તેની પાસે દીન યાચનાઓ કર્યા કરવા કરતાં જેનાથી પોતાનાં સ્વમાન ને ગૌરવ ઘટે નહિ તેવો માર્ગ ગ્રહણ કરવાની ખરી આવશ્યકતા હોય છે. —**બ્રિજરત્નલાલ જમનાદાસ અક્કડ**]

ટિકિટસંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની તથા ટિકિટો વિષે બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

ફિન્લૅન્ડની ટિકિટો

ફિન્લૅન્ડ, જેને ફિનિશ ભાષામાં suomenlond કે Suami કહેવાય છે. એ આ ઉપરાંત, land of thousand lakes તરીકે પણ ઓળખાય છે. વસ્તુવૈવિધ્ય, ચમકદાર છતાં સાદા રંગો, આકર્ષક અને સુઘડ છપાઇ વગેરે વિશિષ્ટતાઓને લીધે આ દેશની ટિકિટો ખાસ ધ્યાન ખેંચે તેવી હોય છે. અહીં તેની કેટલીક નવી ટિકિટો આપી છે જેમાં, પહેલી હારની પહેલી, ત્રીજી અને ચોથી ટિકિટો ફિન્લૅન્ડના પાટનગર હેલસિન્કીની ચોથી શતાબ્દી નિમિત્તેની છે. પહેલી ટિકિટમાં નકશા પર દિશાસૂચક કંપાસ મૂકીને ફિન્લૅન્ડ તથા હેલસિન્કી બતાવ્યાં છે. ત્રીજીમાં ડાબી બાજુએ મથાળે રાજ્યસંજ્ઞા (Coat of arms) છે જ્યારે જમણી તરફ એ દેશની બે વિખ્યાત વ્યક્તિવિશેષ Joh Ehrenstorm તથા Carl Engelનું આલેખન છે. ચોથી ટિકિટમાં હેલસિન્કીનું નગરભવન બતાવ્યું છે. પહેલી હારની બીજી ટિકિટમાં ફિન્લૅન્ડના એક પુરાણા સ્થળ Nyslott Castle અથવા Olesborg Fortressનું ચિત્ર છે.

બીજી હારમાં પહેલી ત્રણ ટિકિટો ૧૯૫૩-ની 'નૅશનલ વેલ્ફેર ફંડ'ની છે, જેમાં પહેલીમાં ખિસકોલી, બીજીમાં વનપ્રદેશની પશ્ચાદ્ભૂમિ સાથે રીંછ અને ત્રીજીમાં સાબરનું સુંદર આલેખન છે. ચોથી ટિકિટમાં ફિન્લૅન્ડના એક ઔદ્યોગિક સ્થળ Tammerforsનું દૃશ્ય છે.

છેલ્લે ક્ષયવિરોધી ફાળાની પહેલી બે ટિકિટો પર ખૂબસૂરત રંગોમાં ફિન્લૅન્ડના આકર્ષક ફૂલઝાડ તથા તે પછીની રેડ ક્રૉસના ફાળાની ત્રણ ટિકિટોમાં પહેલીમાં સ્નાનનું ને બીજીમાં ફૂલો ને કુદરતના મહત્ત્વનું આલેખન છે. ત્રીજી ટિકિટમાં એક માણસને ડાઇવિંગ બૉર્ડ ઉપર ને બીજાને તે તરફ દોડતો બતાવી તરવાની કસરતનું મહત્ત્વ બતાવ્યું છે. છેલ્લી ટિકિટ યુનિવર્સલ પોસ્ટલ યુનિયનની ૭મી વર્ષગાંઠ નિમિત્તેની છે, જેમાં ઉપર પોસ્ટખાતાના પ્રતીક post-horn અને નીચે રાજ્યચિહ્ન સાથે વચ્ચે સરોવરોથી છવાએલા ફિન્લૅન્ડના રમણીય પ્રદેશનું સુંદર દૃશ્ય છે. (અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી)



એવરેસ્ટ-વિજય નિમિત્તે બહાર પડેલી ભારતની આ ટિકિટને તાજેતરમાં ઇટાલિયન પત્ર 'સ્પૉર્ટ ફિલા'એ યોજેલી 'સ્પૉર્ટ્સ'ની સુંદરતમ ટિકિટ માટેની આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં નૅશનલ ઇટાલિયન ઑલિમ્પિક કૅમિટી તરફથી રૌપ્યપદકનું પ્રથમ ઇનામ એનાયત થયું છે.



OUR FRIENDS ABROAD

જગતનું સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પત્રમિત્રતાનું કાવ્ય

ભાઈ જયકાન્ત સુભિખચન્દ્ર સંઘવ (અમદાવાદ), પોતાના ઉપર ક્રાઈસ્ટચર્ચ(ન્યૂ ઝીલૅન્ડ)નાં બહેન એલ્ડ્રિજ તરફથી આવેલું પત્રમિત્રતા વિષેનું કાવ્ય મોકલે છે :

A Song of Pen-friendship

"It's rather wonderful I think
When friends are made by pen and ink;
A piece of paper blue or white,
Someone decides that they will write
To someone they have never seen
Who lives where they have never been;
For, friends that live quite far apart,
Can gladden much each other's heart,
Can nourish too each other's mind
With letters cheerful, good and kind.
It's truly wonderful!

થોડા માસ પહેલાં 'કુમાર'માં આવેલાં ન્યૂ ઝીલૅન્ડનાં બહેન Miss Lenore Margaret Hutchinsને કોઈ વાચકભાઈ પુરુષોત્તમ એ. પટેલે પત્ર લખેલો, પણ સંજોગવશાત્ એમનાથી એ ભાઈનું સરનામું ખોવાઈ ગયું છે એટલે એ ભાઈ એમને ફરી લખે એવી એમની વિનતિ છે.

પિતા અને પુત્ર : ઑસ્ટ્રેલિયાના બે પત્રમિત્રો

Alfred Le Conte (Age 41, Post Box No. 12, Annandale, New South Wales—Australia) અને તેમના બાર વર્ષના બહુક Stephen Le Conte(152 Trafalgar Street, Annadale, New South Wales—Australia)ને હિંદમાં ફક્ત બે કે ત્રણ જ પણ ખૂબ અનુભવી ટિકિટ-સંગ્રાહકો જોઇએ છે. પત્ર-વ્યવહાર કરતી વખતે ભરતકુમાર જે. ઉપાધ્યાય (સ્ટેશન પ્લૉટ્સ, આચાર્ય નિવાસ, ગોંડલ—સૌરાષ્ટ્ર)નો ઉલ્લેખ કરવો.

પરદેશી પત્રમિત્રો

(1) Dungardas Thakrar-20, P. O. Box No. 90, Kisumu, Kenya Colony (Br. East Africa), Stamps, Coins, View Cards, Blottings, Pencils, Photogrophs, Magazines; (2) Bhalchandra J. Shukla-16, P.Box No. 167, Mombassa(Br.East Africa), Stamps, View-Cards, Magazines ઉલ્લેખ : Bharat J. Upadhyay, Station Plots, Acharya Nivas, Gondal (Saurashtra-India); (3) M. S. Amin-18, C/o Postal Staff, P. O. Kitale, Kenya Colony (B. E. Africa), Correspondence, Languages; (4) Dhirendra M. Raja-16, Box No.199, Kisumu (Kenya), Stamps, Coins; (5) Chachubhai-24, Haroon Ismail, Booksellers, Frior Road, Karachi(Pakistan), Politics, Literature, Correspondence; (6) Patni A. Rehman, Boy-18, A. Rahim & Co., Chanmipa Gali, Chittagong (East Bengal, Pakistan), Stamps First Day Covers; (7) Walter Stulz, Boy-26, Wien 11. Ferdinadsestr 26, 11/10 (Austria), Stamps, First Day Covers; (8) Pertti Knuuttila, Boy-22, Paavo Nurmenk 5, Loimaa (Finland), Stamps, First Day Covers; (9) Einar Back, Boy-21, Petersgatan 13E 72, Helsingfors (Finland), Stamps, First Day Covers; (10) Peeter Tarkpea, Boy-21, V.S.T. Persg. 50. 4. 1, Norrköping (Sweden), Stamps, First Day Covers; (11) Sven Jansson, Boy-21, Spetsbergsgat 3, Goteborgv (Sweden), Stamps, First Day Covers; (12) V. J. Haikkakoski, Boy-20, Klockarv 3, Box 404, Fagersta-1 (Sweden), Stamps, First Day Covers; (13) Gunner Erlandson, Girl-20, Vasagatanf, Aseda (Sweden), Stamps, First Day Covers; (14) Ole Erik Jensen, Girl—21, Paadhusvänget 7, Kastrup (Denmark), Stamps, First Day Covers; (15) Iins Ole Anderson, Boy-20, Hunik Thoddsuej 13, Holbak, Ijailand (Denmark), Stamps; (16) Magonette Louis, Boy-22, Rue do Brouckai, Ogne-Sprimont, Liege(Belgium), Stamps, First Day Covers; (17) Appeltauts Yaceel, Boy-24, 149. Rue de Haueff, Horion, Hozimont (Belgium), Stamps, First Day Covers.

હિંદી પત્રમિત્રો

(255) Taiyabji Alihusain Cyclewala—16, C/o Alihusain Cycle Stores, Mahatma Gandhi Rd., Dohad (Panchmahal), Playing Cards, Cycling, Swimming, Stamps, Coins; (256) Manharlal M. Gandhi—19, C/o Maganlal K. Gandhi, Khatau Makanji Spg. & Wvg. Co. Ltd., 19 Pollock St., Calcutta-1, Cricket, Stamps, View-Cards, Novels; (257) Mahendrakumar Bhanuprasad Acharya—16, Ganesh Bhavan, Opp. Hathibhai's Wadi, Ahmedabad, Cricket, Photography, Cinema; (258) R. J. Shah—18, 34 Sam Set Street, Bombay-2, Stamps, Photography, View-Cards, Drawing, Painting, Picnic, Cinema; (259) Premjibhai Lalji Parmar—19, Malla-Akhada, Near Old Mint Road, Bhuj (Kutch), Literature, Coins, Journalism, Reading, Photography, Stamps; (260) Rajanikant Purushottamdas Shroff—20, C/o Vrajlal P. Shroff, Chinchani (Thana Dist.), Butterflies, Engineering, Cricket, Photography, Slogans; (261) Siddhartha R. Parikh—17, Camp Road, Shahibag, Ahemedabad-4. Sports, Stamps, Cinema, Photography; (262) Bhanukumar R. Bhatt—15, Swaminarayan Street, Bhuj (Kutch), Photography, Stamps. (ચાલુ)

નવા પત્રમિત્રોને

'કુમાર'ના આ વિભાગમાં પોતાનું નામ આપવા ઈચ્છતા પત્રમિત્રોએ પોતાનાં નામ-સરનામાં સાથે આટલી વિગતો આપવી આવશ્યક છે : પૂરું નામ, ઉંમર, અભ્યાસ અને પત્રમિત્ર થવા માટેની સંમતિસૂચક વાલી કે વર્ગશિક્ષકની સહી. આમાંની ખૂટતી વિગતવાળાં નામો સ્વીકારી શકાશે નહિ. અને કોઇપણ જાતનો જવાબ મેળવવા ઈચ્છતા પત્રમિત્રોએ જવાબી ટપાલ-ખર્ચ મોકલવું પણ એટલું જ આવશ્યક છે.

ગુજરાતમાં નાગપૂજા અને તેનાં શિલ્પ



ગુજરાતની ગુપ્તોત્તરકાલીન શિલ્પસમૃદ્ધિનું એક વિશેષ અંગ

લેખક
ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ
એમ.એ., પીએચ.ડી.

આબુ ઉપર આવેલાં વસિષ્ઠાશ્રમનાં જે શિલ્પોની વાત ગયા અંકમાં કરી, તે વસિષ્ઠાશ્રમના દેવાલયના ચૉકમાં, મંદિરની દીવાલને અડીને, બીજાં પણ ઘણાં શિલ્પો મૂકેલાં છે: શિવ-પંચાયતનનાં, વરાહ-અવતારનાં અને નાનાં મોટાં બીજાં ડઝનેક શિલ્પો ત્યાં છે, જેમાંનાં ઘણાં મધ્યકાલીન છે, એટલે નિદાન તેરમા–ચૌદમા સૈકા સુધી એ સ્થાનનું માહાત્મ્ય ઘણું રહ્યું હોય એમ લાગે છે.

આ લેખમાં વર્ણવેલા વિશિષ્ટ શિલ્પ માટે જુઓ આ અંકના પાછલા પૂઠા પરનું ચિત્ર

એમાં સૌથી અગત્યનું જે શિલ્પ છે તે તો નાગરાજની એક નાની સુંદર આકૃતિ (ચિત્ર-૬૫). ત્રણ ફેણવાળા નાગથી અલંકૃત મસ્તકવાળા આ નાગરાજ લલિતાસને બેઠેલા છે અને પગ નીચે—બેઠક નીચે એક નાગ અને નાગિણીના સર્પરૂપ અધોભાગની બનેલી ગાંઠ–નાગપાશ–જાણે નાગરાજની બેઠક બની ગઈ હોય તેમ બતાવી છે. નાગ અને નાગિણી ભક્તિભાવે નમસ્કાર કરે છે. નાગરાજ અને તેમના ભક્તોનાં ગળાંમાં સુંદર એકાવલિ મૌક્તિકમાલા શોભે છે. નાગરાજના કેયૂર પણ મોટા મોતીની કે સોનાના મણકાની માળાના બનેલા છે. શરીરે સુંદર ઉપવીત, કાને બે મોટાં કુંડલ, હાથે બે કડાં, અને ઘૂંટણની ઉપર સુધી પહોંચતી નાની ધોતી કે ચંડાતક (ચડ્ડી), આટલાં થોડાં વસ્ત્રાલંકારમાં પણ આ નાગરાજનું શરીરસૌંદર્ય ખૂબ ખીલી ઊઠે છે. સુદૃઢ અંગોવાળા શક્તિશાળી નાગરાજનું મુખ સૌમ્ય અને પ્રસન્ન મુદ્રાએ શોભી રહ્યું છે. વિશાલ ભાલ, દીર્ઘ નયનો, લાંબું નાક, નાના હોઠ વગેરેથી શોભતું લગભગ ચોરસઘાટનું મુખ, એ ગુજરાતની, ગુર્જરોની, પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાની વિશિષ્ટતા છે. આ શિલ્પ ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં મૂકી શકાય એવું, ઈ. ૬૦૦–૬૨૫ આસપાસનું સહેજે ગણી શકાય એવું છે. નાગરાજના જમણા હાથમાં કમળ છે ને ડાબા હાથને વીંટાએલી દાંડી-વાળું બીજું એક પદ્મ જમણા ખભા સુધી ઊંચે જઈ શોભે છે. ગુજરાતની–પશ્ચિમ હિંદની પ્રાચીન શિલ્પકલાનો આ બહુ જ અગત્યનો અવશેષ છે, જેનું કલા અને સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે.

આ શિલ્પ આબુ ઉપરથી વસિષ્ઠાશ્રમમાંથી મળે છે, એટલે આબુ ને વસિષ્ઠાશ્રમવિષે પ્રાચીન ગ્રંથોમાંની મળેલી હકીકત વિચારી લઈએ. શ્રી ઉમાશંકર જોષીએ 'પુરાણોમાં ગુજરાત' એ ગ્રંથમાં એનો જે સાર આપ્યો છે (પૃ. ૧૪–૨૦) એમાંથી જ આ હકીકત લીધી છે.

'આબુ અને તેની આસપાસના પ્રદેશ માટે પુરાણોમાં 'અર્બુદ' શબ્દ વપરાયો છે. મત્સ્ય, બ્રહ્માંડ, વાયુ, માર્કણ્ડેય વગેરે પુરાણો તેને અપરાન્ત વિભાગમાં ગણાવે છે. અર્બુદ પર્વતને મહાભારતના વનપર્વમાં હિમાલયના પુત્ર તરીકે વર્ણવ્યો છે. પૂર્વે જ્યાં પૃથ્વીમાં છિદ્ર હતું ત્યાં વસિષ્ઠનો, ત્રણ લોકમાં જાણીતો એવો, આશ્રમ છે. એક રાત ત્યાં વસવાથી હજાર ગાયનું પુણ્ય મળે એવું મહાભારત કહે છે. સ્કન્દ પુરાણના પ્રભાસ ખંડમાંના અર્બુદ માહાત્મ્યમાં એ અર્બુદની ઉત્પત્તિ પણ આપી છે. વસિષ્ઠ ઋષિની નંદિની નામની ગાય શ્વભ્ર (કોતર)માં ગબડી પડી. રાતે એ ઘેર ન આવી. એટલે હોમવિઘ્નથી ભયભીત થઈ ઋષિએ સરસ્વતીને પ્રાર્થના કરી, એટલે સરસ્વતીએ આવીને શ્વભ્રને જલથી ભરી દીધું અને નંદિની બહાર નીકળી આવી. બીજે દિવસે ઋષિએ હિમાલયને આ કોતર પૂરવા વિનવણી કરી. હિમાલયે પોતાના મૈનાક પુત્રથી નાના એવા નંદિવર્ધન પુત્રને અર્બુદ નામના નાગની પીઠ ઉપર બેસાડીને તે કામ માટે મોકલ્યો. શ્વભ્ર પુરાઈ ગયું. રાજી થઈને વસિષ્ઠે અર્બુદ નાગને વરદાન આપ્યું કે નંદિવર્ધન પર્વત તારા નામથી ઓળખાશે અને શિખર પાસે એક નાગતીર્થ પ્રસિદ્ધ થશે.

જનમેજયના સર્પયજ્ઞ વખતે નાગોએ અર્બુદમાં નાસી આવી એક ગુફામાં દુર્ગામાતાની પૂજા કરી તેને પ્રસન્ન કરી હતી. યજ્ઞની પૂર્ણાહુતિ સુધી તમે નિર્ભયપણે અહીં રહો એમ માતાએ તેમને અભયદાન આપ્યું હતું. યજ્ઞ પૂરો થતાં તેઓ ગયા ને તે સ્થળ નાગહ્રદ તરીકે ઓળખાયું.'

નંદિવર્ધનની મદદથી વસિષ્ઠે શ્વભ્ર પૂર્યું એવી કથા યોજી કાઢીને પુરાણોએ તો આબુ તે હિમવાનનો પુત્ર છે એવી હકીકત સ્થાપી. છતાં એને નામ તો 'અર્બુદ નાગ'નું જ આપવું પડયું છે. સર્પસત્ર વખતે નાગો અર્બુદમાં રહ્યા એ જોતાં આબુ એ નાગલોકનું પ્રાચીન થાણું લાગે છે. 'પંચવિંશ બ્રાહ્મણ' નામે ગ્રંથમાં લખ્યું છે કે નાગોના ઉત્સવમાં અર્બુદ કરીને ગ્રાવસ્તુત્ (પથ્થરની સ્તુતિ કરનાર) નામે પુરોહિત હતો. વળી 'ઐતરેય' અને 'કૌશીતકી' નામના બ્રાહ્મણોમાં યજ્ઞની ખામીઓ કેમ સુધારવી અને સોમરસ કેમ કાઢવો એનું જ્ઞાન આપનારા નાગઋષિ-મંત્રદ્રષ્ટા તરીકે પણ કાદ્રવેય અર્બુદનો જ ઉલ્લેખ છે.

'ભીટાની લોકોના આર્ય દેવો' નામના પુસ્તકમાં (પૃ. ૨૫) ડૉ. સ્ટેન કોનો બતાવે છે કે 'અર્બુદ એ શંબર અને બીજા દસ્યુઓનો અડ્ડો હતો. તેને શિખરેથી ઊતરી આવી આર્યોની ગાયો તેઓ લઈ જતા અને બીજી રીતે પણ આર્યોને કનડતા. તેથી અર્બુદને પાદાક્રાન્ત કરવા માટે–અર્બુદ અને તેના અધિપતિ શંબરને જીતવા માટે–ઇન્દ્રની સ્તુતિ કરવામાં આવી.' પણ સ્ટેન કોનોનો આ અર્થ સાયણાચાર્યને મંજૂર નથી. આ વિષયની ચર્ચા કરતાં શ્રી ઉમાશંકર જોષી લખે છે કે 'ઋગ્વેદના ઉલ્લેખોમાં અર્બુદ પર્વત અભિપ્રેત હોય તો પણ તે આજના અર્બુદ કરતાં સપ્તસિંધુને લગતો ઉત્તર–વાયવ્યનો કોઈ અર્બુદ હોવાનો વિશેષ સંભવ છે. આ દાખલામાં પૌરાણિક લેખકોની એક યુક્તિ તરફ ધ્યાન ખેંચવા જેવું છે. પાછળથી અર્બુદ ક્ષેત્રમાં બ્રાહ્મણોનાં તીર્થધામો સ્થપાયાં ત્યારે પર્વતને અનાત્મીય એવી નાગજાતિનું નામ મળેલું જોઈ મૂળ પર્વત તો અમારા હિમવાનનો પુત્ર નંદિવર્ધન જ છે, પણ અર્બુદ નાગ તેને ઊંચકી લાવ્યો માટે કદરદાન ઋષિએ ખુશ થઈને અર્બુદનું નામ નંદિવર્ધનને આપ્યું એવી યોજના કરી દીધી!'

વળી, સ્કન્દપુરાણના શ્રી ઉમાશંકરે નોંધેલા અન્ય ઉલ્લેખ મુજબ 'ત્યાં પૂર્વે નિષ્ઠુર નરપશુ જેવા ભિલ્લો અને દુષ્ટ લોકો વસતા હતા.' સ્કન્દપુરાણમાં આબુનાં તીર્થોનું વર્ણન આપેલું છે તેમાં 'આદ્ય નાગ તીર્થ' કહ્યું છે. શિખર ઉપર નિર્ગલોદક નિર્ઝર છે તે અર્બુદ નાગે વસિષ્ઠ પાસે વરદાન માગીને સ્થાપેલું.

ઉપરના ઉલ્લેખો ઉપરથી એટલું તો સ્પષ્ટ છે કે આર્યો આ પ્રદેશમાં આવ્યા તે પહેલાં આ પ્રદેશ અનાર્યો, દસ્યુઓ, ભિલ્લો વગેરેથી વસેલો હતો. નાગો મૂળે અનાર્યો હશે, તોપણ પાછળથી પાકા બ્રાહ્મણ-ધર્મી અને શિવપૂજાના પરમોપાસક થયા છે, એ તો સૌકોઇ જાણે છે. સિંધ ગુજરાત અને કાઠિયાવાડ વગેરે પ્રદેશો મૂળ અનાર્યોથી વસેલા હશે એમ માનવાને પુરાતત્ત્વ પણ પ્રેરે છે, કેમકે મોહેં-જો-ડેરો અને હરપ્પાની સિંધુ-ખીણ સંસ્કૃતિની સાથે સંબંધ જોડતા અવશેષો સોરાષ્ટ્રમાં લીમડી પાસેના રંગપુર અને હમણાં ધોળકા પાસે લોથલમાંથી મળ્યા છે. આર્યો સાથે સંબંધ ધરાવતાં માટીનાં વાસણો (જેને પુરાતત્ત્વવિદો painted grey ware કહે છે તે) પશ્ચિમ હિંદના આ ભાગોમાં હજુ સુધી મળ્યાં નથી. આ બધાં કારણોથી ભારતીય સંસ્કૃતિના સર્વ વિદ્વાનો ઘણા વખતથી માનતા આવ્યા છે કે આ પ્રદેશમાં આર્યો તો પાછળથી આવ્યા છે અને મૂળે તો અહીં અનાર્યો, દસ્યુઓ, ભિલ્લો વગેરે વસતા હતા.

ઉપરનો શંબરવાળો ઉલ્લેખ, આબુ નજીક આવેલો ભિલ્લમાલનો પ્રદેશ વગેરે પણ આ જ હકીકતના સૂચક છે. વળી ગુજરાતી ઇતિહાસકાર શ્રી રત્નમણિરાવે પણ 'ખંભાતના ઇતિહાસ'માં (પરિશિષ્ટ ક્માં) આ પ્રદેશના નાગજાતિ સાથેના સંબંધની લંબાણથી ચર્ચા આપી છે. તેની વિગતોમાં અહીં ન ઊતરતાં, તેમના અનુમાનની જ નોંધ લઈશું કે 'નાગ જાતિનું જોર વૈદિક સમયમાં કાશ્મીરથી ગુજરાતના કિનારા સુધી હતું. અસુર-નાગોની હાર થતી ગઇ તેમતેમ તેઓ ઉત્તરના આર્ય સત્તાના મુલકો છોડી એમની પોતાની સત્તાનાં અને જળને રસ્તે જ જઇ શકાય તેવાં સ્થળોમાં-પાતાલમાં-એટલે કે ગુજરાતથી સિંધના કિનારાઓ પર—આવી વસ્યા, અને આર્યો અનેક સદીઓ પછી જેમ દક્ષિણમાં વધતા ગયા તેમતેમ આ નાગ-અસુરો દક્ષિણ હિંદમાં આગળ ચાલ્યા.' ગુજરાત-કાઠિયાવાડમાંનાં નાગદેવનાં જુદાંજુદાં સ્થાનકો તથા મંદિરોની નોંધ આપતાં તેઓ જણાવે છે કે 'ઉત્તર ગુજરાતમાં થરાદ પાસે ધીમા ગામમાં ધરણીધર-શેષનું મોટું મંદિર છે, જ્યાં હિન્દભરમાંથી લોકો બાધા મૂકવા આવે છે. કાઠિયાવાડમાં ચરમાલીઆજી નાગનું મોટું મંદિર ચોકડી ગામ પાસે છે. ગુગા અથવા ગોગા નામથી થતી નાગની પૂજા ઉત્તર-પશ્ચિમ હિંદમાં ઘણી છે, પરંતુ ગુજરાતમાં માત્ર કાસવા ગામમાં ગોગાનું મંદિર છે...દરેક કથા એને વાગડનો મૂળ વતની કહે છે...કાઠિયાવાડમાં વાસુકિ નાગ વાસંગજી નામથી પૂજાય છે. કચ્છ-કાઠિયાવાડ તેમજ ઉત્તર ગુજરાતમાં નાગપૂજા અને નાગનાં સ્થાનો ઘણાં છે...થાનમાં નાગમંદિર છે ત્યાં વાસુકિની મૂર્તિ ત્રણ માથાની છે. તલસાણામાં પ્રતીક નાગનું મંદિર છે; ચૂડામાં ચોકડી ગામમાં દેવાનિક ચરમાલીઆનું મંદિર છે; નાગધન્વન્ (નાગધણીબા) નાગસીરી જેનું નામ નગપત્તન છે તે પણ નાગનો સંબંધ વ્યક્ત કરે છે. મેવાડમાં નાગદા ગામ છે તે પૂર્વે મોટું નગર હતું. નાગદા એ નાગહ્રદનું અપભ્રંશ રૂપ છે. નાગની કથાનાં બીજાં પણ ગામ કાઠિયાવાડમાં છે. 'કથાસરિત્ સાગર'માં જણાવ્યું છે કે વાસુકિનું મોટું તીર્થ લાટ દેશમાં છે. તીર્થ પાસે મોટું સરોવર છે અને ત્યાં ઘણા લોક ભરાય છે.' શ્રી. રત્નમણિરાવે નોંધ્યું છે તે મુજબ દાહોદ પાસેથી જડેલા એક લેખમાં સોલંકી સમયમાં ગુજરાતના એક પ્રધાને ગોગનારાયણનું મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. આ જ સ્થળમાંથી મળેલી નાગરાજની, કાળા પાષાણની એક મોટી સુંદર મૂર્તિ, લગભગ બારમા સૈકા આસપાસની, મળેલી તે મુંબાઇના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં છે. 'કુમાર'ના અગાઉના અંકમાં તે પ્રસિદ્ધ થએલી છે. નર્મદા અને તાપી પ્રદેશમાં પણ નાગ લોકોનો વાસ હતો એમ કેટલાક વિદ્વાનો માને છે.

આ વિષયમાં એટલે કે આ પ્રદેશમાં નાગ પ્રજા વસતી હતી તે બાબતમાં હજી વધુ સંશોધનને અવકાશ છે અને ખંભાત, વડનગર વગેરેનો પણ નાગ પ્રજા સાથે સંબંધ જોડવામાં આવે છે તે બધું સમગ્ર રીતે વિચારતાં આ તરફ નાગપૂજાનું પણ જોર હતું તે સમજી શકાય છે.

આના અનુસંધાનમાં આબુમાંથી હવે આપણને ઇ. ૬૦૦ આસપાસ સહેજે મૂકી શકાય એવી નાગદેવતાની-નાગરાજની જે આ સ્વતંત્ર શિલ્પ-આકૃતિ મળી આવે છે એ સૂચવે છે કે આબુ ને આજુબાજુના પ્રદેશમાં નાગપૂજા પ્રચલિત હતી. હવે આબુ પરનું નાગહ્રદ ખોળવું રહ્યું. જૂના 'ગુજરાત' માસિકમાં (વૉલ્યુમ, ૧૨ અંક ૨) 'આબુ-અર્બુદગિરિ' એ શીર્ષક નીચેના લેખમાં સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રીએ જણાવ્યું છે તે મુજબ આબુ પહાડ ઉપર ઓરિયા ગામથી થોડે દૂર જવાલિ ગામ પાસે નાગ-તીર્થ છે, જ્યાં પ્રતિવર્ષ નાગપંચમીના દિવસે મેળો ભરાય છે. અંબાજીના રસ્તે પણ એક નાગધરા નામનું સ્થળ છે, પણ પુરાણમાંનું નાગતીર્થ આબુ પહાડ ઉપરનું ગણવું વધુ ઉચિત ગણાય.

આ બધું જોતાં વસિષ્ઠાશ્રમની આ નાગ-પ્રતિમાને અર્બુદનાગની પ્રતિમા માની લેવામાં આપણને હરકત લાગતી નથી. વસિષ્ઠાશ્રમમાં જ એની પ્રતિમા હોય તે પુરાણની કથા જોતાં ઉચિત છે. અને એ શિલ્પનો સમય જોતાં આ પ્રદેશમાંની નાગપૂજાની પ્રાચીનતાનો એક અગત્યનો પુરાવો મળી રહે છે.*

આ શિલ્પો [ખાસ કરીને 'કુમાર'ના ગયા અંકમાં છાપેલી વિષ્ણુ-પ્રતિમા (ચિત્ર ૬૪) અને આ અર્બુદ-નાગની પ્રતિમા] જોતાં વસિષ્ઠાશ્રમનું સ્થળ ઇ. સ.ના છઠ્ઠા સૈકા જેટલું પ્રાચીન તો માનવું જ પડે. હવે એ દૃષ્ટિએ જોઇએ તો, ગયા અંકમાં સૂચન કર્યું હતું તે કથા, એટલે કે વસિષ્ઠના યજ્ઞકુંડમાંથી ઉત્પન્ન થએલા પ્રતિહાર, પરમાર, ચાહમાન અને ચૌલુક્યોના પૂર્વજોની કથા વધુ સંશોધન માગી લે છે. એ ચાર જાતિઓની ઉત્પત્તિ અહીં થયાનું સૂચવતી કથા મધ્યયુગના લેખોમાંથી મળે છે; પણ હવે તો ખુદ સ્થાન પણ આટલું જૂનું છે એમ નક્કી થયા પછી એ કથા એકદમ નાખી દેવા જેવી ન ગણાય. આ રાજપૂતો શું મૂળે અનાર્ય હતા અને એમનો અહીં વસિષ્ઠાશ્રમમાં આર્યો તરીકે સ્વીકાર થયો? અથવા શું અહીંથી આ આર્ય જાતિઓએ પ્રેરણા પામી ફરી બ્રાહ્મણ ધર્મનો, આર્ય જાતિનો ને આ પ્રદેશની સ્વતંત્રતાનો ઝંડો ફરકાવ્યો? આવા બધા પ્રશ્નોનું નિરાકરણ સહેલું નથી. પણ આ શિલ્પોની શોધ પછી, એના વિષે આટલું જાણ્યા પછી, આપણી પહેલી ફરજ એ છે કે વસિષ્ઠાશ્રમની આજુબાજુનો પ્રદેશ પુરાતત્ત્વની દૃષ્ટિએ ખૂંદી કાઢવો અને આબુ પહાડ તથા એની તળેટીમાં ખોદકામ લાયક સ્થળો પસંદ કરી ત્યાં ખોદકામ કરી જોવું. એવાં ખોદકામો દ્વારા આ પ્રદેશના પ્રાચીન ઇતિહાસના તેમજ પ્રાગૈતિહાસિક આર્ય કે અનાર્ય સંસ્કૃતિના અવશેષો અહીં જડવા જ જોઇએ. આ શિલ્પોની યોગ્ય જાળવણી થાય, અને એ સ્થાનની પણ યોગ્ય જાળવણી થાય એ પણ આપણા ધનિકોએ ને સરકારે જોવું રહ્યું. ત્યાંના રમણીય સ્થાને પહોંચવાનો રસ્તો-પગથિયાં બહુ ખરાબ સ્થિતિને પામ્યાં છે; અને યાત્રાળુઓના જાનમાલની સલામતીની દૃષ્ટિએ પણ સરકારે તેને સુધારવા યોગ્ય પગલાં લેવાં જોઇએ એવી વિનંતી છે. (ચાલુ)

*વસિષ્ઠાશ્રમનાં શિલ્પો વિષે મુનિશ્રી જયંતવિજયજી કૃત તીર્થરાજ આબુના મારા અંગ્રેજી ભાષાન્તરના પ્રવેશકમાં મેં આ બધી ચર્ચા કરેલી છે.

એક તકવાદીની વાત



આધુનિકજીવનપરકટાક્ષકરતી પંચતંત્રની શૈલીની વાતો-૫

લેખક
નવનીત સેવક

કોઇ એક વેળાએ અમદાવાદ નામે નગરમાં અંબાલાલ નામે પટેલ વસતો હતો. પોતાના ઘરના બાજરૂની જમીનની બાબતમાં પાડોશી સાથે તકરાર થઇ છે જેને, એવો તે ત્યાર બાદ કોર્ટે ગયો. અનેક વર્ષો સુધી કેસ ચાલવાને લીધે પોતાની તથા પાડોશીની મિલકત વડે વકીલોનાં ખિસ્સાં ભરાએલાં જોઇને તે અંબાલાલ નામે પટેલ ત્યાર બાદ અત્યંત નિરાશાને પામ્યો. કહ્યું છે કે—

અગ્નિ ઘી ખાય છે, સરકારી અમલદારો લાંચ ખાય છે, સુરતીઓ ગાળો ખાય છે, શહેરી જનો દૂધનો પાઉડર ખાય છે, મધ્યમ વર્ગ જમાવેલું તેલ ખાય છે, પરંતુ વકીલો તથા ડૉકટરો તો અસીલનું સઘળું ખાઇ જાય છે...૧

ત્યાર બાદ જેની પાસે માત્ર ઘર જ બાકી રહ્યું છે એવો તે પટેલ વિચારવા લાગ્યો: 'અહો, આ તો બાજરૂ લેવા જતાં બધું ખોયું; માટે મને નિર્વાહને માટે કંઈક ઉદ્યમ કરવા દે.'

આ પ્રમાણે વિચાર કરતા એવા તેના વડે ત્યાર બાદ નોકરીની શોધ કરાઈ. પરંતુ શહેરની મિલોમાં રૅશનાલિઝેશન ચાલતું હોવાને લીધે તેમાં તેને સફળતા મળી નહિ. કેમકે, કહ્યું છે કે—

શબ્દરચના હરીફાઇઓ આવતાં ફિચરિયાઓ બેકાર બને છે, મ્યુનિસિપાલિટીનું દૂધ આવતાં રબારીઓ બેકાર બને છે, ઑટોરિક્ષા આવતાં ઘોડાગાડીવાળા બેકાર બને છે, સિનેમા આવતાં નાટકકંપનીઓ બેકાર બને છે અને રૅશનાલિઝેશન આવતા મજૂરો બેકાર બને છે...૨

ત્યાર પછી નોકરી નહિ મળવાને લીધે નિરાશ થએલા એવા તેના વડે કોઈ પણ ધંધામાં પડવાનું વિચારાયું તથા કાળક્રમે કરીને ઘણા વિચારના અંતે મોટર-ટ્રાન્સપોર્ટના ધંધામાં ઝંપલાવાયું. તે બાદ ધંધામાં તેજી આવવાને લીધે તે ઠીકઠીક ધનને પામ્યો. તે પછીથી સરકાર આ ધંધાનું રાષ્ટ્રીયકરણ કરવાનો વિચાર કરે છે એવું સાંભળવામાં આવ્યું છે જેના વડે, એવા તે પટેલ વડે વિચારાયું, 'અહો! જ્યારે સરકાર આ ધંધાને હાથમાં લેવાનો વિચાર કરી રહી છે ત્યારે મારા વડે તે છોડી દેવાય તે યોગ્ય જ છે. જે આગળબુદ્ધિથી વિચાર નથી કરતો તે પાછળથી પસ્તાવાને પામે છે. માટે હું આ ધંધાને મૂકી દઉં તે યોગ્ય જ છે. એ બરાબર જ કહેવાયું છે કે—

સટોડિયા બાપનાં બાળકો, શરાબી પતિની પત્ની, કંજૂસ માણસનું કુટુંબ, ગુજરાતનો લેખક અને વેપારી સરકારની પ્રજા એ સર્વ ભૂખે મરે છે...'૩

આ પ્રમાણે વિચારાયું છે જેના વડે એવા તે અંબાલાલથી ત્યાર બાદ ટ્રાન્સપોર્ટના ધંધાને ત્યજાયો. તે પછી અનેક ધંધા કરવા છતાં સફળ ન થવાને લીધે તેણે જાહેર જીવનમાં ઝંપલાવવાનો વિચાર કર્યો.

ત્યાર પછી થોડોએક સમય વીત્યા બાદ મ્યુનિસિપલ ચૂંટણીઓ નજીક આવતાં જ્યારે પ્રચાર માટે ભીંતો પર ડામરથી લખાતું હતું, ઉમેદવારો તરફથી મત માટે ઘેરઘેર ફરાતું હતું, વિરોધીઓને ગાળો દેવાતી હતી, તથા ભાષણોમાં વચનો અપાતાં હતાં, ત્યારે તે અંબાલાલ વડે આ પ્રમાણે વિચારાયું, 'અહો, જાહેરજીવનમાં પડવા માટે તો મ્યુનિસિપાલિટીની ચૂંટણીઓ જ ઠીક છે. કહ્યું છે કે—

કકાસની શરૂઆત ઉશ્કેરણીથી થાય છે, મુશ્કેલીઓની શરૂઆત લગ્નથી થાય છે, પ્રેમની શરૂઆત આંખોથી થાય છે, હજામત અને ઉદ્દઘાટનની શરૂઆત કાતરથી થાય છે તથા જાહેરજીવનની શરૂઆત મ્યુનિ. ચૂંટણીઓથી થાય છે...૪

માટે મારા વડે મ્યુનિ. ચૂંટણીઓમાં ઝંપલાવાય તે જ યોગ્ય છે.'

એ પછી થોડાંએક વર્ષો વીતતાં જ્યારે નવી ચૂંટણીઓનો સમય આવી લાગ્યો ત્યારે તેમાં ઉમેદવારી નોંધાવવાનો વિચાર છે જેનો એવો તે અંબાલાલ નામે પટેલ પોતાના પાડોશી પાસે જઇને કહેવા લાગ્યો, 'વિગ્રહ કરવામાં જેમ શસ્ત્રોની જરૂર પડે છે, લગ્નમાં જેમ ગોરમહારાજની જરૂર પડે છે, રૂમ મેળવવામાં જેમ લગ્નની જરૂર પડે છે તેમ, હે બંધુ, ચૂંટણીપ્રચાર માટે મિત્રો અને પાડોશીઓની જરૂર પડે છે. માટે હે ભાઈ, આવતી મ્યુનિસિપલ ચૂંટણીઓમાં ઊભા રહેવાનો વિચાર છે જેનો, એવા મને તું હવે એ માટે સલાહ આપ.'

તેના શબ્દો શ્રવણ કરીને હિન્દી ફિલ્મના નાયક જેવું કટાણું થઈ ગયું છે મોં જેનું, એવા તે પાડોશી વડે આ પ્રમાણે કહેવાયું, 'હે બંધુ, કૉંગ્રેસની ટિકિટ વિના ચૂંટણીમાં જીતવું મુશ્કેલ છે. માટે કરીને તું તે મેળવવા માટે પ્રયત્ન કર. (તે) સાચું જ કહ્યું છે કે—

કાર્યકરને લાગવગની જરૂર નથી, સત્યાગ્રહીને હથિયારની જરૂર નથી, હંસને ટીનોપાલની જરૂર નથી, સાઈકલવાળા પોલીસને (રાત્રે) બત્તીની જરૂર નથી, પત્રકાર તેમજ વકીલને સત્તાની જરૂર નથી તથા કૉંગ્રેસ ઉમેદવારને પ્રચારની જરૂર નથી...૫

તેથી તું ગમેતેમ કરીને કૉંગ્રેસની ટિકિટ મેળવવા પ્રયત્ન કર.'

તેનાં વચન સાંભળી તે અંબાલાલ વડે પુછાયું, 'હે ભાઇ, જો આમ છે તો હવે તે ટિકિટ કેટલી કિંમતમાં મળે છે તે કૃપા કરીને મને કહો.'

તે પરથી તે પાડોશીએ કહ્યું, 'બંધુ, તે માટે તો કૉંગ્રેસમાં જોડાવું પડે છે અને તેમ કરવા મીઠું નાખેલી છાશ જેવા રંગનાં ખાદીનાં વસ્ત્રો ધારણ કરવાં પડે છે. કહેવત છે કે—

બૉબ્ડ વાળવાળી સ્ત્રી સંસ્કારી ગણાય છે, લાંબા વાળ તથા મેલાં વસ્ત્રોવાળો માણસ કલાકાર ગણાય છે, જૂતાં વિના ફરનાર અમદાવાદી ગણાય છે, ઉદ્દઘાટન કરનાર નેતા ગણાય છે તથા ખાદી પહેરનાર કૉંગ્રેસી ગણાય છે...૬'

તેનું આ પ્રમાણેનું બોલવું શ્રવણ કરીને ચૂંટણીમાં જીતવાનો વિચાર ચોક્કસ છે જેનો એવા તે અંબાલાલ નામે પટેલ વડે ત્યાર બાદ ખાદીનાં વસ્ત્રો વગેરે ધારણ કરવાનું, મોટા નેતાઓનાં કાર્યો વિષે ચર્ચા કરવાનું, નવરાશે બધા જુએ એમ રેંટિયો કાંતવાનું તથા આજુબાજુના માણસોને ઉપદેશ આપવાનું શરૂ કરાયું. ત્યાર પછી થોડો સમય જતાં કૉંગ્રેસી ઉમેદવારોની યાદીઓ બહાર પડતી હતી ત્યારે જેના વડે ટિકિટ માટે માગણી થઇ છે એવો તે પટેલ પોતાનું નામ તે યાદીમાં નહિ જોતાં અત્યંત નિરાશાને પામ્યો તથા તેના વડે મનમાં વિચારાયું, 'અહો, ખાદી પહેરવાનું શરૂ કરાયા છતાં પણ, રેંટિયો કાંતવા છતાં પણ તેમજ બેચાર સમારંભોના પ્રમુખ થવા છતાં પણ મને કૉંગ્રેસની ટિકિટ

ન મળી તે સાચે જ શોચનીય છે. તો હવે ચૂંટણીમાં ઊભા રહેવા ઇચ્છતા એવા મારા વડે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઝંપલાવાય તે જ યોગ્ય છે.'

આમ વિચારીને તે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઊભો રહ્યો તથા પોતાનો પ્રચાર કરવા લાગ્યો. થોડા સમય બાદ જ્યારે ઉમેદવારોના પ્રચારકો તરફથી એકબીજાને ધમકીઓ અપાતી હતી, સ્ત્રી-પ્રચારકોને પ્રચાર માટે ઘેરઘેર મોકલાતી હતી, સૂત્રોનાં લખાણો વડે રસ્તા બગાડાતા હતા તથા ચૂંટણી સભાઓમાં પથ્થરો ફેંકાતા હતા ત્યારે પોતાનો પ્રચાર કરી રહેલા તે અંબાલાલને એક મતદાર વડે આ પ્રમાણે કહેવાયું, "હે ભાઈ! મત જોઈતા હોય તો પૈસા લાવો. કહ્યું છે કે—

લાગવગવાળો નોકરી લઇ જાય છે, પાઘડીવાળો મકાન લઇ જાય છે, ભણતરવાળો કન્યા લઇ જાય છે, ઓળખાણવાળો (કૉલેજોમાં) ઍડમિશન લઇ જાય છે તથા પૈસા આપનારો મત લઇ જાય છે...૭'

તે મતદારનાં વચન જેના હૈયામાં ઊતરી ગયાં છે એવો તે પટેલ ત્યાર બાદ ક્યાંકથી પૈસા લઇ આવ્યો તથા મતદારોમાં વહેંચવા લાગ્યો. ફલતઃ ચૂંટણીનું પરિણામ બહાર પડતી વેળાએ જ્યારે મત ગણાતા હતા, બહાર ઊભેલી પ્રજામાં કોણ ચૂંટાશે એની ચર્ચાઓ થઈ રહી હતી અને પાર્ટીઓ લેવાના તથા આપવાના મનસૂબા થઈ રહ્યા હતા તે વેળાએ તે અંબાલાલ નામે પટેલ ચૂંટાએલો જાહેર થયો.

તે પછીથી એકાદ વર્ષ વીત્યા બાદ હિત ઇચ્છનાર એવા એક મિત્ર વડે તે પટેલને આ પ્રમાણે કહેવાયું, 'હે મિત્ર, આપને ચૂંટાયાને એક વર્ષ થઈ ગયું હોવા છતાં પણ આપે હજી સુધી પોળના પાડોશીઓને ધમકાવવા સિવાય, જાજરૂ સાફ કરવાનો ઇન્કાર કરનાર ભંગીને ડિસમિસ કરવા સિવાય તથા મોટરમાં મફત મુસાફરી કરવા સિવાય બીજું કંઈ પણ કર્યું નથી. તો આ પ્રમાણે કેમ તે મને કૃપા કરીને કહો.'

તે પરથી (તે) પટેલે કહ્યું, 'હે ભાઈ! મ્યુનિસિપાલિટીમાં ગયા પછી અમારા જેવાને કાંઈ કરવાનું હોતું જ નથી. કહેવત છે કે—

વિદ્વત્તાપૂર્ણ ભાષણના શ્રોતાને, હિન્દી ચિત્રના પ્રેક્ષકને, એ.આઇ.આર.ના સાંભળનારને, સરકારી ઑફિસના કારકુનને તથા ધારાસભા તેમજ મ્યુનિસિપાલિટીના સભ્યને નિદ્રાદેવી વિના પ્રયત્ને પ્રસન્ન રહે છે...૮

માટે હે બંધુ હું ત્યાં જઈને શાન્ત બેસી રહું છું તે યોગ્ય જ છે.'

તે સાંભળીને તે મિત્ર વડે આ પ્રમાણે કહેવાયું, 'હે બંધુ, તારા વડે આ પ્રમાણે વિચારાય તે યોગ્ય નથી. સિનેમાની લાઈનમાં ધૂસ્યા વિના જેમ ટિકિટ મળતી નથી એમ કંઈ પણ કાર્ય કર્યા વિના બેસી રહેવાથી (બીજી વેળાએ) મત મળતા નથી. માટે તારા વડે કરીને કંઈ કાર્ય થાય તો તે યોગ્ય જ છે.'

ત્યાર બાદ શું કરવું તેની સલાહ પૂછવામાં આવી છે જેને એવા તે મિત્રે કહ્યું, 'હે અંબાલાલ! જો બીજું કંઈ ન આવડે તો તું પ્રજા સમાજવાદી બની જા અને ગોવાસત્યાગ્રહમાં ભાગ લેવા જા.'

તે પરથી તે અંબાલાલે કહ્યું, 'હે બંધુ, કોઈ પણ પક્ષમાં જોડાવું સહેલું છે, પરંતુ ગોળી ખાવા જવું અઘરું છે. વળી મતના બદલામાં જીવ આપવા જવું એ ઠીક નથી. એ ઠીક જ કહેવાયું છે કે—

દાતણના બદલામાં રોટલી આપવી સારી છે, ચેકના બદલામાં પૈસા આપવા સારા છે, નોકરીના બદલામાં સ્વમાન આપવું સારું છે પરંતુ મતના બદલામાં જીવ આપવો એ સારું નથી...૯

માટે હે બંધુ, હું પક્ષ બદલીશ, પરંતુ જીવ આપવા જઈશ નહિ.'

ત્યારબાદ કોઈ એક કોમવાદી સંસ્થામાં ભળી ગયો છે જે એવા તે અંબાલાલ નામે પટેલ વડે ગૌવધ સત્યાગ્રહ, હિન્દુ કોડ બિલનો વિરોધ વગેરે કાર્યો વડે કરીને નેતા થવાયું તથા બીજી ચૂંટણીમાં જિતાયું.

સાર: કાકીડો, ઘેર રંગેલું કાપડ અને રબારીની ગાયનું દૂધ તો માત્ર સમય આવ્યે જ રંગ બદલે છે, પણ તકવાદી મનુષ્ય તો ગમે ત્યારે રંગ બદલે છે.

સુભાષિત

· આર્યા ·

तावन्महतां महती यावत्किमपि हि न याचते लोकम्।
बलिमनुयाचनसमये श्रीपतिरपि वामनो जातः ॥

(અનુવાદ)

નથી માગ્યું કો પાસે તહિં લગી મહતી ટકે જ મોટાની,
બલિનૃપને જ્યાં યાચ્યો શ્રીપતિ વામન થયા જુઓ ત્યારે.

આવો જ એક બીજો સુંદર શ્લોક આ પ્રમાણે છે:—

· શાર્દૂલવિક્રીડિત ·

तावत्सर्वगुणालयः पटुमतिः साधुः सतां वल्लभः
शूरः सच्चरितः कलङ्करहितो मानी कृतज्ञः कविः ।
यावन्निष्ठुरवज्रपातसदृशो देहीति नो भाषते
तस्माद्वाक्यमिदं मम शृणु सखे मा ब्रूहि दीनं वचः ॥

(અનુવાદ)

બોલ્યો એ નહિ વજ્રપાત સરખો 'આપો મને' જ્યાં સુધી
એવો નિષ્ઠુર શબ્દ; સજ્જન, ભલે બહાલો ગુણોથી ભર્યો,
માની, વીર, કલંકહીન કવિ ને ડાહ્યો ખરો ત્યાં સુધી;
માટે ભાઇ સુણો, કદી ન વદશો એ દીન દુર્વાક્યને.

[વિવરણ: બીજા શ્લોકમાં મૂળમાં જે ગુણો ભર્યા છે તેને અનુવાદમાં લેવામાં છૂટ લીધી છે. રાજર્ષિ ભર્તૃહરિનો रे रे चातक....मा ब्रूहि दीनं वचः વાળો શ્લોક ખૂબ જ પ્રસિદ્ધ છે. આ બધાં સુભાષિતોનો ભાવાર્થ સરળ છે: માગ્યું નથી ત્યાં સુધી જ મોટો, ને પછી ખોટો! 'લખપતિ હોય ને ઉધાર માગવા નીકળે એટલે લોક એના છાપરાનાં નેવાં ગણવા માંડે' એવું આપણામાં કહેવાય છે. માટે દુઃખ સહન કરીને પણ કોઇ પાસે હાથ ન ધરવો એ જ સાચું છે. ઈશ્વરને માત્ર એ માટે પ્રાર્થના કરવી; ને માગવું તો તેની પાસે જ. એક ખુમારી તો એવી છે કે ખુદ ઈશ્વર પાસે પણ 'માગવું' નહિ. કવિ કહે છે કે માગવા જતાં લક્ષ્મીપતિને પણ 'વામન'–ઠીંગણા–નાના બનવું પડયું. એ સંસ્કૃત શબ્દમાં કપટયુક્ત યાચનાનો ભાવ પણ રહેલો છે ને વામને બલિને છલથી યાચ્યો એવી કથા છે. 'ફાવ્યો વખેડો ડાહ્યો' એ બજારી કહેવત કદાચ તત્ત્વતઃ સત્ય નહિ હોય, પણ વ્યવહારમાં તો ખરી દેખાય છે; છતાં ન ફાવેલાએ યાચવું તો નહિ જ; શ્રમ કરવો. —ર.ભી.]

એક મૅજિસ્ટ્રેટની યાદદાસ્ત ઘણી સારી હોઈ પોતાની સામે આવેલા એક આરોપીને ઉદ્દેશીને તેમણે કહ્યું: હું ધારું છું કે ત્રણેક વર્ષ પહેલાં એક ઓવરકોટ ચોરવાના આરોપસર તમે અહીં આવેલા, ખરું?

'સાચું છે, સાહેબ. પણ એક ઓવરકોટ કેટલોક વખત ચાલે?'

પચ્ચીસ વર્ષ પહેલાં



'એક અંગ્રેજ ખેડૂતનો છોકરો. નિશાળમાં સાવ ઠોઠ. અભ્યાસમાં ધ્યાનબ્યાન દેવાની બાધા. બેઠોબેઠો બારીના પથ્થરના બારસાખમાં પોતાનું નામ કોતરે, કે કૈં કૈં તરંગો કરે.

એક વખતનો એ રમતિયાળ, ઠોઠ નિશાળિયો મોટો થતાં મહાન નર બન્યો. એવો, કે આજ બસેં વર્ષે પણ આજનું વૈજ્ઞાનિક પ્રગતિએ પહોંચેલું જગત એને માનવઇતિહાસના અગ્રણી વૈજ્ઞાનિક તરીકેની અંજલિ અર્પે છે; આજ સુધીમાં થએલા સર્વ શોધકોનો તેને શિરોમણિ લેખે છે. ઍરિસ્ટૉટલ અને ડાર્વિન સિવાય હજી આજની ઘડી સુધી, વૈજ્ઞાનિક શોધની અપૂર્વતામાં બીજો કોઈ તેની હારમાં ઊભો રહી શકે તેમ નથી.'

એવા એ ઠોઠ નિશાળિયાનું પ્રેરક ચરિત્ર આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવી ગયું. એની મહત્તાને ટૂંકમાં જ ગણાવીએ તો 'આ અનંત વિશ્વની એકતા જાળવનારા ગુરુત્વાકર્ષણના નિયમની શોધ સૌથી પહેલી એણે કરી; એણે આકાશના બધા ગ્રહ-ઉપગ્રહની ગતિના નિયમ સ્થાપ્યા; કલાકના સેંકડો કે હજારો માઈલની ગતિવાળા દરેક ગ્રહ ને ઉપગ્રહના આવાગમન તથા વિદાયની તારીખો નક્કી કરી આપી; ભૌતિકશાસ્ત્રનો આદ્ય દ્રષ્ટા બની એણે પૃથ્વી પર તેમજ અન્ય સર્વત્ર ભૌતિક નિયમોનું જ રાજ્ય પ્રવર્તે છે તે સાબિત કર્યું. એ ઠોઠ નિશાળિયા આઇઝૅક ન્યૂટને જ શંકાને સ્થળે અચળતા ને વહેમને સ્થળે જ્ઞાન સ્થાપ્યું. મનુષ્યની મહત્તા તેણે જ વધારી. કોઇકે સાચું જ કહ્યું છે કે આપણે સૌ ન્યૂટનના ખભા પર જ ઊભા છીએ. ન્યૂટન ન થયો હોત તો આજની આટલી વૈજ્ઞાનિક પ્રગતિ હોત કે કેમ, વિજ્ઞાનબળે સાધેલી માનવની આજે છે તેટલી મહત્તા હોત કે કેમ એ શંકા છે.

બાર વર્ષનો એ ઠોઠ નિશાળિયો પોતાના વર્ગમાં છેલ્લો પડ્યો રહેતો. એક દહાડો કોઇ છોકરે તેને પેટમાં પાટુ મારી, અને તેને ઘણું વાગ્યું. આ પાટુએ ઇતિહાસમાં અજબ કામ કર્યું. એ પાટુથી શરમિંદા ને ઉત્તેજિત થએલા આઈઝૅકને પોતાની નિર્માલ્યતાનું ભાન થયું અને તેના જીવનનું વહેણ બદલાયું. તેણે શરીરબળ કેળવ્યું અને તક મળતાં એ જ છોકરાને કાન પકડી ઊભો રાખ્યો ને થપ્પડ મારી તેનું માથું પકડી દેવળની દીવાલે તેનું નાક ઘસ્યું ને પોતાને પડેલા મારનો બદલો લીધો. હવે ન્યૂટનની છાતી ગજગજ ઊછળી. પણ જે છોકરાને તેણે આમ શિક્ષા કરી તે વર્ગમાં ઊંચે નંબરે રહેતો. તે પણ કેમ બનવા દેવાય? હરીફ પર શારીરિક તેમજ માનસિક બંને પ્રકારનું આધિપત્ય મેળવવા તેણે કમર કસી અને છેવટે તેણે વર્ગમાં પહેલો નંબર લીધો!'

પણ એનું આખું ચરિત્ર અહીં ઉતારી શકાય નહિ; આટલી વાનગી જ બસ છે.

માનવી વામન કે વિરાટ? સૂર્યમંડળો અને બ્રહ્માંડો આગળ નાચીઝ લાગતો માણસ, બીજી બાજુ ખુદ પોતાના હાથમાં અનેક બ્રહ્માંડો રમાડી રહ્યો છે એ તમે જાણો છો? માણસની એ પામરતા અને વિરાટ મહત્તાનો સાદી ભાષામાં સચોટ ખયાલ આપતો પચ્ચીસ વર્ષે પહેલાંનો એક નાનો લેખ તો લગભગ આખો ફરી વાંચવા જેવો છે. જુઓ:

'તમારા ખયાલમાં સૌથી વધુ ઝડપી તત્ત્વ કયું આવે છે? વાવાઝોડું કલાકે સો માઈલની ગતિએ જાય છે. એંજિન વધુમાં વધુ ૧૨૦ માઇલ જાય છે; શરતનું ઍંજિન ૨૦૬ની અને એરોપ્લેન ૩૫૦ માઈલની ઝડપ કરી શકે છે. પણ પ્રકાશના એક કિરણની ઝડપ આગળ એ બધાં સાવ ધીરાં ગણાય. એની ગતિ એટલી બધી છે કે તમે શ્વાસ લો એટલા વખતમાં આ પૃથ્વીને તે આઠ વાર આંટો મારી આવે! એક સેકંડમાં એક લાખ નેછયાશી હજાર માઈલની એ ગતિ છે. એ ગતિએ આકાશમાં ગમન કરતા નજીકમાં નજીકના તારાને પહોંચતાં પણ સાડા ત્રણ વર્ષ લાગે! દક્ષિણે દેખાતા આકાશભરના તેજસ્વી અગસ્ત્ય (સીરિયસ) નામના તારાને પહોંચતાં બાવીસ વર્ષ થાય! કૅપીલા નામના તારા નજીક જવાને સિત્તેર વર્ષ જોઇએ. અને આ તો હજુ તમે તમારી મુસાફરીમાં બ્રહ્માંડના ઝાંપા સુધી જ ગયા ગણાઓ! છસ્સો વર્ષે તો તમે હજી આકાશગંગાની સીમના તારાઓમાં પહોંચો, અને એક લાખ વર્ષે વીતે ત્યારે આપણી જાણમાં આવેલા દૂરમાં દૂર તારાને જઇને મળો. અને આ બધું પેલા પ્રકાશ–કિરણની ઝડપે, એક સેકંડે એક લાખ છયાશી હજાર માઈલના વેગે ઊડતાં.

ઇતિહાસની નજરે ન પહોંચે તેવા પૃથ્વીના આરંભકાળનો માનવ હજુ બન્યો પણ નહોતો તે વખતે એ દૂરમાં દૂરનો તારો આકાશમાંથી ગુમ થયો હોય તોપણ આપણને તે (એટલેકે તેનો પ્રકાશ) આજ સુધી દેખાય, એટલું એ અંતર, ને એ કાપતાં એટલો સમય! આજ રાત્રે આપણને પ્રકાશનું જે કિરણ દેખાય છે તે એક લાખ વર્ષ પહેલાં તેના મુકામેથી નીકળ્યું હશે અને આજે ત્યાંથી જે નીકળશે તે પૃથ્વી ઉપર એક લાખ વર્ષે પહોંચશે! એટલામાં તો પૃથ્વીની હજારો પેઢીઓ વહી ગઈ હશે. આજે નીકળેલા એ કિરણને પૃથ્વી ઉપર કોણ જાણે કેવી પ્રજા ને કેવી સંસ્કૃતિ દેખાશે એ કોણ કહી શકે?


વિશ્વમાં પૃથ્વીના કદ કરતાં યે આ પાના પર છાપેલું અનુસ્વારનું ટપકું અતિશય મોટું છે. અને આટલા ટપકા ઉપર માણસ પોતાની કૃતિઓનું અભિમાન દર્શાવી રહ્યો છે! મહાન શહેરો, ગગનચુંબી ઇમારતો, કારખાનાંઓ, રેલવેઓ, નહેરો, એમ અનેક રીતે તે પોતાનો ગર્વ વધારી રહ્યો છે. પણ વિશ્વના અનંત હિસાબમાં તે બાપડાનું માપ કેટલું?

કોઈ એક મહાન શહેરમાં એક માણસનું માપ કેટલું? તે શહેર વળી એક નકશા ઉપર તો, હાથીના શરીર પર લાગેલા ધૂળના કણ જેટલું જ દેખાય. અને આવાં શહેરોવાળી આ પૃથ્વી, આટલાંટિક મહાસાગર પાસે જેમ પાણીનું ટીપું તેમ આ વિશ્વમાં ગણાય! તો હવે એક માણસ આ વિશ્વમાં કેટલો?

આ વિશ્વની ઉપર જે મહા વિશ્વ છે તેની ગણતરીએ તો વળી આપણો જાણીતો, છેવટમાં છેવટના અંતરનો તારો તે આપણાથી ફૂટપટીના ઇંચના સોળમા અંતરે ગણાય! એક વિદ્વાને વિશ્વના અફાટ માપનો ખયાલ આપવા એક દષ્ટાંત આપ્યું હતું કે તમારા હાથમાં એક પૈસો પકડી હાથ લાંબો રાખી આકાશગંગા આડે ધરો તો, તેની પાછળ આ વિશ્વના એક કરોડ પચાસ લાખ સૂર્યો ઢંકાશે! એક રાત્રે દેખાતા આકાશના માત્ર ૧૯૦૦મા ભાગનો ફોટોગ્રાફ લેતાં તેમાં ચાર લાખ તારાની છાપ પડી હતી! સૌથી દૂરનો તારો ઍન્ટારિસ સમર્થ દૂરબીનમાંથી જોતાં આકાશમાં ટાંકણીના માથા જેવડો માત્ર દેખાય છે; તો ય તે આપણા સૂર્ય કરતાં ચાર કરોડગણો મોટો છે!

પણ હવે બીજી બાજુનો વિચાર કરીએ તો એ જ માનવીની કથા જુદી જ યંચાશે. વિજ્ઞાન કહે છે કે મનુષ્ય એ પૃથ્વી ઉપર વિચરતો પ્રચંડ વિરાટકાય દૈત્ય છે. પોતાના હાથમાં તે લાખો સૂર્યો અને ઉપગ્રહો ફેરવે છે.

જે દૂરબીનથી તે વિશાળ આકાશનાં માપ કાઢી રહ્યો છે તે જ અનેક નાનાં વિશ્વોનું બનેલું



પચ્ચીસ વર્ષ પહેલાંના એક ઐતિહાસિક બનાવનું ઐતિહાસિક મહત્ત્વનું ચિત્ર. દાંડીકૂચ દરમ્યાન કરાડી મુકામેની જે ઝૂંપડીમાંથી બ્રિટિશ સરકારે ગાંધીજીની ધરપકડ કરેલી તે ઝૂંપડીમાં, ગિરફતારીને આગલે દિવસે 'યંગ ઇંડિયા' પત્ર માટે લેખનકાર્ય કરતા ગાંધીજી (ફોટો: શ્રી ચાંદોરીકર)

છે, છતાં તે જોઈ શકતો નથી. તેના યંત્રનું પિત્તળનું ભૂંગળું અને કાચ સનાતન ગતિવાળા અણુ-પરમાણુઓનાં સૂર્યમંડળોનાં બની રહેલાં છે.

આ છાપેલું પાનું ફેરવતી વખતે તેને અંગૂઠા અને આંગળી વચ્ચે દાબી જોતાં તમને ભાગ્યે જ તમારાં આંગળાં વચ્ચે કંઈ અંતર પડશું લાગશે; એમ છતાં એ અંતરનું માપ એક ઈંચના ૬૦૦મા ભાગ જેટલું છે; અને તે જાડાઈ ત્રણ લાખ મોલૅક્યૂલ (સૂક્ષ્મ પરમાણુઓ) ઉપરા-ઉપર રહે એટલી ગણાય !

આ સૂક્ષ્મ પરમાણુઓ પાછા એમની સૂક્ષ્મ સૃષ્ટિમાં તો દૈત્ય રૂપી છે! તે દરેક પરમાણુ એક-એક વિશ્વ છે, અને તે દરેકમાં ૨૫,૦૦૦ સૂર્યો અને ઉપગ્રહો ફર્યા જ કરે છે! મોલૅક્યૂલોની અંદર ઍટમ–રજકણો છે, અને ઍટમના પણ સૂક્ષ્મ ભાગો તે ઇલેક્ટ્રૉન તરીકે ઓળખાય છે.

૦ આટલા મીંડા તરફ જુઓ. એ એટલું નાનું છે કે પાનું થોડેક દૂર રાખો તો દેખાય પણ નહિ. છતાં વિજ્ઞાન સિદ્ધ કરી શક્યું છે કે એટલી જગ્યામાં તો આકાશમાં દેખાતા તારા કરતાં યે વધુ ઍટમ સમાએલા છે.

કાગળ-કાતર-કલાની કૃતિઓથી આજે તો 'કુમાર'ના વાચકો ખૂબ પરિચિત છે, એટલે એનો પ્રથમ પરિચય 'કુમારે' આજથી પચ્ચીસ વર્ષ પહેલાં ગુજરાતને જે બે ચિત્રોથી કરાવ્યો તે આ સાથે ફરી રજૂ કર્યાં છે, જે વાચકોને રસમય થઈ પડશે.





(બે શ્યામચિત્રો—મથાળે:'માયામૃગ', નીચે:'નૃત્ય'—રાજપૂત કલમના જૂના ચિત્ર ઉપરથી)

શ્રી ટી. એસ. રાજાનાં આ બે શ્યામચિત્રો પીંછીની કૃતિ નથી. ઝીણી કાતર વડે કાગળ કોતરીને ઉપજાવેલાં એ સુંદર ચિત્રોમાં તેમણે કુશળતા અને કળાનો સુંદર યોગ કરી બતાવ્યો છે. તે પોતે મૂળ તાંજોરના વતની અને વકીલાત માટે તૈયાર થએલા; પણ કળા અને પત્રકારત્વના નાદે વધુ ખેંચાણ કરતાં વકીલાત છોડી મદ્રાસના સચિત્ર સાપ્તાહિક 'હિંદુ' પત્રની ઑફિસમાં કલાવિભાગના તંત્રી તરીકે જોડાએલા.

પણ ઍટમ કરતાં યે વધુ આશ્ચર્યકારક તો ઇલેક્ટ્રોન(વિદ્યુત્ કણો)છે. પૃથ્વી સૂર્યની આસપાસ જે ગતિથી ભમે છે તેથી યે વધુ ગતિવાળા એ ઝીણા પ્રકાશમાન સૂર્યો ફર્યા કરે છે.

તમારી આસપાસની બધી સૃષ્ટિ ફૂલી જાય, વધી જાય એવું કલ્પો. તમે પોતે, જનાવરો, પદાર્થો, મકાનો અને પૃથ્વી હમણાં છે તે કરતાં કરોડો ગણાં મોટાં બની જાય: માણસ એક કરોડ માઈલ લાંબો થઈ જાય અને પાંચ કરોડ ટન વજનનાં છોકરાં ઊચકે: ઉંદરની પૂંછડી એટલી લાંબી થઈ જાય છે કે હાલની પૃથ્વીને બાર આંટા મારી શકે; બંદૂકની સામાન્ય ગોળી હાલની પૃથ્વી જેવડી બની જાય...આવી કપોલકલ્પિત સૃષ્ટિ સાચોસાચ ખડી થાય તો તેમાં ઇલેક્ટ્રોનનું કદ કેટલું થાય એમ તમે સમજો છો?–એક ટાંકણીના માથા જેવડું જ! એટલું સૂક્ષ્મ સ્વરૂપ હાલ તેનું છે. આવી અદ્ભુત સૂક્ષ્મ સૃષ્ટિ આગળ માણસ તો વિરાટ જ ને?

અનંત કાળથી માણસ પોતાના કરતાં બળવાન તત્ત્વોની સામે ઝૂઝતો રહ્યો છે. વીજળી ને વાવાઝોડાં, દરિયાનાં તોફાન, જંગલી જનાવરો, રોગચાળા અને હોનારતો, આ બધાં યે તેના કાયમનાં વિરોધીઓ થતાં આવ્યાં છે. પણ મગજની શક્તિથી માણસ તે બધાં ઉપર વિજય મેળવતો આવ્યો છે.

ત્રીસ લાખ વૉલ્ટની વીજળિક શક્તિને તે પ્રયોગશાળાના ટેબલ પર રમાડે છે; હજારો ટન પાણીની છોળ મારતી સો સો ફીટ ઊંડી આગબોટો લઈ મહાસાગરો ખૂંદે છે; ટેલીવિઝનયંત્રથી ગમે ત્યાં બેઠાંબેઠાં અરધી દુનિયા પર નજર ફેંકી શકે છે; એરોપ્લેનમાં તે પૃથ્વીના કોઈ પણ ભાગ પર જઈ પગ મૂકી શકે છે; તેની મોટરો અતિ ઝડપી હરણ કરતાં યે મોટી ફાળ ભરી પૃથ્વી પર વિહરે છે. મગજનો ઉપયોગ કરવાથી માણસ હરણ કરતાં ચપળ, હાથી કરતાં બળવાન અને ગરુડ કરતાં પણ દૂરદ્રષ્ટા બન્યો છે. આકાશ, પૃથ્વી અને પાણી ઉપર તેણે સત્તા જમાવી છે; બુદ્ધિબળના પ્રતાપે તે પૃથ્વી પર તો પ્રચંડશરીરી બન્યો છે.'

લંડનનું ભાષાગૃહ



આજે દિવસે દિવસે વધતા જતા અહોળા જગદ્‌વ્યવહારોએ એક દેશને બીજા દેશને કિનારે લાવીને મૂકી દીધો છે અને તે વ્યવહારો પણ કેવા નવનવીન!–માત્ર ઉદ્યોગના કે વ્યાપારના જ નહિ, વિજ્ઞાનના, સાહિત્યના, કળાના, સંગીતના વગેરે અનેકાનેક. ને તેથી આજે કોઈપણ દેશવાસીને કેવળ તેના દેશની જ ભાષા જાણ્યે નહિ ચાલે. આથી, દુનિયાના દેશદેશ વચ્ચેના વ્યવહારો ને સંબંધો વિકસે તે માટે લંડનમાં જુદીજુદી ભાષાઓનો પરિચય આપતી એક સંસ્થા ૩૨ વર્ષથી ચાલે છે. તેનું નામ છે 'લંડન્સ હોમ ઑવ લૅંગ્વેજીઝ'(લંડનનું ભાષાગૃહ). લંડનમાં તેની બે શાખાઓ છે. દેશદેશથી અનેક ભાષારસિક વ્યક્તિઓ ત્યાં ભાષાઓ શીખવા આવે છે. પરિણામે વાતાવરણ પચરંગી વ્યક્તિત્વો ને પચરંગી સ્વરવર્ણોથી ગુંજી ઊઠે છે!

શ્રી એ. ટી. પિલ્લૈ નામના એક સદ્‌ગૃહસ્થે ૩૨ વર્ષ પહેલાં આ સંસ્થાની સ્થાપના કરેલી. હાલ તેના મુખ્ય આચાર્યપદે પણ તેઓ જ છે. આ સંસ્થા નથી કોઈ શાળા કે નથી કોઈ કૉલેજ. તે તો, તેનું નામ જ દર્શાવે છે તેમ, 'ગૃહ' છે. ભાષા શીખનારા ને શીખવનારા અહીં વિદ્યાર્થી-શિક્ષક નથી, પરંતુ મહેમાન–યજમાન હોય તેમ સૌ અરસપરસ વર્તે છે.

અંગ્રેજી ભાષાનું પોતાનું જ્ઞાન વધારવા લોકો દરિયાપારથી અહીં આવે છે, તેવી જ રીતે અહીંના લોકો પરભાષાનું જ્ઞાન વધારવા આ સંસ્થામાં દાખલ થાય છે. પચરંગી બોલી બોલનારી વિધવિધ વ્યક્તિઓમાંથી જેને જે ભાષા શીખવી હોય તેના બોલનારને તે પકડી લે છે અને તેની સાથે વાતોચીતો અને અભ્યાસ કરવાનું શરૂ કરી દઈ ગાઢ મૈત્રી બાંધી લે છે.

જે ભાષા શીખવાની હોય તેનું આછું પ્રારંભિક મૂળભૂત જ્ઞાન દરેક સભ્યને હોવું અહીં આવશ્યક ગણાય છે. રોજ આટલી ભાષાઓ શીખવાય છે: અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, સ્પૅનિશ, ઇટાલિયન ને રશિયન. પોર્ટુગીઝ અને ડચ ભાષા અઠવાડિયામાં ઓછામાં ઓછી એક વાર શીખવવામાં આવે છે.


વળી વિધવિધ ભાષાઓ શીખવાના અલગ અલગ અનેક ઓરડાઓ સાથે અહીં સંપૂર્ણ સુખસગવડવાળું દીવાનખાનું છે, મનોરમ સંગીતગૃહ છે ને વળી ટેલીવિઝન ખંડ પણ. અઠવાડિયું પૂરું થતાં 'દ્વિભાષિક રંજનકાર્યક્રમ' એ આ સંસ્થાની એક શાખાનું મુખ્ય આકર્ષણ રહે છે. અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, સ્પૅનિશ ને ઇટાલિયન આટલી ભાષાઓમાંથી કોઈ એક જેમની માતૃભાષા હોય તેવા સભ્યો જ તેમાં ભાગ લઈ શકે છે. ટેબલટેનિસ, બ્રિજ, શતરંજ, પટાબાજી, સમારંભો, ચર્ચાસભાઓ, સંગીત, ફિલ્મ-વર્તુળો, ટિકિટસંગ્રાહકોનાં મંડળો, વ્યાખ્યાનો, અઠવાડિયામાં ચાર વાર અનૌપચારિક નૃત્યકાર્યક્રમો વગેરે એક ઉલ્લાસી ને ઉત્ફુલ્લ વાતાવરણ અહીં જમાવી દે છે. વધારામાં સભ્યોને થીએટરોની ખાસ ઘટાડેલા ભાવવાળી પાર્ટી-ટિકિટો પણ મળે છે!

અહીંના આંતરરાષ્ટ્રીય વાતાવરણમાં કોઈ પરદેશી કે પારકું નથી. ભાષાઓ સમજવામાં–અને તેમાં કોક વાર છબરડાઓ કરવામાં પણ–અવનવી મિત્રતાઓનો મેળો આનંદના કિલકિલાટોથી ગુંજી ઊઠે છે!





ઉપર: ભાષાગૃહમાં બે લંકાવાસી મુલાકાતીઓ 'સિટીગાઇડ'ના વિશાળ નકશાદ્વારા લંડન શહેર વિષે પરિચય મેળવે છે. વચ્ચે: એક નવીનસભ્ય પોતાનું નામ નોંધાવે છે. દુનિયાના જુદાજુદા ૪૪ દેશોમાંથી લગભગ ૨૦૦૦ સભ્યો અહીં ભાષાભ્યાસ કરે છે. નીચે: ભાષાગૃહમાં અંગ્રેજીનો વર્ગ ચાલી રહ્યો છે.



શ્રી પણિક્કર તેમનાં કુટુંબી જનો સાથે

ઘણાને, ને ખાસ કરીને ત્યાં વસવાટ કરીને રહેલા હિંદી કલાકારોને આશ્ચર્ય થયું, કેમકે પારીસમાં ગૅલેરી માટેની ગોઠવણ છ-છ આઠ-આઠ મહિના અગાઉથી નક્કી કરી લેવી પડતી હોઈ સામાન્ય રીતે તો ત્યાં પ્રદર્શન ભરવું એ જ મુશ્કેલ વાત ગણાય. આવી પરિસ્થિતિમાં ગૅલેરી મેળવવા ઉપરાંત ચિત્રોનું વેચાણ એ તો ખૂબ જ અલભ્ય લાભ ગણાય. સામાન્ય રીતે ત્યાં નામીચા કલાકારોનાં જ ચિત્રો ખરીદાય છે, જ્યારે શ્રી પણિક્કર જેવા પ્રવાસી કલાકારનાં ચિત્રો વેચાય તે સુભાગ્ય જ ગણાય.

અહીંથી શ્રી પણિક્કર સ્વિટ્ઝરલૅન્ડ, મિલાન, ફ્લૉરેન્સ, રોમ, નેપલ્સ વગેરે સ્થળોની મુલાકાત લઈ ઑક્ટોબરમાં હિંદ પાછા ફર્યા.

શ્રી. સી. એસ. પણિક્કર (અનુસંધાન પૃષ્ઠ ૩૪૨થી)

આજના આધુનિક ભારતીય કલાના ગણ્યાગાંઠ્યા પ્રતિનિધિ કલાકારોમાંના એક તરીકે હું શ્રી પણિક્કરને આવકારું છું.'

સામાન્યરીતે અલભ્ય ગણાતી તેવી વિવેચકોની આવી સુંદર પ્રશંસાઓ મેળવી તેઓ લંડનથી પારીસ ગયા. આજની ચિત્રકળાના પાટનગર સમા એ શહેરમાં તેઓને નવુંનવું જોવાજાણવાની જિજ્ઞાસા સાથે સહજ સંકોચ પણ હતો. પારીસનું જીવન ખૂબ જ ખર્ચાળ હોવા ઉપરાંત ત્યાંની ગૅલેરીઓ કે જેમાં ચિત્રો પ્રદર્શિત કરવા અંગેની સંપૂર્ણ વ્યવસ્થા હોય છે, તેવી જાણીતી બધી ગૅલેરીઓનાં ખૂબ જ આકરાં ભાડાંને લીધે શરૂઆતમાં તેઓ જરા મૂંઝાઇને નિરાશ થઇ પાછા ફરતાં એક રેસ્ટોરાંમાં આરામ ને ખાણા માટે તેઓ બેઠા હતા તેવામાં બાજુમાં બેઠેલા એક નવપરિણીત અમેરિકન યુગલે સહજ કુતુહલતાથી તેમના વિષે પૂછપરછ કરી, ને પરિચયમાં તેમણે જાણ્યું કે તેઓ હિંદી કલાકાર છે ને પ્રદર્શન ભરવા અંગે નાણાની મૂંઝવણ અનુભવી રહ્યા છે. તે જોઈ તેમણે તેમનાં ચિત્રો બતાવવાની શ્રી પણિક્કરને વિનતિ કરી. જોકે તેમને એકાદ દિવસમાં જ ગૅલેરી વિષે નક્કી કરી નાખી થોડાક સમય માટે પોતાના એક પૂર્વ પરિચિત ફ્રેન્ચ જમીનદારની મહેમાનગતી માણવા જવાનું હતું, ને ગૅલેરીઓમાં પણ તુરત હા કે નાનો જવાબ આપવાનો હોઇ તેઓ સમયની ખેંચમાં હતા. છતાં વિવેકની ખાતર તેઓ પેલાં અમેરિકન દંપતીને પોતાની હોટેલે લઈ ગયા. એમનાં ચિત્રો જોઈ રહ્યા પછી પેલા યુવાને ખિસ્સામાંથી ૭૦૦ રૂપિયાની કિંમતની નોટો સામે ધરતાં કહ્યું કે 'મિ. પણિક્કર, હું તમારાં બે ચિત્રો ખરીદી લઉં છું, ને લ્યો આ તેની કિંમત.' પ્રથમ તો શ્રી પણિક્કર માની જ ન શક્યા કે આ સત્ય છે કે સ્વપ્ન! તેમનો ગૅલેરીના ભાડાનો પ્રશ્ન આમ અચાનક રીતે ઉકલી રહ્યો હતો.

વધારામાં શ્રી પણિક્કર પાસે જ તે ચિત્રો રહેવા દઈ તેઓએ કહ્યું, 'પ્રદર્શન પતી ગયા પછી જ અમને એ આપજો' ને ચિત્રો ન લીધા છતાં તેની પૂરી કિંમત આપી દઇને, એક અજાણ્યા ભારતીય કલાકાર પર વિશ્વાસ મૂકી તેઓ ચાલ્યાં ગયાં! શ્રી પણિક્કર પણ તુરત ગૅલેરીનું ચોક્કસ કરીને ઉત્તર ફ્રાંસમાં પોતાના જમીનદાર મિત્રને ત્યાં ઊપડી ગયા. ત્યાં એ મિત્રે પણ એમની સારી ખાતરબરદાસ કરી, અને ત્યાં તેમનાં ચિત્રોનું એક નાનું પ્રદર્શન યોજ્યું. જેમાં એમનાં પાંચેક ચિત્રો વેચાયાં. આમ એમની નાણાંવિષયક મૂંઝવણ બિલકુલ ટળી ગઈ.

પૅરિસ આવીને તેમણે મુકરર કરેલી ગૅલેરીમાં પ્રદર્શન ભર્યું. ઉદ્ઘાટનના દિવસે જ, અને ઉદ્ઘાટન પહેલાં જ સાત સાત ચિત્રો પર 'સોલ્ડ'(વેચાઈ ગયું છે)નું લેબલ જોઈ એ ગૅલેરીના સંચાલકો ઉપરાંત

અહીં આવતાં તેમનું ભાવભર્યું સ્વાગત થયું. તેના પ્રતીકરૂપ એક નોંધ લઈ આ લેખ પૂરો કરીએ. તેમના સ્વાગત અંગેની નોંધ મદ્રાસના દૈનિક 'હિંદુ'માં વાંચી પૉંડિચેરીથી એક ફ્રેન્ચ મહિલાએ નીચેનો પત્ર એ દૈનિકમાં લખ્યો. તે પરથી શ્રી પણિક્કરનાં ચિત્રો વિષે ફ્રાન્સના લોકોની સામાન્ય છાપ આપણે જાણી શકીશું.

'યુરોપની સફરેથી હમણાં જ પાછા ફરેલા તમારા કલાકારના હાર્દિક સન્માનની નોંધ વાંચી હું ખુશ થઈ. તે જોઈ મને એમ થયું કે તેમનાં ચિત્રો વિષે ફ્રાન્સમાં શી હવા-લાગણી હતી તે જાણવામાં તમારા કેટલાક વાચકોને કદાચ રસ પડશે.

જ્યારે તેમનું પ્રદર્શન પારીસમાં હતું ત્યારે હું ત્યાં જ (ફ્રાંસમાં) હતી. મારે કબૂલ કરવું જોઇએ કે અમે જ્યારે પ્રદર્શનની જાહેરાત કરતાં પોસ્ટરો Rue De Seine–કલાકાર જ્યાં રહેતા હતા તે આવાસ (જે અમારી નદી સીનના ડાબા કાંઠા પર હતો તે) પર લટકતાં જોયાં ત્યારે અમને સ્હેજ ભય વ્યાપ્યો કે વળી પાછાં અજંટા-અનુકરણનાં ચિત્રો નિહાળવાનાં રહેશે! પરંતુ કલાકારનો આભાર માનવો જોઇએ કે તેમણે પોતાની સિદ્ધ શૈલી ને જબરા વ્યક્તિત્વની છાપ પાડતાં તેમનાં ચિત્રો જોવાની અમને તક આપી. માત્ર અનુકરણો નહિ પરંતુ અમારા જેવા પરદેશીઓ આજના ભારતીય કલાકાર પાસેથી જેની અપેક્ષા રાખે તેવાં આધુનિક માનસથી રંગાએલાં તે ચિત્રો હતાં.

'પહેલાંનાં તેમનાં ચિત્રો પર ૧૯મી સદીના ફ્રેન્ચ કલાકારોની અસર ચોખ્ખી વરતાઈ આવતી હતી, જેની દ્વારા તેઓ તેમનાં છેલ્લાં ચિત્રોમાં પોતાનું વ્યક્તિત્વ રજૂ કરી રહ્યા છે. ગઈ સદીના મધ્ય ભાગમાં થઈ ગએલા આધુનિક ફ્રેન્ચ કલાકારો, જેઓ તેમની સાદાઈ, રેખા ને રંગોમાં એશિયાટિક ચિત્રોની સારી એવી અસર તળે હતા, તેમના બદલામાં જ શું આજના ફ્રાન્સના કલાકારોમાંથી પ્રેરણા લઇને ભારતીય કલાકારો પોતાના રાષ્ટ્રીય વ્યક્તિત્વનું આલેખન કરી રહ્યા છે? કેવું પરસ્પર ઉપકારક! ચક્રની ગતિ ફરતી જ રહી છે. 'શું તે એમ બતાવે છે કે હવે હિંદી કલાકારો માટે અજંતા શૈલીનાં કે વિક્ટોરિયન યુગની રવિવર્માની શૈલી પર ચિત્રો કરવાનો સમય પરવારી ચૂકયો છે?

'કલાકારનાં ચિત્રોમાંથી ખેડૂત નામના ચિત્રે તેની રચના, રૂપ, સાદાઈ ને રંગો વડે અમારું ખૂબ જ ધ્યાન ખેંચેલું. તે જોઈ અમે સમજ્યાં કે ભારતમાતા માત્ર તેના પુત્રો પાસેથી જ નહિ, પણ તેની દૂધાળી ગાયો પાસેથી પણ કેવો સખત પરિશ્રમ માગી રહી છે.

'અંતમાં કહેવાનું એટલું જ કે કલાકારે આવાં રસમય ચિત્રોનું પ્રદર્શન પારીસમાં જુલાઇ માસમાં કેમ યોજ્યું હશે, કે જ્યારે ત્યાંના કલાવિવેચકો તથા કલારસિક જનતા પારીસથી બહાર ચાલી ગઈ હોય!'

સ્વ. રામનારાયણ પાઠક (અનુસંધાન પૃષ્ઠ ૩૩૮થી)

લેખો, ભાષણો અને ચર્ચા આદિનું શ્રી ઉમાશંકર જોષીના સહકારથી સંપાદન કરી તેમના સમગ્ર વિચાર-મિનારને તેમણે જનતા સમક્ષ વ્યવસ્થિત રીતે રજૂ કર્યો, એટલું જ નહિ પરંતુ આચાર્ય ધ્રુવના 'આપણો ધર્મ', 'કાવ્યતત્ત્વવિચાર', 'સાહિત્ય-વિચાર' તેમજ 'દિગ્દર્શન' આદિ ગ્રંથોની વિચારશીલ પ્રસ્તાવનાઓ લખી આચાર્ય ધ્રુવના વિચાર-મિનારને બરાબર અવલોકવામાં જિજ્ઞાસુઓને સગવડ કરી આપી છે. તે જ પ્રમાણે શરદ્‌બાબુની નવલકથાઓની તેમજ તરુણ કવિ-લેખકોનાં પુસ્તકોની પ્રસ્તાવનાઓ દ્વારા તેમણે કરેલી છણાવટ અનેકને માર્ગદર્શન તથા પ્રોત્સાહન આપ્યાં છે.

વકીલાતનાં વર્ષોમાં ઘણી તરુણ વયે થએલા એમનાં પ્રથમ પત્નીના અવસાન બાદ તેમણે ફરી લગ્ન ન કરતાં લગભગ ત્રણ દાયકા સુધી વિધાપૂત જીવન ગાળેલું. ત્યાર પછી ઈ. ૧૯૪૫માં તેમણે ૫૭ વર્ષની વયે ૩૦ વર્ષનાં શ્રી હીરાબહેન મહેતા સાથે લગ્ન કર્યું, એ પ્રસંગે તત્કાલ તો ઠીકઠીક ઊહાપોહ મચાવેલો. પરંતુ સાચું દાંપત્ય દેહને નહિ પણ સ્નેહને જુએ છે, એ સત્યના એક ઉજ્જ્વલ દૃષ્ટાંત સમી એ લગ્નની વિશિષ્ટતા તો એ હતી કે લગ્ન માટેનો આગ્રહ શ્રી પાઠકનો નહિ પણ ખુદ હીરાબહેનનો હતો. અને આજે તો એ લગ્નની પાછળ રહેલી ભાવનાની પ્રતીતિ સર્વને થઈ ચૂકી છે. એ સમયે એ લગ્નની કડક આલોચના કરનાર એક વિચારકે આજે પોતાના પત્રમાં સ્વર્ગસ્થને આપેલી અંજલિમાં લખ્યું છે તેમ 'દસ વર્ષના એ લગ્નજીવન દરમ્યાન શ્રી હીરાબહેને જે પતિનિષ્ઠા બતાવી, શ્રી પાઠકની સેવા બજાવી અને ઉચ્ચ કોટિના સાહચર્યનું જે દર્શન કરાવ્યું તેણે એ અસ્વાભાવિક દેખાતા લગ્નને પૂર્ણ સ્વાભાવિકતા અર્પી હતી.' બીજા એવા જ એક વિવેચકે આજે પોતાની અંજલિ અર્પતાં શ્રી હીરાબહેનને આધુનિક સાવિત્રીનું બિરુદ આપી એ લગ્નનું માંગલ્ય સ્વીકાર્યું છે.

લગ્ન બાદ મુંબાઈના ભારતીય વિદ્યાભવનમાં અધ્યાપક તરીકે તેમણે છેવટ સુધી કામ કર્યું હતું. વચમાં તેઓ થોડો સમય અમદાવાદની ગુજરાત વિદ્યાસભાના અનુસ્નાતક વિભાગમાં પણ અધ્યાપક તરીકે કામ કરી ગયા હતા. ઈ. ૧૯૪૬માં રાજકોટમાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૬મા અધિવેશનના પ્રમુખ તરીકે તેમની વરણી થઇ હતી અને ઇ. ૧૯૫૦માં તેમને કાંટાવાળા પારિતોષિક એનાયત થએલું. છેલ્લે અવસાન વેળા તેઓ મુંબાઈ રેડિયો સ્ટેશનના ગુજરાતી વિભાગના સલાહકારના પદે હતા.

તરુણોમાં તેઓ જે નામથી પ્રિય ને પૂજ્ય હતા એ 'પાઠક સાહેબ'ની સાહિત્યસાધનામાં મુખ્ય ક્ષેત્ર વિવેચનનું હતું. 'કાવ્યની શક્તિ', 'સાહિત્યવિમર્શ', 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો', 'નર્મદ', 'સાહિત્યાલોક' આદિ તેમના ગ્રંથો તેમની અભ્યાસમંડિત અને તર્કબદ્ધ છતાં વિશદ, શુદ્ધ ને કાચ જેવી પારદર્શી વિવેચનદૃષ્ટિના દ્યોતક છે. તેઓ એક સમર્થ વિવેચક હતા અને એટલા જ સર્જક હતા એ ખરું, પણ એમના અસાધારણ વ્યક્તિત્વની ખરી વિશિષ્ટતા તો એ છે કે તેઓ રસજ્ઞ વિવેચક હતા. એમનાં વિવેચનોમાં પણ સર્જક પ્રતિભા અનુભવાય છે તેમજ એમની સર્જનકૃતિઓમાં રસજ્ઞ વિવેચકની પ્રતિભાનાં દર્શન થાય છે. પ્રતિભાનાં આ બંને પાસાં આવી અપૂર્વ રીતે જળહળતાં હોય એવું સમૃદ્ધવ્યક્તિત્વધરાવતીવ્યક્તિઓ સર્વત્ર વિરલ છે. ગુજરાતી સાહિત્યના આદ્ય વિદ્વાન હેમચંદ્ર પછી દલપતરામ, રણછોડભાઇ ને કેશવ હર્ષદ ધ્રુવે ખેડેલા પિંગળના જ્ઞાનનો વારસો પાઠક સાહેબના હાથે વિશેષ સમૃદ્ધ થયો છે. તે ક્ષેત્રમાં તેમનાં 'અર્વાચીન કાવ્યસાહિત્ય', 'ગુજરાતી પિંગળ–નવી દૃષ્ટિએ', 'પ્રાચીન ગુજરાતી છંદો' અને હવે પ્રકટ થનાર 'બૃહદ પિંગળ' એ ગ્રંથોએ તો સૌથી વધુ સમૃદ્ધ અને શ્રેષ્ઠ સેવા બજાવી છે. એમના જેવો વિવેચક ગુજરાતને કદાચ મળશે, પણ એમના જેવા મહાન છંદઃશાસ્ત્રીનું આસન તો હમણાં ખાલી જ રહેશે એમ લાગે છે. ગુજરાતને શાસ્ત્રીય અને સર્વાંગીણ પિંગળની જરૂર હતી ને તે એમના 'બૃહદ પિંગળ' જેવા શકવર્તી ગ્રંથથી પૂરી થાય છે.

'દ્વિરેફ'ને ઉપનામે તેમણે લખેલી એમની નવલિકાઓએ તો ગુજરાતી ટૂંકી વાર્તાના સાહિત્યમાં એક નવો જ ચાસ પાડ્યો છે. નિગૂઢ માનસ-વિશ્લેષણની સાથે સરળ કથનશૈલીની એ વાર્તાઓ વિષય-વૈવિધ્ય, નિરૂપણ અને ચોટ એ ત્રણે વાર્તાગુણની દૃષ્ટિએ સમગ્ર ગુજરાતી સાહિત્યમાં અનન્ય છે. જીવનના પોતે તટસ્થ દ્રષ્ટા હોય એ રીતે અને આપણા કેટલાક પ્રતિષ્ઠિત નવલિકાલેખકોની જેમ લાગણીવેડાથી ભીંજાયા વિના તેમણે એમાં સીધી, સચોટ ને લયવેધી સંયમી શૈલીમાં માનવજીવનના ગુણદોષોનું જે નિરૂપણ કર્યું છે તે માનસશાસ્ત્રીય અને વાસ્તવનિષ્ઠ છે. 'સ્વૈરવિહારી'ને ઉપનામે તેમણે લખેલા નર્મ નિબંધોમાં ખીલી ઊઠતી પ્રતિભાએ તો તેમને એક વિવેચકને હાથે 'હસતા ફિલસૂફ'નું બિરુદ અપાવ્યું છે. 'સ્વૈરવિહાર'ના બે ભાગમાંની એમની હળવી નિબંધિકાઓનું હાસ્ય સૂક્ષ્મ અને સંસ્કારી છે. 'શેષ'ના ઉપનામે તેમણે આપેલાં 'શેષનાં કાવ્યો'માં નીતર્યા રસની સાથે મનનશીલ વાચકને માટે શુદ્ધ જીવનની પ્રેરણા છે. સંસ્કૃત કવિઓની લાલિત્યભરી પ્રૌઢી, રસગીતોની કુમાશ, લોકગીતોનું ઉક્તિલાવણ્ય, ભજનોની ભીનાશ અર્વાચીનોની વિચારપૂત સ્વસ્થતા અને સાથોસાથ રંજક રમતિયાળપણું વગેરે સઘળી જ કાવ્યરીતિઓ તેમણે સહજ રીતે સિદ્ધ કરી છે. એને વિષે શ્રી સુન્દરમે એક સ્થળે કહ્યું છે કે ''કાન્ત'ના 'પૂર્વાલાપ' પછી 'શેષનાં કાવ્યો' જ એવો કાવ્યગ્રંથ છે, જે પોતાની સંયમભરી પ્રૌઢીથી, તથા 'કાન્ત' પછીની ગુજરાતી કવિતાએ પોતાના પ્રવાસમાં મેળવેલાં નવાં તત્ત્વોને સમાવીને તેમજ નિજનાં નવાં ઉમેરીને, પોતાની અલ્પ સંખ્યા છતાં બહુગુણતાથી એક સીમાચિહ્ન જેવો બની રહે છે.'

આ ઉપરાંત 'પ્રમાણશાસ્ત્ર પ્રવેશિકા' એ તેમના તર્કશાસ્ત્રના ઊંડા અભ્યાસના ફળ રૂપ પુસ્તક ગુજરાતને મળ્યું છે. વળી 'ધમ્મપદ' ઉપરાંત શ્રી રસિકલાલ પરીખ સાથે 'કાવ્ય પ્રકાશ'નું ભાષાન્ત આપીને તથા 'કાવ્યસમુચ્ચ', 'કાવ્યપરિચય', નરસિંહ મહેતાનું 'ગોવિંદગમન', એટલાં સંપાદન-પુસ્તકો આપીને તેમણે ગુજરાતને કાવ્યાભિમુખ કરવામાં મોટી સહાય કરી છે.

વ્યક્તિગત ગુણોની દૃષ્ટિએ તો સ્વ. પાઠકને નિર્વિવાદ રીતે 'અજાતશત્રુ' કહી શકાય. કરુણા ને પ્રેમથી એમનું હૈયું સદા વિગલિત રહેતું. એમની જીવનદૃષ્ટિ સ્વસ્થ અને સ્થિર હતી. સાહિત્ય સાથે જીવનનું પણ ચિંતન તેમણે આજીવન કર્યા કરેલું, જેના સત્ત્વરૂપ 'નિત્યનો આચાર' નામનું તરુણોને માટે તો 'બાઇબલ' કહી શકાય એવું પુસ્તક ગુજરાતને મળ્યું છે. પાઠકસાહેબના જતાં આપણે આપણો પોતાનો, ફરી મળવો અસંભવ એવો એક મહાન સાક્ષરસત્તમ ગુમાવ્યો છે. પણ પાઠકસાહેબે તો વર્તમાન ગુજરાત પાસેથી આશા નથી ગુમાવી. તેઓ તો કહે છે કે :

'સન્ધ્યા ને બીજ બંને એ અંગ એક જ દૃશ્યનાં!
અંતરો કાલનાં જૂઠાં ભૂતનાં ને ભવિષ્યનાં!
તો તારે ય સખે, સન્ધ્યા કાજ ના ક્રન્દવું ઘટે.

અને આગળ જતાં તેઓ કહે છે :

બીજથી નન્દવું એ યે સન્ધ્યાને વન્દવું જ છે!'

આવા વિચાર આપી જનારા એમના જેવાના આત્માને તો, નવાંનવાં વધુ ને વધુ ઉલ્લાસકારી બીજ ગુર્જરભૂમિ પર ફૂલીફળી રહો, એવી અભિલાષા એ જ યોગ્ય અંજલિરૂપ બની રહેશે.



જતાં જગતમાં કદી પગલું કેડી બ્હારે પડે,
અને પગ અજાણ્યું કંટક કદાચ ભોંકાય તો,
ઘટે ફરી ઉપાડીને મૂકવું 'દૃષ્ટિપૂતં પદં.'
અને મનથી સ્વસ્થ થૈ, જરી વિસામીને વાટમાં,
સ્વકીય જ કરેથી કંટક કહાડી નાંખ્યો ઘટે.
ભલે ઘડીક પીડ કંટકથી ઝાઝી સ્હેવી પડે.—'શેષ'

પ્રતીકસૃષ્ટિનો સ્રષ્ટા : ટૉમસ માન

'બાપુજી જો બીમાર હોય તો જાણે ઘડિયાળ પણ ઈજા પામી હોય તેવી રીતે તે ઘરના ખૂણામાં હતાશ અને નંખાઈ ગએલી જણાતી. વળી તે ઘડિયાળ તરફ દૃષ્ટિ નાખતાં બાપુજીને પણ એથી વધુ દુઃખ થયા વિના રહેતું નહિ કે પોતે કરવા ધારેલું ઢગલાબંધ કામ પૂરું થઈ શકતું નથી...મારા પિતાજીને હમેશ કામ જોઈએ છે. કામ એ તેમનો એકમાત્ર પ્રામાણિક સહોદર છે, જેનાથી તેઓ કદી છૂટા પડવા માગતા નથી, અને પડે તેમ નથી.'

કુ. મૉનિકા માને જેમની ઍંશીમી વર્ષગાંઠ નિમિત્તે ચાલુ સાલની છઠ્ઠી જૂને આ વાક્યો લખેલાં તે આ સદીના સૌથી મહાન જર્મન નવલકથાકાર, સાહિત્યમાં 'પ્રતીકસૃષ્ટિનો સ્રષ્ટા' ગણાતા ટૉમસ માનનું ગયા માસની ઓગણીસમીએ ઝુરિચ ખાતે અવસાન થયું. સાહિત્યની ઉત્તમ કૃતિ જગતને આપવા બદલ ઈ. ૧૯૨૯નું નોબેલ પારિતોષિક પણ તેમને એનાયત થએલું છે. મૂળ તો તેમનો જન્મ જર્મનીમાં ઈ. ૧૮૭૫ની ૬ઠ્ઠી જૂને થએલો, પરંતુ નાઝીવાદી જર્મનીમાં તેમને અસહ્ય ગૂંગળામણ થતી લાગતાં તેઓ જાતે જ માતૃભૂમિમાંથી હદપાર થઇ પોતાનાં ઘરવખરી, જર્મન નાગરિકત્વ અને જર્મનીમાં રહી મેળવેલી પી.એચ.ડી.ની ઉપાધિનો પણ ત્યાગ કરી અમેરિકામાં યુનાઇટેડ સ્ટેટ્સ ખાતે જઈ વસ્યા. પોતાની ખીલેલી લેખનકારકિર્દીને તેમણે અમેરિકા આવી વધુ વિકસાવી. 'ધ મૅજિક માઉન્ટન', 'બડનબ્રુક્સ', 'જૉસેફ ઍન્ડ હિઝ બ્રધરન' અને 'ડૉક્ટર ફૉસ્ટસ' એ તેમની સૌથી વધુ પ્રખ્યાત બનેલી કૃતિઓ છે, અને જર્મન સાહિત્યમાં તેની ગણના સર્વશ્રેષ્ઠ કૃતિઓમાં થાય છે. તેમનો પરિચય આપતાં કુ. મૉનિકા આગળ લખે છે:

'જીવન અને કાર્યનું સંપૂર્ણ સંગીત અને સુખદ સંલગ્ન તેમનામાં જોવા મળે છે. તેઓ જે જુએ છે અને જે કંઈ હાથમાં લે છે તેની સાથે તેઓ તન્મય–એકતાલ બની જાય છે. એક વાર 'હૅમ્લેટ' નાટકમાં દ્વન્દ્વયુદ્ધ કરતાં હેમ્લેટનું લોહીલુહાણ થએલું બાવડું જોયા બાદ પિતાજીએ અભિનેતાને પૂછેલું : 'ખરેખર, તારું બાવડું લોહીલુહાણ થઇ ગએલું?' જવાબમાં અભિનેતાએ જણાવ્યું : 'તે તો માત્ર લાલ પેસ્ટ જ હતું!' તેમનો સ્વભાવ મેં જીવનભર મુલાયમ જોયો છે. જેમ અન્ય મુલાયમ સ્વભાવવાળાઓને પોતીકી આંતરિક અભિવ્યંજનાશક્તિ હોય છે, તેમ મારા પિતાજીને પણ તે હતી. સાથોસાથ ભયંકર જુવાળને પણ ઠારી દે તેવી ઠંડી શાંતતા તેમને વરી હતી. ઘરમાં કે બહાર ગમે તેવાં સુખદુઃખનાં ભરતીઓટ આવે, છતાં મેં તેમને કદી ઉદ્વિગ્ન કે આકળા થયા જોયા નથી. તે ભરતી-ઓટ વિરાટ હો કે વામણાં. સવારનો નાસ્તો પતાવી તેઓ તો પોતાના સહોદર લેખનકાર્ય સાથે મૂંગી, વફાદાર વાતોએ વળગી જતા. મને વહેમ છે કે તેઓ લખતી વખતે કદાચ જાદુઈ કાગળ



આપણાં જંતુઓ : ૪

મચ્છર



મચ્છર એ આપણું નિતનું પરિચિત જંતુ છે, છતાં આપણે તેને વિશે બહુ ઓછું જાણીએ છીએ. તેને ચાર ઇન્દ્રિયો–સ્પર્શ, રસ, ગંધ અને ચક્ષુ–છે, માત્ર શ્રવણેન્દ્રિય તેને નથી. સાધારણ રીતે મચ્છરમાં બે જાતો હોય છે : ઝેરી-એનોફિલિસ ને ઝેરવગરના-ક્યુલેક્સ. એનોફિલિસ મૅલેરિયાનો વાહક છે. ક્યુલેક્સ જમીનની સમાન્તર બેસે છે, જ્યારે એનોફિલિસ માથું નીચું અને ધડ ઊંચું રાખીને. એનોફિલિસ ગણગણાટ કરે છે, ક્યુલેક્સ કરતો નથી.

એનોફિલિસ મચ્છર શરીર ઉપર ડંખ મારી લોહી ચૂસી લે છે, પણ તે પહેલાં પોતાની સૂંઢમાંથી એક દાહક ઝેરી રસી શરીરમાં દાખલ કરે છે. તેમાંનો પ્લેઝમોડિયમ નામનો એક રોગાણુ વખત જતાં સંખ્યાબંધ વધી જઈ રક્તકણોને ઓછા કરે છે, પરિણામે મૅલેરિયા થાય છે. ડંખની જગ્યાએ નાનું, કઠણ, ધોળું ઢીમણું ઊપડી આવે છે. એના ડંખ ઉપર તુરત જ પાણી કે સરકો ચોપડવાં ફાયદાકારક ગણાય છે.

મચ્છરના ડંખમાં ત્રણ પ્રકારનાં ઝેર હોય છે. એકને લાલ કણમાં વધતાં ૨૪ કલાક, જ્યારે બીજા બેને અનુક્રમે ૪૮ અને ૭૨ કલાક લાગે છે. તેનાથી લાગુ પડતા તાવો અનુક્રમે દરરોજનો, એકાંતરો અને ચોથિયો કહેવાય છે. ગંદાં પાણી તથા સ્થળોમાં તેમનો ઉપદ્રવ થતો હોય છે. આવાં સ્થળે માદા ઈંડાં મૂકે છે, અને તેને ચાર અવસ્થા હોય છે : ઈંડું, ઈયળ, કોશેટો અને મચ્છર. એનોફિલિસ માદા ૫૦ થી ૧૦૦ અને ક્યુલેક્સ માદા ૨૦૦ થી ૪૦૦ ઇંડાં મૂકે છે. ઈંડાં છૂટાં છૂટાં પાણી ઉપર તરે છે. બેક દિવસમાં તેમાંથી ઇયળ નીકળે છે, તેનું પોષણ પાણીમાંનાં જીવડાં અને વનસ્પતિથી થાય છે. તે સપાટી ઉપર હવા લેવા આવે છે. એનોફિલિસ મચ્છરની ઇયળ નીચે માથું રાખી લટકતી હોય છે અને પૂંછડી સપાટીને અડકાડી હવા લે છે. સાતથી ચૌદ દિવસમાં એ ઇયળનું કોશેટામાં રૂપાન્તર થાય છે. કોશેટાને મોં હોતું નથી એટલે તે હવા જ લે છે, ખાતો નથી. તેની અવસ્થા બે થી પાંચ દિવસની હોય છે. આ સ્થિતિ ભોગવી મચ્છર સ્વ સ્વરૂપે બહાર પડે છે.

વાપરતા હશે જે કશુંક ખોટું લખાઇ જાય તે પહેલાં ખખડીને તેમને જાગ્રત કરી દે!—કારણકે તેમની હસ્તપ્રતો એટલી બધી સ્વચ્છ છે કે તેમાં ભાગ્યે જ કોઈ છેકો, સુધારો કે ઉમેરણ થયું હોય. તેમણે કદી ટાઈપ-રાઇટર વાપર્યું નથી કે નથી મોટર ચલાવવાની મોજ માણી. છતાં રખે કોઈ તેમને જૂની રૂઢિના માણસ માની લે! તેઓ કદી યુદ્ધમાં સામેલ થયા નથી, ખરેખર આગ નીચે આવવા તેમણે કદી ઇરાદો સેવ્યો નથી. તેમણે યુદ્ધ જગાવ્યું હતું એક માત્ર અંતરમાં, અને તે કળાની ભીતરમાં તાલમયતા સ્થાપવાનું. તેમની ઊંડી ધીરજ જોઇને ઘણા વખત અગાઉ કો'કે તેમને ટપારતાં કહ્યું હતું: 'આમ સંથ હારકા શી રીતે પહોંચશો?' જવાબમાં તેમણે કહેલા શબ્દો મને બરાબર યાદ છે: 'ધીરજ એ હિંમત છે, તાકાત છે.''

શ્રી ચુનીલાલ મડિયા

ગુજરાતના તરુણ સાહિત્યકાર શ્રી ચુનીલાલ મડિયાના નામથી 'કુમાર'ના વાચકો અપરિચિત નથી, કેમકે એમની પ્રથમ કીર્તિદા બનેલી ટૂંકી વાર્તાઓની—બલકે એમની પ્રવૃત્તિની શરૂઆત 'કુમાર'થી જ થએલી. આજે એ ક્ષેત્રથી વિસ્તરીને નાટક, નવલકથા ને કાવ્યો સુધી થએલો એમનો ઉત્તરોત્તરવિકાસ 'કુમાર'ને માટે આનંદનો વિષય છે.



સૌરાષ્ટ્રમાં ધોરાજીના વતની શ્રી મડિયા વાણિજ્યના સ્નાતક (બી.કૉમ.) થયાબાદથોડાંવરસ 'જન્મભૂમિ' વગેરે પત્રોના સંપાદન વિભાગમાં રહીને '૫૧થી અમેરિકન માહિતી કચેરીની મુંબાઈ શાખાના ગુજરાતી વિભાગના વડા તરીકે કામ કરતા હતા. એ હોદ્દેથી તેઓ ગયા માસમાં અમેરિકાના ત્રણ માસના અભ્યાસપ્રવાસે ગયા છે.

શ્રી મડિયાએ કેટલાંક સાહિત્યિક પારિતોષિકો પણ મેળવ્યાં છે. '૫૨માં તેમને 'ન્યૂ યૉર્ક હેરલ્ડ ટ્રિબ્યૂન'ની ટૂંકી વાર્તાસ્પર્ધામાં ઇનામ મળેલું. ભારત-મુક્તિ પછીના શ્રેષ્ઠ ગુજરાતી નાટક માટે મુંબાઈ સરકારે હમણાં જ આપેલા પ્રથમ ઇનામના એ સહવિજેતા છે; ને આ ઇનામ મેળવનાર એમની કૃતિ 'રંગદા' (૧૩ એકાંકી નાટિકાઓના સંગ્રહ) માટે એમને સુરતની નર્મદસાહિત્ય સભાએ 'નર્મદસુવર્ણચંદ્રક' પણ આપેલો છે.

તેમની ટૂંકી વાર્તાઓનો પહેલો સંગ્રહ તે સ્નાતક થયા તે પૂર્વે પ્રસિદ્ધ થયો હતો, અને અત્યાર સુધીમાં તેમણે લગભગ ૨૦ પુસ્તકો લખ્યાં છે અને તેમાંથી ઘણાંની અનેક આવૃત્તિઓ પણ થઈ છે.

મુંબાઇના જાણીતા અવેતન નાટ્યમંડળ થીએટર યુનિટ સાથે ને પી. ઇ. એન. સાથે પણ એ સક્રિય રીતે જોડાએલા છે. અમેરિકાથી પાછા ફરતી વેળા શ્રી મડિયા યુરોપના વિવિધ દેશોની મુલાકાત લઈ ત્યાંની નાટ્યપ્રવૃત્તિનો અભ્યાસ કરવાની ઉમેદ રાખે છે.

'બ્લડપ્રેશર'ની અદ્ભુત દવા : લસણનો પ્રયોગ

આપણા પ્રાચીન આયુર્વેદ-વિદ્વાનોએ અને આધુનિક પશ્ચિમી

અરધા લવાજમે
કુમાર

આપવાની એક યોજના 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના ડાયરેક્ટરોએ નક્કી કરી છે. તે અનુસાર આજ સુધીમાં જેઓ આ કંપનીના શેરહોલ્ડરો થએલા છે તેમને ઈ. ૧૯૫૬થી અરધા લવાજમે 'કુમાર' મળી શકશે. તે ઉપરાંત જેઓ આવતા ડિસેમ્બર સુધીમાં, કંપનીમાં ઓછામાં ઓછા પાંચ, કે તેથી વધુ શેર (દરેક શેર રૂપિયા વીસનો છે) લઇને તેના શેરહોલ્ડરો થશે તેમને પણ આવતા વર્ષથી અરધા લવાજમે 'કુમાર' મળશે. આશા છે કે જેઓને 'કુમાર'માં તથા આ સંસ્થાની પ્રવૃત્તિમાં રસ છે તેઓ આ યોજનાનો લાભ લેશે અને પોતાના સહકારથી સંસ્થાને પણ પગભર કરવામાં સહાયભૂત થશે.

ચિકિત્સકોએ પણ પ્રયોગો કરી સિદ્ધ કરી બતાવ્યું છે કે બ્લડપ્રેશરને માટે સર્પગંધા એ એક અપૂર્વ વનસ્પતિ છે. પરંતુ બ્લડપ્રેશર પર સર્પગંધા જેટલી જ ગુણકારી એક બીજી નાચીજ ઓષધિ પણ છે, અને તે છે લસણ. આપણે નિત્ય ખાઇએ છીએ તે નહિ, પરંતુ એક કળીનું લસણ જેનો ઉપયોગ કરવાનું વૈદ્યરત્ન ડૉ. કવિરાજ પ્રતાપસિંહ, ડી. એસસી., નીચે પ્રમાણે બતાવે છે:

એક કળીનું લસણ તોલા ૧૦ અને ગાયનું દૂધ શેર ૨॥ લઇ પ્રથમ લસણની કળીને બારીક કાતરીને દૂધમાં નાંખી એ દૂધને ઉકાળીને માવો બનાવો, માવાનું જેટલું વજન થાય તેટલી ખાંડ મેળવીને તેના ૨૦ પેંડા બનાવી લેવા અને એ કાચની બરણીમાં ભરી લેવા.

સવારમાં ખાલી પેટે એકથી બે પેંડા, રોગ અને તેની અવસ્થા પ્રમાણે ખવરાવી દૂધ આપવું. આનું સેવન કરવાથી રક્તવાહિની નાડીઓમાં માર્દવ આવે છે, પાચનશક્તિ વધે છે અને હૃદયની ગતિ સમ ને પ્રસાદયુક્ત થઈ બ્લડપ્રેશરથી મેધીમે સ્વાભાવિક અવસ્થાને પ્રાપ્ત કરે છે.

ડૉ. અન્સારીની સલાહથી ગાંધીજીએ પણ પોતાના ઉપર લાંબા વખત સુધી લસણનો પ્રયોગ કર્યો હતો. ડૉ. કવિરાજ પ્રતાપસિંહજી લખે છે: 'હું જાતે અને મારા રોગીઓ આ ઓષધનો ઉપયોગ કરીને લાભ ઉઠાવી રહ્યા છીએ.' —વૈદ્ય જાદવજી નરભેરામ (ગુજરાત સમાચાર)

કુતુબ કરતાં કેટલો ય ઊંચો

જગતના સર્વોચ્ચ ૨૩૮ ફૂટ ઊંચા પાષાણમિનાર કુતુબ કરતાં પંજાબમાં ઊભો કરવામાં આવનારો આપણો ભાક્રાબંધ ત્રણ ગણો ઊંચો હશે! હિમાલયમાંથી વહેતી સતલજ નદીનાં પાણીને રોકી, નિયંત્રિત રીતે તેને છૂટું કરી તેને નહેરો વાટે ખેતરોમાં લઈ જઇ પાકને પાણી પૂરું પાડવા માટે રચવામાં આવનારો સિમેન્ટ કૉંક્રીટનો આ પાકો બંધ હશે. તેના દ્વારા ૬૦ લાખ એકર જેટલી જમીનને પાણી મળશે, અને ૧૪૦ લાખ માનવીની એકસામટી તાકાત જેટલી એટલે કે ૪૦ લાખ કિલોવોટ વિદ્યુત્શક્તિ પેદા થઈ શકશે.

આ જબરદસ્ત બંધની ઊંચાઈ નદીના પેટાળથી બંધની ટોચ સુધી ૬૮૦ ફૂટ જેટલી થશે. જગતનો એ ઊંચામાં ઊંચો 'સ્ટ્રેઈટ ગ્રૅવિટી' બંધ બનશે. નદીનાં ખૂબ ઊંડાં પાણીની અંદર આવા વિરાટકાય બંધના

પાયા નાખવામાં પાણીના વહેણની રુકાવટ દૂર કરવા પ્રથમ તો બંધ જ્યાં ચણાવાનો છે ત્યાં એ પાણી આડે માટીના બે સંરક્ષક બંધો બાંધવામાં આવ્યા છે અને આ બંધોએ રોકેલું પાણી નદી જે પહાડી કોતરમાંથી વહે છે તે કોતરમાં બંને કાંઠે જમીનના પેટાળમાં ૫૦ ફૂટનો ઘેરાવો ધરાવતા અને અર્ધો માઈલ લાંબા એવા બે ધોરી બુગદાઓ મારફતે વાળવામાં આવ્યું છે. મુંબાઈથી પૂના તરફ જતાં પહાડો કોતરીને નીચેથી જે પ્રકારનો રેલવેને જવાનો રસ્તો બાંધવામાં આવ્યો છે બરાબર તે જ પ્રકારનો રસ્તો અહીં આ નદીના પાણીને વહેવાને માટે બાંધવામાં આવ્યો છે.

અત્યારે બંધના પાયાની ખોદાઈનું મોટા ભાગનું કામ પૂરું થઈ ગયું છે. આવતા નવેમ્બર મહિનાથી બંધની રચના માટે સિમેન્ટ-કૉંક્રીટનું કામ શરૂ થશે. કલાકના ૪૦૦ ટનના હિસાબે ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી રાત અને દિવસ આ રીતે યંત્રોની મદદથી કૉંક્રીટનાં તગારાંઓ અહીં ઠલવાતાં રહેશે. કલાકની ૪૦૦ ટન તૈયાર કૉંક્રીટ મળી રહે તે માટે એક મોટું કારખાનું પણ ઊભું કરવામાં આવ્યું છે. અને જાણો છો આ માટે વપરાનાર કૉંક્રીટ કેટલી હશે? છેક કલકત્તાથી ન્યૂયૉર્ક સુધી ૨૦ ફૂટ પહોળો અને ૩ ફૂટ ઊંચો એવો એક ધોરી રસ્તો બાંધી શકાય એટલી!



ભારતીય ધંધાદારી ક્રિકેટપટુઓની તેજસ્વી રમત

પૂર્વના ક્રિકેટશોખીન દેશોના પ્રતિનિધિ ખેલાડીઓએ આ મોસમમાં બ્રિટનનાં કાઉન્ટી અને લીગ ક્રીડાંગણોમાં પોતાની તેજસ્વી રમતનો સૌને પરિચય કરાવ્યો છે. નોટિંગહામ તરફથી રમતો સિલોનનો જી. ગુણસેના ૧,૦૦૦ રન અને ૧૦૦ વિકેટ પ્રાપ્ત કરવાની 'બેવડી' સિદ્ધિની સ્પર્ધામાં મોખરે છે. ૨૬ વર્ષની વયના ન્યૂઝીલૅંડવાસી રે હિચકૉકે તાજેતરમાં જ ચાલુ મોસમની સૌથી ઝડપી સદી ૭૮ મિનિટમાં નોંધાવી છે ને પેલા ભારતીય સર્વદેશીય ખેલાડી આર. સુબ્બારાવે તાજેતરમાં સૌથી જંગી જુમલો નોંધાવ્યો છે. નૉર્થેમ્પટનશાયર તરફથી રમતાં તેણે ૨૬૦ રન મેળવી આ મોસમનો સર્વોચ્ચ વ્યક્તિગત જુમલો નોંધાવવાનો યશ પ્રાપ્ત કર્યો છે. રિસ્ટન સાથેની બીજી મોસમમાં ગુપ્તેએ ફરીથી ૧૦૦ વિકેટ મેળવી છે. ગત વર્ષે પણ લીગમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરનાર તે એકલો જ ખેલાડી હતો. લીગના ઉત્કૃષ્ટ સર્વદેશીય ધંધાદારી ખેલાડી વિનુ માંકડે પોતાની ખ્યાતિ ટકાવી રાખી છે. જુલાઈના અંત સુધીમાં તેણે ૭૭૨ રન કર્યાં હતા અને ૫૫ વિકેટો લીધી હતી. આ મોસમને અંતે રૉટેન્સ્ટૉલ અને લૅંકેશાયર લીગ ક્રિકેટ ક્રીડાંગણ છોડી જતા ભૂતપૂર્વ ભારતીય કપ્તાન વિજય હઝારે માટે જુલાઇ તા. ૩૦મી અંગત વિજય દિન બની રહ્યો હતો. એ દિન સુધીમાં તેણે લૅંકેશાયર લીગમાં પ્રત્યેક ક્રીડાંગણમાં અડધી સદી નોંધાવી હતી, પરંતુ સદીનું સ્વપ્ન મૂર્તિમત બન્યું ન હતું. અને તેથી ટૉડમૉર્ડન સામે સદી નોંધાવીને જ્યારે તે અણનમ રહ્યો હતો ત્યારે તેના ઘણા પ્રશંસકોએ તેની આ સિદ્ધિને વધાવી લીધી હતી. લીગમાં હઝારેનો અગાઉનો સૌથી મોટો રન-જુમલો ઇ. સ. ૧૯૪૯માં હૅઝલિંગ્ડન સામે ૯૮નો હતો. ક્રિકેટ આલમની તાજગીપૂર્ણ હવા માણી રહેલો બીજો ભારતીય ધંધાદારી ખેલાડી છે એક્રિન્ગ્ટન તરફથી રમતો ગોલંદાજ એસ. ડબ્લ્યુ. ધનવડે. આગામી મોસમ માટે પણ તેને રોકી લેવામાં આવ્યો છે. જોકે પ્રથમ ૧૦ મૅચોમાં તેણે માત્ર ૨૮ વિકેટો લીધી હતી, તેમ છતાં છેલ્લી સાત રમતોમાં ૪૦ ખેલાડીઓ તેની ગોલંદાજીનો ભોગ બન્યા હતા. જુલાઇ માસની ૩૦મી તારીખે તેણે ૮૧ રન આપીને ૮ વિકેટો લીધા પછી પહેલી વાર અડધી સદી નોંધાવી હતી.

આ મોસમમાં આંગ્લ કાઉંટી ક્રિકેટમાં દાવ શરૂ કરવામાં એકધારી સુંદર રમત રમનાર બેટ્સમેન રહ્યો છે. બાર્બાડોઝનો ૨૫ વર્ષની વયનો સર્વદેશીય ભૂતપૂર્વ વેસ્ટ ઇંડિયન ટેસ્ટ ખેલાડી રૉય માર્શલ હૅમ્પશાયર તરફથી રમે છે. ઑગસ્ટ તા. ૨ના દિવસે કેન્ટ સામેની રમતમાં હૅમ્પશાયરને વિજય અપાવવામાં તેનો મોટો હિસ્સો હતો. આ મોસમમાં આંગ્લ પ્રથમ-શ્રેણી ક્રિકેટમાં રમનાર બીજા બે વેસ્ટ ઇંડિયન ખેલાડીઓ છે પીટર (બ્રિટિશ ગિયાનાના જ્યૉર્જટાઉનનો રહેવાસી) અને 'કૅમ્બ્રિજ બ્લ્યૂ' વી. આર. બમ્સ્ડન (જમૈકા). બ્રિટનમાં લીગ ક્રિકેટમાં ભાગ લઈ રહેલા વેસ્ટ ઇંડિયન ખેલાડીઓમાં આગળ તરી આવતો ખેલાડી છે ટ્રિનિડાડનો એન. અસ્ગરઅલી. તેણે ૬૦૦ રન તો ક્યારના પૂરા કર્યા છે. જુલાઈ તા. ૩૦મીએ ટૉડમૉર્ડન સામેના જંગમાં તેણે ૧૩૧ રન ખેંચી કાઢ્યા હતા. ઊગતા ખેલાડીઓને તાલીમ આપનાર ખેલાડી તરીકે પણ અસગરઅલી કલબને મહાન થાપણરૂપ બન્યો છે. લૅંકેશાયર લીગમાં ફરી આવનાર એકપના ભવ્ય ઝડપી ગોલંદાજ ઈ. એ. માર્ટિન્ડેલનો યે ઉલ્લેખ કરવો જ રહ્યો.

પૃષ્ઠ ૩૫૩ પર **મોતી** (કિં. ૦-૮-૦)ને **માઝમરાત**ના પ્રકાશક: રવાણી ગ્રહ, રીલીફ રોડ, અમદાવાદ





સ્વ. પાઠક સાહેબની આર્દ્રતા : ૧૯૫૦માં કાંટાવાળા પારિતોષક શ્રી રા. વિ. પાઠક અને શ્રી નરહરિ પરીખને એનાયત થયું ત્યારે એ બંનેને સન્માનવા માટે અમદાવાદમાં પ્રેમાભાઇ હૉલમાં એક સમારંભ યોજાયો હતો. એમાં પાઠક સાહેબ એમનું આભારદર્શી વ્યાખ્યાન આપવા ઊભા થયા. પિંગળની આંટીઘૂંટીઓ સમજાવી. છંદ અને સાહિત્યનો મૂળ રંગ ક્યારે લાગ્યો તેની વાતો કરતાં પિતાશ્રીની સાહિત્યપ્રીતિને સંભારી, અને ગરબીઓનાં મૂળ શોધવાની પ્રેરણામાં એક જ વાક્ય કહ્યું હતું. 'મારાં પત્ની (પ્રથમ પત્ની) ગરબીઓ બહુ જ ઉલ્લાસથી ગાતાં ...' આનાથી વધુ એ કંઈ કહી શક્યા નહિ એ વાક્યના ઉચ્ચારણની સાથે સરેલા એક અશ્રુબિન્દુએ વિશાળ શ્રોતાવર્ગને એમના મૃદુ હૃદયનું ભાન કરાવ્યું. એમનું હૈયું સંવેદના અને સ્નેહથી સદા કેટલું વિચલિત રહેતું તેનો બીજો પણ એક દાખલો છે. એકવાર કૉલેજના દોઢસો વિદ્યાર્થીઓના એક વર્ગમાં તેઓ 'ચક્રવાક મિથુન' ભણાવતા હતા. એમાં જ્યાં કરુણ-રસ બરાબર જામ્યો ત્યાં એમનો કંઠ ભરાઇ ગયો, આંસુઓ વહી રહ્યાં અને તે આગળ વાંચી શક્યા નહિ. વિવેચકના હૃદયમાંની આ ભાવમૃદુતા ને સંવેદનશીલતા સૌ માનભેર જોઇ રહ્યા.

આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : રોમાં રોલાં

જગત્ખ્યાત ફ્રેન્ચ સાહિત્યસ્વામી, વિશ્વ-



બંધુત્વના પરમ પુરસ્કર્તા ને સંસારની માનવતાના આ મહાન રક્ષકનો જન્મ ફ્રાન્સના ક્લૅમ્સી નામના ગામમાં ઈ. ૧૮૬૬ની ૨૯મી જાન્યુઆરીને દિવસે એક વકીલ પિતાને ઘેર થયો હતો. ઉત્કૃષ્ટ કલાવંત આત્માવાળી તેમની માતા એક રાજ્યાધિકારીની પુત્રી હતી, અને તેનો મોટો પ્રભાવ એમના જીવન પર પડ્યો હતો. પ્રાથમિક શિક્ષણ ક્લૅમેરૅયમાં લઈ ફ્રેન્ચ શિક્ષણ માટે પારીસ જતાં ત્યાંના અગ્રણી વિદ્વાનોના સંપર્કથી એમનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો. ૧૮૮૯-૯૧માં તેઓ રોમમાં ફ્રેન્ચ શાળાના સભ્ય હતા અને ૧૮૯૫માં તેઓ ઇકોલ નૉર્મેઈલ સુપીરીઍરમાં કલાના ઇતિહાસના અધ્યાપક તરીકે જોડાએલા. તે પછી સંગીતના ઇતિહાસના અધ્યાપક તરીકે સૅારબોનમાં તેમની નિમણૂક કરવામાં આવેલી.

સંખ્યાબંધ વિવેચનાત્મક અને ઐતિહાસિક ગ્રંથો લખી તેમણે ગદ્યસાહિત્યમાં પ્રવેશ કર્યો, પરંતુ તેમનું સૌથી વધુ ઓજસવંતુ સર્જન તો છે 'ઝાં ક્રિસ્તોફ' નામની નવલકથા, જે ઈ. ૧૯૦૪ થી ૧૯૧૩ સુધીના દસ વર્ષના ગાળામાં દસ ભાગ રૂપે બહાર પડેલી, અને જેને માટે તેમને ઈ. ૧૯૧૫નું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મળેલું.

આજથી બરાબર ત્રીસ વર્ષ પર ફ્રાન્સમાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુર સાથે તેમનો ભેટો થએલો. કવિવરની પ્રતિભાથી પ્રભાવિત થઇને તેમણે ભારતનાં ઉચ્ચ સાહિત્ય અને સમજ વિષે જાણવાની તેમની ઉત્કંઠા વ્યક્ત કરેલી, જેના જવાબમાં કવિવરે જણાવેલું કે 'જો તમારે વાસ્તવિક ભારતને ઓળખવું હોય તો વિવેકાનંદ વાંચો, અરવિન્દને સમજો અને મહાત્મા ગાંધીને મળો.' અને એ નિર્દેશને અનુસરીને એમણે સહૃદયતાથી ભારતને ઓળખવાનો જે પ્રયત્ન કર્યો તેને પરિણામે એ હિંદી સંસ્કૃતિના પરમ પ્રશંસક બની ગયા. હિંદી સંસ્કૃતિ પ્રત્યેનો પોતાનો એ આદર એમણે શ્રીરામકૃષ્ણ પરમહંસના પોતે લખેલા અને હિંદની રાષ્ટ્રીય આકાંક્ષા વિષેના પોતાના વિચારો 'મહાત્મા ગાંધી'ના જીવન ચરિત્રમાં વ્યક્ત કયા છે.

આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં

તા. ૧ જાપાનમાં જગતનો મહાભીષણ ભૂકંપ, ૧૯૨૩.
તા. ૨ પોર્ટુગીઝ વાઇસરૉય આલ્બુકર્કે તિરુમલપુરામાં ભારતનું પહેલું કારખાનું નાખ્યું, ૧૫૦૩.
તા. ૪ મહાસભાએ 'અસહકાર'નો સૌ પહેલો ઠરાવ કર્યો, ૧૯૨૦.
તા. ૫ ફ્રેન્ચોએ જિજીના સૂબા પાસેથી પાંડિચેરી ખરીદી લીધું. ૧૬૭૪.
તા. ૬ 'મે ફ્લાવર' જહાજમાં 'પિલ્ગ્રિમ ફાધર્સ' અમેરિકા ભણી ઊપડ્યા, ૧૬૨૦.
તા. ૯ પ્રખર હિંદી સાહિત્યકાર 'ભારતેન્દુ' હરિશ્ચન્દ્રનો જન્મ, ૧૮૫૦.
તા. ૧૦ જગવિખ્યાત 'તાજમહાલ'નું ચણતર પૂર્ણ થયું, ૧૬૪૫.
તા. ૧૨ શિકાગોની સર્વધર્મપરિષદમાં સ્વામી વિવેકાનંદનું યાદગાર ભાષણ, ૧૮૯૩.
તા. ૧૩ ન્યાયના પક્ષકાર દેશભક્ત જતીન્દ્રનાથ દાસનું ઉપવાસથી અવસાન, ૧૯૩૧.
તા. ૧૪ કલકત્તા-મુંબાઇ વચ્ચે પહેલો ટેલીફોન વ્યવહાર ખુલ્લો મુકાયો, ૧૯૩૪.
તા. ૧૫ ભારતનાં છાપખાનાંઓને અંગ્રેજ સરકારે સ્વતંત્ર હક આપ્યા, ૧૮૩૫.
તા. ૧૭ અમેરિકાના પ્રખ્યાત રાજ્ય બંધારણની જાહેરાત, ૧૭૮૭.
તા. ૧૮ કોમી દાવાનળ સામે મહાત્માજીના પ્રથમ ઐતિહાસિક ૨૧ ઉપવાસ, ૧૯૨૪.
તા. ૨૦ ગુજરાતના લોકપ્રિય નવલકથાકાર રમણલાલ વ. દેસાઈનું અવસાન, ૧૯૫૪.
તા. ૨૩ બાળલગ્નવિરોધક 'શારદાબિલ' વડી ધારાસભામાં પસાર થયું, ૧૯૨૯
તા. ૨૫ વાસ્કો નુ મેઝ બાલ્બોઆએ પાસિફિક મહાસાગર શોધી કાઢ્યો, ૧૫૧૩.
તા. ૩૦ બિયાસ, સતલજ ને રાવીનાં પૂર ૧ લાખ ચોરસમાઈલ પર ફરી વળ્યાં, ૧૯૪૭માં.

વિશ્વશાન્તિના એ પરમ ઉપાસકે યુદ્ધનો સદોદિત વિરોધ પોકારેલો, જેને લીધે એમને સ્વિટ્ઝરલાંડમાં દેશવટે રહેવું પડતું.૧૯૪૪ની ૧લી જાન્યુઆરીએ તેમનું અવસાન નીપજ્યું.

પ્રસંગવિશેષ : છેલ્લા મુઘલ બાદશાહ બહાદુરશાહનું રાજ્યારોહણ

ડેલહાઉસીના સમયમાં કંપની તથા ઇંગ્લંડના નીતિજ્ઞોની સામ્રાજ્યપિપાસા છેલ્લી હદે પહોંચેલી. દિલ્હી સમ્રાટ શાહઆલમને જનરલ લેકે પોતાના હસ્તાક્ષરવાળું એક કબૂલતનામું લખી આપેલું જેમાં કંપનીએ ખાતરી આપી હતી કે અમે દેશપર આપનું પ્રાચીન આધિપત્ય ફરી સ્થાપીશું. પરંતુ અભાગી, નિર્બળ અને અદૂરદર્શી શાહઆલમ અંગ્રેજોની વાતોથી ફોસલાઇને ફસાઈ ગયો. અહીંથી જ ગજરમાન મુઘલ સુલતાનની ઘોર ખોદાવી શરૂ થઈ. તેની પછીના સમ્રાટ અકબરશાહના અમલ દરમ્યાન અંગ્રેજોનું સલૂકે ને ઠાવકું વિનયપૂર્વકનું વર્તન તદ્દન વિપરીત બની ગયું. સમ્રાટને મદદ આપવી તો બાજુએ રહી પણ તેની આમન્યાઓ પાળવી પણ અંગ્રેજોએ બંધ કરી. અકબરશાહે આ સામે કબૂલતનામાની સરતો રજૂ કરીને ઇંગ્લંડ અરજી કરી, જેને કશી દાદ પણ ન દેવાઈ, સામ્રાજ્ય માટે અપમાનકારી, તંગ અને કટોકટીની પળે, અકબરશાહ પછી ઈ. ૧૮૩૨ની ૨૮મી સપ્ટેમ્બરે બહાદુરશાહ તખ્તનશીન થયો ત્યાર પછી તો એ સમ્રાટનું વારંવાર અપમાન જ અંગ્રેજો કરતા રહ્યા. બાદશાહને તહેવાર-તિથિને દિવસે અપાતું નજરાણું લૉર્ડ એલનબરોએ બંધ કર્યું. અંગ્રેજો હવે 'ભારતના બાદશાહ'ની પદવી જ છડાવી દેવા માગતા હતા. બહાદુરશાહના પુત્ર યુવરાજ દારાબખ્તનું અવસાન થતાં, શાહજાદા જવાંબખ્તને યુવરાજ બનાવવાની બાદશાહની ઇચ્છાને ઉલ્લંઘીને અંગ્રેજોએ બહાદુરશાહના બીજા એક પુત્ર મિરઝાફક્રૂ પાસે 'પોતે તખ્ત પર આવતાં જ લાલ કિલ્લો છોડી અંગ્રેજો કહેશે ત્યાં જઈ રહેશે' એવું પ્રતિજ્ઞાપત્ર લખાવી લઇ તેને યુવરાજ જાહેર કર્યો. તેનું મરણ થતાં ત્રીજા શાહજાદા મિરઝા કોયાશને ફોડી તેની પાસે 'તને બાદશાહ નહિ, પણ શાહજાદો કહેવામાં આવશે અને તારે તખ્ત પર આવતાં જ લાલ કિલ્લો છોડવો પડશે' એવી શરતો કબૂલ કરાવરાવી તેને યુવરાજ જાહેર કર્યો. બહાદુરશાહથી હવે ન રહેવાતાં તેણે પ્રજાનો પક્ષ સાધી આ સામે ઈ. ૧૮૫૬માં બળવો પોકાર્યો; જેમાં અંગ્રેજોને નમવું પડ્યું; પણ પછીથી અંગ્રેજોના ગુપ્તચર ઈલાહબક્ષ અને કૅપ્ટન હડસને મળી કપટપૂર્વકની યોજના તળે એકાએક બહાદુરશાહને જબ્બે કર્યો અને કારાવાસમાં મોકલી દીધો. બાદ મિરઝા મુઘલ અને મિરઝા અખતર સુલતાન નામના તેના બે પુત્ર અને મિરઝા અબુબકર નામના પૌત્રને ગોળી વડે ઠાર મારવામાં આવ્યા.

શ્વાન, સર્પ, મૂષક, ઊધઈ, માંકડ, મચ્છર માત્ર
કારણ વિણ કરડયા કરે, દુર્જન, પિશુન, કુપાત્ર.

—તનસુખ ભટ્ટ

બાવળા ગામના એક ખેડૂતનું ગુમ થએલું સોસોની નોટો ભરેલું પાકીટ રાણા કોમના સામાન્ય સ્થિતિના કોઈ ઈસમને હાથ લાગતાં તેણે માલિકની ખોજ આદરી. આખરે માલિકનો ભેટો થતાં તેણે પાકીટ તેને આપી દીધું. માલિકે તેની કદર રૂપે થોડા રૂપિયા આપવા માંડયા, ત્યારે બેઉ હાથ જોડી પેલા માણસે તો આટલું જ કહ્યું: 'પરસેવો ફેતાર્યાં વિના એક પાઈ પણ મારે હરામ છે.'

અનેકાર્થી શબ્દ: પાડ=ઉપકાર, મહેરબાની; ધોતિયું, સાડી વગેરેની કિનાર; પ્રકાર, રીત;બંધ,પુસ્તો;કિંમત;ભેડો:સમતા,સરખાપણું; સોનીની કામ કરવાની જગ્યા; કૂવાના મુખ ઉપરની જાળી; ફાંસીનો માંચડો; એક વનસ્પતિ–પહાડમૂળ.

કહેવતોના અર્થ: 'બિલાડીને કહે શીકું ન તૂટે'—નબળો કે સ્વાર્થી માણસ પોતાની શક્તિ બહારના કૃત્યની ડંફાસ મારે, ગુસ્સો કરે કે મિથ્યા ચેષ્ટા કરે તેના ઉપાલંભ માટે વપરાતી આ કહેવતનું ઉદાહરણ કહે છે તેમ ઊંચે બાંધેલું શીકું કાંઈ નીચે બેસીને જીભ લબલબાવ્યા કરતી બિલાડીની ઇચ્છા કે ચેષ્ટાથી તૂટતું નથી. એને મળતી બીજી કહેવતો: 'કાગને કહે ઢોબાં ન મરે'; 'કણિયાને નિસાસે વરસાદ ન અટકે'; 'રાંડીરાંડના શાપ ન લાગે'; 'સતી શાપ દે નહિ, ને રાંખણીના લાગે નહિ' વગેરે.

ફાસ્ટ બૅાલરે ફેંકેલા ક્રિકેટના દડાનો વેગ કલાકના આશરે ૯૦ માઈલનો હોય છે, જ્યારે હરણનો વેગ કલાકે ૬૦ માઈલનો.

અમેરિકામાં ગુલામીની પ્રથા ઈ. ૧૬૨૦માં જેમ્સટાઉન મુકામે શરૂ કરવામાં આવેલી અને ૧૮૬૦સુધીના અઢી સૈકામાં તો ત્યાં ગુલામોની સંખ્યા ૪૦લાખ પર પહોંચેલી. અમેરિકામાંથી એ પ્રથા નાબૂદ કરવા લડાએલા યુદ્ધનું કુલ ખર્ચ ૫,૫૫,૦૦,૦૦૦ પૅાંડ થએલું એટલે કે દર ગુલામની મુક્તિદીઠ ૧૪૦ પૅાંડ!

સાવરણીની મૂઠ પરના બંધ ઢીલા પડી જઈ તેમાંથી સળીઓ નીકળી જાય છે તે અટકાવવા, સાઈકલની ટયૂબનો જરૂરી લંબાઈનો ટુકડો, ક્રિકેટબૅટની ગ્રિપ પેઠે ત્યાં ચડાવી દેવાથી સાવરણીનો આવરદા વધશે. (નવીનમ્)

સાત દિવસ સુધી લાગલાગટ પતાસામાં ૦ તોલો ઊમરાનું દૂધ લેવાથી પ્રમેહ મટે છે.

ગણિતગમ્મત

માત્ર આઠડા સિવાયના બધા ક્રમિક અંકની રકમ ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૯ને ૯ વડે ગુણવાથી ૧૧૧૧૧૧૧૧૧ એ જ રકમ આવશે. આ સૂત્રને ખયાલમાં રાખીને તમે મિત્રમંડળમાં એક ગમ્મત કરી શકો. પાટિયા ઉપર ઉપલી રકમ લખીને કોઈ પણ મિત્રને ૧ ને ૯ વચ્ચેનો તેનો માનીતો આંકડો કયો તે પૂછવું. પછી એ મિત્ર જે આંકડો કહે તેને ૯ વડે મનમાં ગુણવાથી આવતી રકમ વડે ઉપલી રકમને ગુણવાથી પેલા મિત્રનો કહેલો જ આંકડો સળંગ ગુણાકારમાં આવશે. દા. ત. પેલા મિત્રે ૪નો એક કહ્યો, તો તમારે (૪×૯=)૩૬ વડે ઉપલી રકમને ગુણી બતાવવી. જવાબમાં બધા ચોગડા જ આવશે!

```
  ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૯
              × ૩ ૬
-------------------
  ૭ ૪ ૦ ૭ ૪ ૦ ૭ ૪
૩ ૭ ૦ ૩ ૭ ૦ ૩ ૭
-------------------
૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪ ૪
```

ઇટાલીનું વેનિસ, હૅાલૅાંડનું આમ્સ્ટરડામ અને બેલ્જિયમનું ઘેન્ટ, આ ત્રણે શહેરો ટાપુઓ પર બંધાયાં છે. વેનિસ ૧૧૮ નાના ટાપુઓનું બનેલું છે અને તે ટાપુઓ ૩૭૮ પુલોથી જોડાએલા છે; આમ્સ્ટરડામને ૧૦૦ ટાપુ છે અને તે ૩૦૦ પુલોથી જોડાએલા છે; ઘેન્ટ માત્ર ૨૬ ટાપુઓ પર વસ્યું છે અને તે ૨૭૦ પુલોથી જોડાએલા છે. (મ. વી.)

ચલણી નોટ પર પડેલા તેલના ડાઘ નવસાર અને ચૂનાને ગરમ કરવાથી નીકળતા વાયુ વડે સાફ કરવાથી દૂર થશે. (કશ્યપ ઠક્કર)

ભારતમાં કેરોસીનની સૌપ્રથમ આયાત ઇ. ૧૮૯૩માં ન્યૂ યૅાર્કથી થઈ.

એલ્બા ટાપુમાં કેદ રહેલા નેપોલિયનને પોતાના ભૂતકાળની યાદ સતત સતાવ્યા કરતી. આ પીયાદગીરીની એકાદી પળે એણે લખ્યું કે Able was I ere I saw elba. (એલ્બા આવ્યા પહેલાં હું શક્તિશાળી હતો.) આ વાકયને ઊંધેથી વાંચતાં પણ તે એનું એ જ વંચાય છે.

સુશ્કેલી જેટલી હઠીલી હોય છે તે કરતાં પણ આપણે વધુ હઠીલા થવાનું છે—એ સિવાય બીજો કોઇ રસ્તો નથી.
શ્રી અરવિંદ


લીંબુ નિચોવેલા ઠંડા પાણીમાં વાસી શાક કલાકેક પલાળી રાખવાથી તાજપ આવશે.

સોયમાં દોરો ઝટ પરોવાતો ન હોય તો સોયને કયાંક ઊભી ખોસીને પરોવી જોજો.

વાળ ખરી પડતા હોય તો તે પર ગોરાડુ માટીનું પ્રવાહી લીંબુના રસમાં મેળવી વાળના ભાગ પર ચોપડવું. ત્વરિત ગુણ કરી, ચળ મટાડી, વાળ ખરતા અટકાવે છે.



કલાકણિકા: ઇસ્લામી કલાપ્રણાલી પર બારીકીની ચરમ કક્ષાએ પહોંચેલાં વેલબુટ્ટીનાં સુશોભનો સોનારૂપાનાં રસણો દ્વારા ઉતારેલી, આલા દરજ્જાની દખ્ખણ હૈદરાબાદની સુરાહી.



દુખી માતા : ચિત્રકાર શ્રી પણિક્કર



નાગરાજ અર્બુદ (વસિષ્ઠાશ્રમ · આબુ)　　　ફોટો : ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ

જેનું વિગતવાર વિવરણ આ અંકમાં આપ્યું છે તે નાગરાજની આ સુંદર પ્રાચીન મૂર્તિ ગુજરાતમાં એક કાળે પ્રચલિત નાગપૂજાનો પુરાવો છે. ત્રણ ફેણવાળા નાગથી અલંકૃત મસ્તકવાળા આ નાગરાજ લલિતાસને બેઠેલા છે. પગ નીચે એક નાગ અને નાગિણીના સર્પરૂપ અધોભાગની બનેલી ગાંઠ નાગપાશની બેઠક હોય એમ બતાવી છે. એકાવલિ માળા, કેયૂર, કુંડળ, ઉપવીત, કડાં ને ઘૂંટણની ઉપર સુધીની ચંડાતક(ચડ્ડી) એમનાં વસ્ત્રાલંકાર છે.



'પર્ણ અને પંખી' ફોટો : કાસમ વૈદ (આ અંકની ફોટોગ્રાફી માટે પસંદગી પામેલું ચિત્ર)